સુધારેલી રીત મુજબ તૈયાર કરેલી

ખાસ ઉપયોગી વિષયની

ાંચમા ધોરણની નોટ.

ાંચમી ચોપડીના દરેક શબ્દોનું પદચ્છેદ અને તેના અર્થ, વિતાની સમજુતી કઠણ શબ્દોના પદચ્છેદ સહિત, દરેક વિતાનું અન્વય સાથે પદચ્છેદ, પદાર્થપાઠ, પૃથક્કરણ, ને રિકટેશનના અઘરા શબ્દો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મથુરભાઇ ત્રીકમભાઇ દેશાઇ.

પાણેથા—તાબે રાજપીપળા સ્ટેટ.

ાલ એજન્ટ-મોઇલાલ છગનલાલ દેશાઇ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

અમદાવાદ

જયન્તિ પ્રિન્ટિંગ પ્રેસમાં

પટેલ દેસાઇભાઇ હીરાચંદે છાપી.

સને ૧૯૦૮ સંવત ૧૯૬૪

કીંમત સાત આના.

ખાસ ઉપયોગી વિષયની

પાંચમા ધોરણની નોટ.

જેની અંદર દરેક શબ્દોના પદચ્છેદ સહિત અર્થ, કવિતાની સમજુતી, નવી શૈલી મુજબ ધોરણમાં ચાલતા પદાર્થ પાઠ, ડિક્ટેશનના અઘરા શબ્દો, કવિતાનું પદચ્છેદ તથા પૃથક્કરણના વિષયો દાખલ કરવામાં આવ્યા છે.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મથુરભાઇ ત્રીકમભાઇ દેશાઇ પાણેથા તાબે રાજ
પીપળાસ્ટેટ

સોલ એજંન્ટ ભાઇલાલ છગનલાલ દેશાઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૬૪ સને ૧૯૦૭

અમદાવાદ—શ્રી કેશરીયાજી પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું

કીંમત સાત આના.

પ્રસ્તાવના.

નવાં પ્રાથમિક ધોરણોમાં હાલ વ્યાકરણ અને પૃથક્કરણનો વિષય નવીન રીતે શીખવવામાં આવે છે, પરંતુ અદ્યાપિ સુધી ધોરણોની જે જે નોટો બહાર પડી છે તેમાં વ્યાકરણ અને પૃથક્કરણનો વિષય લગાર કઠીન હોવાથી કોઇ પણ કર્તાએ લીધો નથી, પણ અમે ઘણી મહેનતે છોકરાઓના જ્ઞાનમાં વૃદ્ધિ કરવા માટે અમારી આ નોટમાં તેનો નિવાસ કરેલો છે; તો આશા છે કે આ પુસ્તક શિષ્ય શિક્ષક ઉભય વર્ગને એક સહાયક દોસ્તરૂપ થઇ પડશે.

તથાસ્તુ. લિ.

પાદ્રેથા. તા. ૨૬-૧૨-૦૭ કર્તા.

સૂચના

અમોએ વ્યાકરણનાં જે સંક્ષિપ્ત ચિન્હો લીધેલાં છે તેનો વિસ્તાર નીચે મુજબ.

(સા. ના.)=સામાન્ય નામ. (વિ. ના.)=વિશેષ નામ. (ભા. ના.)=ભાવ વાચક નામ. (ગુ વિ.)=ગુણવાચક વિશેષણ. (સં. વિ.)=સંખ્યા વાચક વિશેષણ. (અ. ક્રિ.)=અકર્મક ક્રિયાપદ. (સ. ક્રિ.)=સકર્મક ક્રિયાપદ. (પુરૂ. સ.)=પુરૂષ દર્શક સર્વનામ (સં. સ.)=સંબંધી સર્વનામ. (અનિ. સ.)=અનિશ્ચત સર્વનામ. (સ્વ. સ.)=સ્વવાચક સર્વનામ. (પ્રશ્ના. સ.)=પ્રશ્નાર્થક સર્વનામ. (દર્શ. સ.)=દર્શક સર્વનામ. (વ. કૃ.)=વર્તમાન કૃદંત. (વ. ભૂ. કૃ.)=વિશેષણ ભૂત કૃદંત. (કૃ. અ.)=કૃદંત અવ્યય. (સા. કૃ.)=સામાન્ય કૃદંત.

શ્રી ૧૧

પાંચમી ચોપડીના ગર્થ.

—— ૧ ——

પાઠ ૧ લો.

કેવળ (રી. ક્રિ. અ.) માત્ર; ફક્ત.
દૃઢ (ગુ. વિ.) પાકું.
સ્નાયુ (સા. ના.) જે તન્તુ વડે હાડકાંને માંસના રેસા વળગેલા રહેછે તે; માંસના તંતુ.
કસરત (બા. ના.) શરીરને કસવું તે.
વર્તવાની (સા. કૃ. ના) ચાલવાની.
કુ.જામાં (બા. ના.) કબજામાં.
પહેલવાન (ગુ. વિ.) બળવાન.
કુસ્તી (બા. ના.) મલયુદ્ધ.
મલખમ (સા. ના.) કસરત કરવાને જમીનમાં દાટેલું ઉભું ગોળ લાકડું.
આટાપાટા (બા. ના) એક જાતની રમત છે.
ક્રિકેટ (બા. ના.) એક જાતની અંગ્રેજી રમત છે.
કસાઇ (સં. ભૂ કૃ. અ.) કેળવાઇને.
સુસ્તી (બા. ના.) આળસ.
કુટેવ (બા. ના.) (કુ+ટેવ) નઠારી ટેવ.
બ્રહ્મચર્ય (બા. ના.) બ્રાહ્મણ ધર્મના ચાર આશ્રમમાંનો પહેલો આશ્રમ; જનોઈ દેવાય ત્યારથી પરણતાં સુધીનો ભણવાનો વખત.
જોમ (બા. ના.) બળ; જોર.
અંકુશ (બા. ના.)

કબજ; કબજો.
ખડખડાટ (ભા. ના.) ;શીસમાં કાંઇ ધીમે ધીમે બોલવાં કરવું તે.
ખંતીલા (ગુ. વિ.) મહેનતુ.
છળકપટ (ભા. ના.) (છળ+કપટ) દગો-ફટકો.
આયકોખાશે=અટકશે.
ખચીત (નિ. ક્રિ. અ.) ખચીત; નક્કી.
મરદાઇ (ભા. ના.) મરદપણું; બહાદુરી.
બેવકુફ (ગુ. વિ.) (બે+વકુફ) સમજણ વગરનું; મૂર્ખ.
બલ્કે (રી. ક્રી. અ.) એટલું જ નહિ પણ વધારે; વિશેષ.

પાઠ ૨ જો.

સમયસૂચકતા (ભા. ના.) જે વખતે જે કરવું જોઇએ તે વખતે તરત તે કરવાનું સુઝી આવવું તે.
સંકટ (ભા. ના.) દુઃખ.
સાવધ (ગુ. વિ.) હોશિયાર; સાવચેત; જાગૃત.
અકસ્માત (રી. ક્રિ અ.) એકાએક; અણચીંત્યું.
ઘુમટ (સા. ના.) અંડાકાર શિખર.
પાલખ (સા. ના.) કડીઆ, મજુર, સુતાર ઉંચી જગોએ કામ કરીશકે તેને સારૂ ઉભી આડી સાટીઓ બાંધી જે ઘાટ કરેલો હોય છે તે.
ગરક (ગુ. વિ.) લીન થયલું; ગરકાવ થયલું.
ફરસબંધી (સા. ના.) જે જમીનમાં પત્થર જડેલા તે જમીન.
રદ (ગુ. વિ.) નકામું.
સ્વસ્થ (ગુ. વિ.) ગભરાયાવગરનું; શાંત.
હળવેહળવે (રી. ક્રિ. અ.) ધીમેધીમે; આસ્તે આસ્તે.
જાતિસ્વભાવ (ભા. ના.) (જાતિ+સ્વભાવ) મૂળનોસ્વભાવ.
વાટ (ભા. ના.) રાહ.
દાનવો (સા. ના.) રાક્ષસો.
યુદ્ધ (ભા. ના.) લડાઇ.
વરદાન (ભા. ના.) કોઇ દેવ દેવી ખુશી થઇને જે વચન આપેછે તે.

પાઠ ૩ જો.

નિરંતર (વખ. ક્રિ. અ.) હંમેશાં.
અસ્વચ્છ (ગુ. વિ.) [અ+સ્વચ્છ] ચોકખી નહિં તે; ખરાબ.
હાનિકારક (ગુ. વિ.) [હાનિ+કારક] નુકસાન કરનાર.
અસર (ભા. ના.) લાગણી; પાસ.
પ્રયોગ (ભા. ના.) અમુક સાધન વડે કાંઈ કરી બનાવવુ તે
વાતાવરણ (પદા. ના.) [વાત+આવરણ] વાનું ઢાંકણ; પૃથ્વીની આજુબાજુ વીંટળાએલો વાયુ.
પ્રાણવાયુ (પદા. ના.)

[પ્રાણ+વાયુ) પ્રાણને આધાર આપનાર વાયું; ઓક્સિજન.
સાફ (ગુ. વિ.) ચોકખું.
કુદરતે (વિ. ના.) ઈશ્વરે.
પરમકૃપાળુ (ગુ. વિ.) [પરમ+કૃપાળુ] ઘણી મહેરબાનીવાળો.
સોઈ (ભા. ના.) સવડ.
ક્રમકમાટ (ભા. ના.) કંટાળો.
બેભાન (ગુ. વિ.) (બે+ભાન) ભાનવગરનો; જેને કોઈપણ જાતની ખબર નથી તેવો.
મુઝાઈએછીએ (અ. ક્રિ.) અકળાઈએછીએ.
ઠરાતુંનથી (અ. ક્રિ.) થોભાતું નથી.
ભેઠકઊઠકના (ભા. ના.) બેસવા ઊઠવાના.
પૂરતાં (ગુ. વિ) જોઈતાં.
ફિરાક (સા. ના.) બીક.
ઘુમાતો (વ. કૃ.) ઘુમા-

ડો નીકળતો.
બદબો (ભા. ના.) (બદ+બો) ખરાબ વાસ.
સંભવ (ભા. ના.) આશા; ભરોંસો.

પાઠ ૪ થો.

જવાંમર્દ (ગુ. વિ.) બહાદુર; જુવાનમરદ.
પરોપકારી (ગુ. વિ.) (પર+ઉપકારી) પારકાનું ભલું કરનાર.
જવલ્લેજ (ક્રી. ક્રિ. અ.) કોઈકજ વખત; કદાચ.
આયર્લાંડ (વિ. ના.) [આયર+લાંડ] આયર લોકની જમીન; એ ગ્રેટબ્રિટનની પશ્ચિમમાં છે.
સુકાની (સા. ના.) સુકાન ચલાવનાર.
પ્રાર્થના (ભા. ના.) સ્તુતિ; બંદગી.
ફરજ (ભા. ના.) ધર્મ.
તુતક (સા. ના.) વ-

હાણના ઉપલા ભાગમાં જે બેઠક હોય છે તે.
ધન્ય (કેવ. અ.) શાબાશ.
ઓથું (સા. ના.) વચમાં જે આડું અથવા ઉભું પડેલું-રહેલું હોય તે.
દુવા (ભા. ના.) આશીશ.
ઉતારૂ (સા. ના.) ગાડીકે વહાણમાં એરી એક ઠેકાણેથી બીજે ઠેકાણે ઉતરનાર.

ખડક (સા. ના.) પત્થરનો મોટો ટુકડો સમુદ્રના પાણીમાં હોય છે તે.
આંચ (ભા. ના.) હરકત; ઈજા.
દરકાર (ભા. ના.) ગરજ; પરવા.
ઈજા (ભા. ના.) દુઃખ; હરકત.

નોંધ (સા. ના.)

લખાણ; ટટેપણું.
શૂરવીરપણું (ભા. ના.) મરદાઇ; બહાદુરી.
શ્રદ્ધા (ભા. ના.) આસ્થા.

પાઠ ૫ મો.

ગુરૂભક્તિ (ભા. ના.) [ગુરૂ+ભક્તિ] ગુરૂની પ્રેમ પૂર્વક સેવા કરવી અને તેમના ઉપર ઘણું હેત રાખવું તે.
શિષ્ય (સા. ના.) વિદ્યાર્થી.
ભેદ (ભા. ના.) તફાવત; ફરક.
ભાગવત (સા. ના.) હિંદુ લોકોના ધર્મનું પુસ્તક, એમાં શ્રી કૃષ્ણનું ચરિત્ર આપેલું છે.
ગુરૂપત્ની (સા. ના.) [ગુરૂ+પત્ની] ગુરૂની સ્ત્રી.
સુરત (ભા. ના.) હોડ.
કાટકા (ભા. ના.) વીજળીથી આકાશમાં જે ગર્જના થાય છે તે.
મુસળધારે (ગુ. વિ.) [મુસળ+ધાર) સાંબેલાના જેવી જાડી ધારમાં.
ગળગળા (ગુ. વિ.) વધારે પ્રેમ અથવા દુઃખથી રડવા જેવા થયેલા.
સરસા (શ. અ.) સાથે.
એકનિષ્ઠાથી (ભા. ના.) ખરા મનથી.
અમૂલ્ય (ગુ. વિ.) (અ+મૂલ્ય) ઘણુ જ કીંમતી.
આચાર્ય (સા. ના.) મંત્રનો ઉપદેશ કરનાર; ધર્મગુરૂ.

પાઠ ૬ ઠો.

વરઘોડો (સા. ના.) (વર+ઘોડો) વર રાજાને બેસવાનો ઘોડો.
સાધારણ (ગુ. વિ.) ઘણીવાર જોવામાં આવતું હોયતેવું.
સ્વચ્છંદી (ગુ. વિ.) કોઇનું કહ્યું ન માનતાં પોતાની ઇચ્છામાં આવે તેમ કરનાર.
સંયમ (ભા. ના.) મનને કબજે રાખવું તે
ઢબ (ભા. ના.) રીત ભાત.
તોડાય (અ. ક્રિ.) પળાય નહિ.
પ્રસંગ (ભા. ના.) વખત.
સ્મરણ (ભા. ના.) યાદ કરવું તે.
નાસ્તો (ભા. ના.) સવારમાં જે થોડું ખાવું તે.
ઓછું આવશે=ખોટું લાગશે.
ઉંઘણશી (ગુ. વિ.) ઘણું ઉંઘનાર.
ચીઢવવાનું (સા. કૃ.) ખીજવવાનું.
કવખતે(વખ. ક્રિ. અ.) (ક+વખતે) અયોગ્ય વખતે.
ડગીજંપારી (અ. ક્રિ.)

ફરી જવાશે.

પાઠ ૭ મો.

નરપતિ (સા. ના.) (નર+પતિ) રાજા.
દ્વારામતિ (વિ. ના.) દ્વારકા.
કનકકોટ (સા. ના.) (કનક+કોટ)સોનાનો કોટ.
મણિમય (ગુ. વિ.) મણિવાળા.
રત્ન (સા. ના.)હીરા માણેક વગેરે.
કાંગરે (સા. ના.) કોઇ પણ વસ્તુની કોરણ ઉપર થોડે થોડે અન્તરે જે કાપા પાડેલા હોય તેમાંનો એકેક.
દુર્ગ (સા. ના.) કિલ્લો.
દુંદભીઢોલ (સા. ના.) (દુંદભી+ઢોલ) નોબત અને ઢોલ.
સંગમ (ભા. ના.) (સં+ગમ) ભેગા મળવું તે.
વર્ણ (સા. ના.) જાત.
ભગવાન (સા. ના.) (ભગ+વાન) નસીબવાળો, ધર્મિષ્ટ પુરૂષે ને ભગવાન કહેવાનો ચાલ છે.
પળે (અ. કિ.) દોડે.
જાદવસ્ત્રી (સા. ના.) (જાદવ+સ્ત્રી) જાદવની બૈરીઓ,
વ્રતતપ (ભા. ના.) નિયમ અને તપશ્ચર્યા.
અપાર (ગુ. વિ.) (અ+પાર) છેડા વગરનું; ઘણુંજ.
ભરથાર (સા. ના.) ધણી; પતિ.
હાઉ (સા. ના.)જેને જોવાથી ભય ઉપજે તેવો માણસ; અથવા કીડી, મકોડી વગેરે જીવડાં.
વિકરાળ (ગુ. વિ.) ભયંકર.
ચેષ્ટા(ભા. ના.) મશ્કરી.
ભાખે (સ. કિ.) બોલે.
માલવજાડે=ગાલમાં લપડાક મારી મજાક કરવી તે.
વૃદ્ધ (ગુ. વિ.) ઘરડા.
ઋષી (સા. ના.)ઋષિ
સાધુ (સા. ના.) ભક્ત; જ્ઞાની,
દૃષ્ટિ (ભા. ના.) નજર.
સમાચાર (ભા. ના.) ખબર,
કૃપાનાથ (સા. ના.) (કૃપા+નાથ) મહેરબાનીવાળા; દયાળુ.
મયા (ભા. ના.) કૃપા; માયા.
પ્રતિઉત્તર (ભા. ના.) (પ્રતિ+ઉત્તર) સામો જવાબ.
કૃષ્ણદર્શન (ભા. ના.) (કૃષ્ણ+દર્શન) કૃષ્ણ ભગવાનનાં દર્શન.
રાજદ્વાર (સા. ના.) (રાજ+દ્વાર) રાજાના મહેલનું બારણું.
હાટ (સા. ના.) દુકાનો.
ચૌટાં (સા. ના.)બજાર.
છજાં (સા. ના.) ઘરની બારીઓની આગળ દિવેશથી બહાર પડતાં જે પાટીઆં જડેલાં હોય છે તે.
ઝરૂખે (સા. ના.)હવેલીના ઉંચા ભાગ.

ની બારી. બારી આગળનો ગોખ; અટારી.
ગોખ (સા. ના.) હવેલી કે ઘરના બારણાની રવેશ ઉપરની બહાર નીકળતી કઠેરાવાળી જગો; ગોખલો.
અગાશી (સા. ના.) હવેલીની ઉપર જે મેડી હોય છે તે; ઝરૂખો; ગોખ.
મેડી (સા. ના.) મેડો; માળ.
જડિત્ર (ગુ. વિ.) જડેલા.
ઝાકઝમાળ (ગુ. વિ.) સાફ ચકચકતું, પ્રકાશવાળું; ચળકતું.
મિનાકારી (ગુ. વિ.) મિનાથી શોભીતું કરેલું; મિનાની કારીગરીવાળું.
અમરાપુરી (વિ. ના.) દેવલોકોની નગરી; ઇંદ્રપુરી.
ઓવારી (સં. ભૂ. કૃ.) માથા ઉપરથી ઉતારી.
સ્ફટિકમણિ (સા. ના.) એક જાતનું રત્ન.
થંભ (સા. ના.) થાંભલા.
નાટારંભ (ભા. ના.) [નાટ+આરંભ] નાટકની શરૂઆત.
રમકઝમક (ભા. ના.) રૂમઝુમ અવાજ થવો તે.
મદગળતા (ગુ. વિ.) મસ્તીના જોરમાં આવેલા.
માતંગ (સા. ના.) હાથી.
મદ (પદા. ના.) હાથીના માથામાંથી જે પરસેવો છુટે છે તે.
ગજશાળા (સા. ના.) [ગજ+શાળા] હાથીઓને રહેવાની જગા; હાથીખાનું.
નવલો (ગુ. વિ.) નવીન.
રંગ (સા, ના.) શોભા.
અનંત (ગુ. વિ.) (અન્+અંત) છેડા વગરનું; ઘણુંજ.
યોદ્ધા (સા. ના.) યુદ્ધ કરનાર માણસો.
પ્રતિહાર (સા. ના.) દરવાન. ભાગીઓ; દેવડી ઉપરના સિપાઈ.
શામળીઓ (વિ. ના.) કાળા રંગના શ્રી કૃષ્ણ ભગવાન.
સંકલ્પવિકલ્પ (ભા. ના.) [સંકલ્પ+વિકલ્પ] તર્ક; વિચાર.
ગહન (ગુ. વિ.) જાણી ન શકાય એવી.
કરમ (ભા. ના.) નસીબ.
પૃથ્વીપતિ (સા. ના.) (પૃથ્વીપતિ) પૃથ્વીનો ધણી; ગોરો રાજા.
રજ (ગુ. વિ.) જરા; થોડું.
માંકડાં (સા. ના.) રાતા મોંનાં વાંદરાં.
સિંહાસન (સા. ના.) (સિંહ+આસન) સિંહના આકારનું રાજાને બેસવાનું આસન.

ઋષિ (શુકદેવ) કહે છે કે હે રાજા (પરિક્ષિત) તું સાંભળ, સુદામાએ દ્વારકા જોઈ; તેનો (દ્વારકાનો) સોનાનો કોટ પ્રકાશી રહયો હતો, અને તેના કાંગરા ઉપર જેની અંદર મણી જડેલાં છે એવાં રત્ન બેસાડયાં હતાં (મતલબ કે ઘણી ઉંચી જાતનાં રત્ન જડેલાં હતાં). (૧) કિલ્લા ઉપર ઘણી નિશાનો ઉડતી હતી, અને ત્યાં નોબત અને ઢોલ વાગી રહ્યાં હતાં; ત્યાં ગોમતીજી સમુદ્રને મળે છે, અને ચારે વર્ણના લોકો તેમાં (ગોમતીજીમાં) આવીને નહાય છે. (૨) તેમાં સુદામા ઋષિ નાહ્યા, અને પછી તે ભગવાન (સુદામાઋષિ) નગરમાં પેઠા; તેમનું રૂપ જોઇને બધા લોકો જોવા સારૂ એકઠા થયા હતા. અને નાના છોકરાઓ તેમને ખીજવતા ને પાછળ દોડતા હતા. (૩) જાદવોની સ્ત્રીઓ એક બીજીને તાળી આપીને હસતી હતી, અને બોલતી કે જ્યાં આવો પુરૂષ રહે છે તે નગરને પણ ધન્ય છે; જે સ્ત્રીએ ઘણાંજ વ્રત અને તપ કર્યા હશે, તે સ્ત્રી આ ધણી પામી હશે. (૪ કેટલાક કહે છે કે ભયંકર હાઉ (બીક લાગે એવો માણસ) આવ્યો, બાળકને એ દેખાડો કે જેથી તે રડતાં રહી જશે; આ પ્રમાણે પાછળથી મશ્કરી થતી હતી, તે સાંભળીને સુદામા હસતા હસતા જતા હતા. (૫ તેમની પાછળ બાળકો કાંકરા નાંખે, પણ ઋષિ તો (સુદામા તો) મોઢેથી હરિ હરિ બોલતા હતા; નાના છોકરાઓ તેમની પાછળ ફરીવળી તાળીઓ પાડતા હતા, અને પોતાના ગાલ વગાડી મશ્કરી કરતા હતા. (૬) એવામાં કોઇ ઘરડા જાદવે ઋષિને જોયા, અને તેણે એ સંત પુરૂષની નજર ઓળખી (મતલબ કે સુદામાને જોવાથી આ કોઇ સંત પુરૂષ છે એ પ્રમાણે તેણે જાણ્યું); તેથી તેણે બધા છોકરાઓને કાઢી મૂકયા, અને તેમને (સુદામાને) ઉભા રાખીને ખબર પૂછી. (૭) હે કૃપાનાથ, તમે કયાંથી આવ્યા છો, અને આ નગર ઉપર તમે કેમ મહેરબાની કરી;

પછી ઋષિએ સામો ઉત્તર આપ્યો કે, મને શ્રી કૃષ્ણ ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છા છે. (૮) તે જાદવે રાજ મહેલનું બારણું દેખાડી ઉપકાર કર્યો; પછી ઋષિજી શ્રીકૃષ્ણના મહેલ આગળ આવ્યા, અને માણસોની ભીડને લીધે ન ચલાવાથી રસ્તે ઉભા રહ્યા. (૯) નગરની દુકાનો, બજાર, ચોક, ઘરનાં છજાં, ઝરૂખા, બારી, અને ગોખ; તથા અટારી, જાળી, મેડા, મેડીઓ અને તેમને જડેલા ચકચકાટ મારતા કઠેરાઓ શોભી રહ્યા હતા. (૧૦) ત્યાં ઇંદ્રપુરીને પણ ભુલાવે એવું મિનાકારી કામ પ્રકાશી રહ્યું હતું, સભામાં સ્ફટિક મણિના થાંભલાઓ હતા, અને ત્યાં ખેલ થઇ રહ્યો હતો (૧૧) પગે બાંધેલી ઘુઘરી રૂમઝુમ થતી હતી, તે સુદામાજી જોતા જોતા જતા હતા, વળી સોનાના અછોડાથી બાંધેલા ઘોડાઓ આમ તેમ ફરતા હતા. (૧૨) તોફાન કરવાના જોરમાં આવેલા હાથીઓ ડોલતા હતા, આ પ્રમાણે ત્યાં હાથીખાનાની નવીન શોભા હતી; ત્યાં ઘણા યોદ્ધાઓ દ્વારપાળ થઇને ઉભા હતા, અને તેઓ શ્રી કૃષ્ણનું બારણું સાચવતા હતા. (૧૩) ત્યાં સુદામાજી આમતેમ ફરતા હતા, અને મનમાં વિચાર કરતા હતા; કે અમે બંને એક ગુરૂના શિષ્યો છીએ, પણ નસીબનું બળ જાણી ન શકાય એવું છે, (૧૪) એ (શ્રીકૃષ્ણ) મોટો રાજા થઇ બેઠો છે, અને મારા ઘરમાં તો જરા પણ ખાવાનું નથી, વળી જે ગોકુળમાં માંકડાંને રમાડતો હતો, અને ગુરૂને ઘેર લાકડાં લાવતો હતો; તે આજ રાજગાદીપર બેઠેલો છે, અને મારી પાસે તો તુંબડી (પાણી પીવાનું પાત્ર) ને લાકડીજ છે. (૧૫)

પાઠ ૮ મો.

મંધ્યમસર (રી. ક્રિ. અ.) માફકસર.

પરમાત્મા (ત્રિ. ના) [પરમ+આત્મા] મોટો આત્મા; પરમેશ્વર.

ધ્યાન (ભા. ના.) ઉંડો વિચાર; સ્મરણ.

અપચો (ભા. ના.) પચેનહિં તે.

શોષાયછે (અ. ક્રિ) સુકાયછે.
નિર્બળ (ગુ. વિ.) [નિર્+બળ] જોર વગરનું; કમતાકાત.
જુતિ (ભા. ના.) જાગૃતિ.
ઉપવાસ (ભા. ના.) ભૂખ્યા રહેવું તે; અપવાસ.
કસાયછે (અ. ક્રિ.) કેળવાય છે.
ઉપરાંત (શ. અ.) વધારે; જાસ્તી.
મિષ્ટાન્ન (પદા. ના.) ખાંડ સાકરવાળા પદાર્થ.
પરવશ (ભા. ના.) પારકાનેતાબે
માપ (ભા. ના.) પ્રમાણ.
સમષાન (રી. ક્રિ. અ.) મધ્યમસર.
વાળુ (ભા. ના.) રાત્રે જમવું તે.
ગપાટા (ભા. ના.) ગપ્પાં; નકામીવાતો
સૂર્યોદય (ભા. ના.) [સૂર્ય+ઉદય] સૂર્યનું ઉગવું દેખાવું તે.
બંધારણ (સા. ના.) બાંધો.
પ્રાતઃકાળ (ભા. ના.) [પ્રાતઃ+કાળ] સવારનોવખત.
શ્રમ (ભા. ના.) મહેનત.
શક્તિ (ભા. ના.) બળ; તાકત.

પાઠ ૯ મો.

કોમ (સા. ના.) જાત
આર્યલોક (સા. ના.) સૌથી પહેલા હિંદુસ્તાનમાં આવીને વસનાર બ્રાહ્મણ ક્ષત્રી ને વૈશ્ય.
દ્રાવિડલોક (સા. ના) હિંદુસ્તાનના દક્ષિણ; ભાગમાંવસનારાલોકો.
શકલોક (સા ના.) એ નામના જંગલીઅને લડવૈયાલોક જેને આપણે સિથિયન કહીયે છીએ તે.
વેદ (સા. ના.) હિંદુઓનું મૂળ ધર્મ પુસ્તક.
રામાયણ (સા. ના.) રામચંદ્રજીના ચરિત્રનું પુસ્તક.
મહાભારત (સા. ના.) કૌરવ પાંડવના યુદ્ધનું કાવ્ય
પુરાણ (સા. ના) ઇશ્વરચરિત્ર, ઇશ્વરની લીલાનો અને રાજાઓના ઇતિહાસનો ગ્રંથ.
ધર્મશાસ્ત્ર (સા. ના) (ધર્મ+શાસ્ત્ર) જેમાં હિંદુઓના વર્ણાશ્રમનો ધર્મ કહેલો હોય તે પુસ્તક
અનેક (ગુ. વિ.).(અન+એક) ઘણાજ
ઉપાસના ભા. ના.) ભક્તિ.
ઇષ્ટદેવ (સા. ના.)પોતે પસંદ કરેલો દેવ,
વૈષ્ણવો (સા ના.) વિષ્ણુના ભક્તો.
સંન્યાસી (સા. ના.) આશા તૃષ્ણા વગરનો સાધુ થઇગયેલો બ્રાહ્મણ.

કબીરપંથી (સા. ના.) કબીરે ચલાવેલો ધર્મ માનનાર.
સ્થિતિ (ભા. ના.) હાલત.
નારાજ (ગુ. વિ.) દીલગીર.
ગૌતમબુદ્ધ (વિ. ના.) બૌદ્ધ ધર્મનો સ્થાપન કરનાર.
ઉપદેશ (ભા.ના.) બોધ.
શ્વેતાંબરપંથ(ભા. ના.) (શ્વેત+અંબર) જે ધર્મમાં પોતાના દેવને ધોળાં લુગડાં પહેરાવેછે તે ધર્મ.
દિગંબરપંથ (ભા. ના.) દિક+અંબર) જે ધર્મમાં પોતાના દેવને વસ્ત્ર પહેરાવતા નથી તે ધર્મ. (મતલબ કે જેને દિશારૂપી વસ્ત્ર છે એટલે નાગા.
પંથ (ભા. ના.) ધર્મનો ફાંટો.
તીર્થંકર (સા. ના) સંસારમાંથી તારનાર; લોકોનું કલ્યાણ કરનાર પુરૂષ.
અહિંસા (ભા ના.) [અ+હિંસા] કોઇ પણ જીવને મારવો નહિં તે.
વૈરાગ્ય (ભા. ના) સંસારની સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો તે.
સિદ્ધાંત (ભા. ના.) પ્રમાણ વાદથી છેવટે જે સાબિત થયું હોય તે.
પ્રદેશ (સા. ના.) [પ્ર+દેશ) મોટો દેશ.
પેગંબર (વિ. ના.) (પેગામ+બર) પરમેશ્વરને ત્યાંની ખબર લઇ જનાર અને લાવનાર.
સંજાણ (વિ. ના.) સુરત જીલ્લાની દક્ષિણમાં ગામ છે.
ઉદવાડા (વિ. ના.પા- સુરત જીલ્લાનાપારડી તાલુકામાં પારસી લોકોનું જાત્રાનુ મોટું ઠેકાણું છે;
ઝઘડો (ભા. ના.) લડાઇ; વઢવાડ.
દૃઢવાદી=સત્ય બોલવું તે;
ઈશુખ્રિસ્ત (વિ. ના.) ખ્રિસ્તી ધર્મનો સ્થાપનકરનાર, જેના રૂપરથ સન ચાલે છે.

પાઠ ૧૭ મો.

વસંતઋતુ (વિ. ના.) ફાગણ અને ચૈત્ર માસની મોસમ.
સંક્ષિપ્ત (ગુ. વિ) ટુંકો.
ઇતિહાસ (સા. ના.) પ્રાચિન વૃતાન્ત; ખબર; તવારીખ.
શિલાલેખ (સા. ના.) પત્થર ઉપર કોતરેલું લખાણ.
તામ્રપટ (સા. ના. તાંબાનું પતરૂં જેના ઉપર વર્ષાસન ઇનામ, જાગીર વગેરેના લેખ કોતર્યા હોય તે.
એલચી (સા. ના.) રાજાની તરફનો વકીલ.
ઊતારો (ભા. ના.) નકલ.
કરકસર (ભા. ના.)

સંભાળ રાખીને જરૂરનોજ ખર્ચ કરવો તે.
વિશ્વાસુ (ગુ. વિ.) વિશ્વાસ કરવા લાયક; ભરોંસાદાર.
સાધણ (સા. ના.) પૈસા, ધન.
સહી (સા. ના.) કબુલાતના બદલામાં તેનીપાસે તેનું નામ લખાવવું તે.
સિક્કો (સા. ના.) છાપ.
સાક્ષી (સા. ના.) સાહેદ.
બરદાસ (ભા. ના.) તજવીજથી પરોણા ચાકરી કરવી તે; સંભાળ.
ન્યાયાસન (સા. ના.) (ન્યાય+આસન) ઇન્સાફ કરતીવેળા બેસવાની જગો,
તહેનાત (ભા ના.) તાબેદારી; હુકમ.
શ્રવણ (સા. ના.) સાધુઓ
મૃગચર્મ (સા.ના.) (મૃગ+ચર્મ) હરણનું ચામડું
ભરગચ્છી (સા. ના.) ભરતકામ.
જ્ઞાતિ (સા. ના.) ન્યાત.

પાઠ ૧૧ મો.

મરદાની (ગુ. વિ.) મરદનેશોભે તેવી.
લાંગરેલી (વિ. ભૂ. કૃ.) લંગર નાંખેલી.
અસલ (વખ ક્રિ. અ.) પહેલાં
પુરાવો (ભા. ના.) સાબીતી,
ઋગવેદસંહિતા (સા. ના.) (ઋગવેદ+સંહિતા) ઋગવેદના મંત્રોનો સંગ્રહ.
વરૂણદેવ (સા. ના.) પાણીનો દેવ.
અશ્વનીકુમાર (વિ. ના.) (અશ્વની+કુમાર) અશ્વની અને કુમાર નામના બે દેવલોકોના વૈદ છે.
સમુદ્રયાન (ભા. ના.) સમુદ્રની મુસાફરી.
ભરૂકચ્છ (વિ. ના.) મૂળ ભૃગુકચ્છ પછી ભરૂકચ્છ અને ત્યાર પછી ભરૂચ નામ પડયું. ભરૂચ
ભૂશિર (સા. ના.) જમીનની અણી લાંબી મદને સમુદ્રમાં ગયેલી હોય તે.
ખલાસી (સા. ના.) વહાણ કે આગબોટ હંકારનાર.
નર (સા. ના.) માણસ
મંદિર (સા. ના.) ઘર
રળી (સં. ભૂ. કૃ. અ. કમાઇ.

પાઠ ૧૨ મો.

બાળ (સા. ના.) બાળક બચ્ચું.
વિખુટું (ગુ. વિ.) જુદું છુટું.
માડી (સા. ના.) મા.
કાળ (ભા. ના.) વખત
ગિરિ (સા. ના.) પર્વત
શૃંગ (સા. ના.) શિખર ટોચ,
સમ (શ. અ.) સરખું; જેવું.
સોહાય (અ. ક્રિ.) સારૂં દેખાય; શોભે;

શ્યામ (ગુ. વિ.) કાળું
કરૂણ (ગુ. વિ.) દયા ઉપજાવે એવો
રવ (ભા. ના.) મોટો અવાજ
મંદ (ગુ. વિ.) ધીમો
વીસરી (સં. ભૂ. કૃ) ભુલી જઇને
સહજ (ગુ. વિ.) સ્વાભવિક; કુદરતી; પોતાની મેળેજ ઉત્પન્ન થએલો.
પડઘો (ભા. ના.) સામે અવાજ.
નિજ (સ્વ.સ.) પોતાનો
સૂણી (સં. ભૂ. કૃ) સાંભળીને.
ભ્રમાય (અ.ક્રિ.) છેતરાય.
મોરી (પુ. સર્વ.) મારી.
માય (સા. ના) મા.
અંકળાય (અ. ક્રિ) ગભરાય.
ઉંચો (ગુ. વિ.) મોટો.
નાદ (ભા. ના.) અવાજ
યાદ (ભા. ના.) સ્મરણ.
ધરતું (સ. ક્રિ.) કરતું.
ચોગમ (દે. ક્રિ. અ.) ચોતરફ.
ધવળ (ગુ. વિ.) ધોળી.
સુહાય (અ. ક્રિ.) સારી દેખાય.
ગાઢ (ગુ. વિ.) ખીચોખીચ; ઘણીજ.
ઘોર (ગુ. વિ.) ભયંકર.
સાવજ (સા. ના.) વાઘ.
શું (ક્રી. વી) કેવું
સોડ (સા. ના.) પાસું; બાજુ.
લપાય (અ. ક્રિ.) છુપાઇ જવાય.
તત્કાળ (વખ. ક્રિ. અ.) જલદી; તર્ત.
વેળ (ભા. ના.) વખત; વેળા.
સેલ (રી. ક્રિ. અ. સહેલાઇથી,
ગોદ (સા. ના.) ખોળો.
અજબાળ (સા. ના.) (અજ+બાળ) બકરીનું બચ્ચું.
પર્વતવાટ (સા. ના.) (પર્વત+ વાટ) પર્વતનો રસ્તો.
અજશાવ (સા. ના.) [અજ+શાવ] બકરીનું બચ્ચુ.
ભાવ (ભા. ના.) હોંસ
તૃપ્ત (ગુ. વિ.) ધરાયલું.
ઉજળા (ગુ. વિ.) સફેદ.
શિશુ (સા. ના.) બાળક.
ઉછરંગ (ભા. ના.) ઉમંગ.
નાચ્યું (અ. ક્રિ.) ખુશીથયું; આનંદપામ્યું

પેલું બકરીનું બચ્ચું તેની માથી આ વખતે જુદું પડયું છે, એ ઉંચા પર્વતની ટોચ ઉપર ઉભું છે, અને એની સોબતમાં કોઇ નથી. (૧) તે બરફ જેવું સફેદ રંગનું હોવાથી સારૂં દેખાય છે, અને તેની પાછળનો ભાગ જાણે કાળો પત્થર હોય એવું જણાય છે; વળી તે પોતાનો આનંદ સ્વાભાવિક રીતે ભૂલી જઇને દયા ઉપજાવે

એવો ધીમો અવાજ કરે છે. (૨) તેથી પર્વતમાં સામા અવાજ થાય છે, તે સાંભળીને તે ભૂલમાં છેતરાય છે; કે જાણે મારી મા બોલી, પણ માને નહિં દેખવાથી તે વધારે ગભરાયછે. (૩) તે ઘણો મોટો અવાજ કરતું હતું; અને માને યાદ કરતું હતું વળી તે બચ્ચું ચારે તરફ જોતું જાય છે, અને તેની ધોળીને વાંકી ડોક સારી દેખાય છે. (૪) પર્વતની નીચે ખીચોખીચ અને બિહામણી ઝાડી હતી, તેમાં વાઘનો અવાજ થતો હતો; તે સાંભળીને બચ્ચું કેવું ગભરાય છે ! અને ઇચ્છા રાખે છે કે આ વખતે મા ક્યાંથી હોય કે તેની સોડમાં છુપાઇ જવાય ! (૫) હે વહાલા બચ્ચા તું હીંમત રાખ, આ હું તરતજ આવું છું; આ પ્રમાણે તે વખતે ટેકરીની ટોચ ઉપર સહેલાઇથી જઇ મેં (કોઇ પણ માણસે) બોલીને કહ્યું. (૬) પછી તે બકરીના બચ્ચાને મેં ખોળામાં લીધું, અને દશ વખત બચ્ચીઓ કીધી; પછી પર્વતનો કઠણ રસ્તો ઉતરીને જ્યાં તેની મા હતી ત્યાં બચ્ચાને મૂક્યું. (૭) પછી તરતજ તે મારૂં વહાલું બકરીનું બચ્ચું ધાવવા લાગ્યું; ને જો નદીમાં છતાં બકરીનું બચ્ચું તેની માને હોંસથી ધાવે છે. (મતલબ કે ધાવવા આગળ પાણીની ઇચ્છા કરતું નથી) (૮) તે ધાવીને ધરાયું એટલે છુટું પડ્યું, અને તેનું સફેદ શરીર વધારે શોભી રહ્યું; પછી તે બચ્ચું આનંદથી નાચ્યું અને તેની સાથે મારૂં અંતઃકરણ પણ આનંદ પામ્યું

પાઠ ૧૩ મો.

ડબો (સા. ના.) ખેતીને નુકસાન કરનાર ઢોરને ગાંધવાની જગો

નિર્મળી (ગુ. વિ.) ચોક્ખી.

વહોરોછો (સ.ક્રિ.) માથેલો છો.

છુપા (ગુ. વિ.) કોઇ જાણે નહિં તેવા.

સ્વર (ભા.ના.) સાદ; સૂર.

મીઠો (ગુ. વિ.) સારો લાગે તેવો; મધુર.

રખવાળ (સા. ના.) સાચવનાર.

ખોખરા કરશે=માર મારશે.

મજા (ભા. ના.) આનંદ

ગાન (ભા. ના.) ગાયન શાસ્ત્ર(સા.ના.)કોઇ પણ વિષય સંબંધી સામાન્ય નિયમો નિયમ પૂર્વક રચી તૈયાર કરી રાખેલો સંગ્રહ. ન્યાય શાસ્ત્ર,ગણિતશાસ્ત્ર વગેરે

ગ્રામ (ભા. ના) સૂર સંબંધીનું માપ.

મૂર્છના (ભા.ના.)સૂરને એક વાર ચઢાવવાને પાછા ઉતારવા તે.

તાલ (ભા. ના.)ગાવામાં માત્રા પ્રમાણે જે માપ તે.

દાઝ (ભા. ના.) ગુસ્સો; રીસ

ખાણીઓ (સા. ના.)પત્થર અથવા લાકડાની મોટી ખાંડણી.

કળી (ભા. ના.) હાડકાં અથવા પેટમાં એકાએક વાગવાથી દુઃખ થઇ બેભાન થઇ જવાય તે.

કાળવળી=પીડા ઓછી થઇ.

લહે (ભા. ના) લહેજત; મજા; આનંદ.

પાઠ ૧૪ મો.

ઢીલ (ભા. ના) વાર; વિલમ્બ.

છેલ્લી ઘડી=છેવટ

મુલતવી (ગુ વિ.) વચમાં બંધ કરી થોડી વાર પછી ચલાવવાને રાખી મૂકેલું.

સાવચેતી (ભા. ના) હોશિઆરી.

મુશકેલ(ગુ. વિ.) કઠણ; અઘરી.

અનુભવ (ભા. ના.) ખાત્રી; વિતેલું તે.

માઠી (ગુ. વિ.) નઠારી.

પસંદ (ગુ. વિ.) પાસ; ગમતું તે

ઓચીંતી(રી ક્રિ. અ.) એકદમ.

ઠરાવ (ભા.ના.) નિશ્ચય

અસલ (ગુ. વિ.) જુની.

નિબંધ (સા. ના.) અમુક વિષય પર સારી ઈબારત (બોલવા લખવાની ઢબ)વાળું લખાણ.

ભલામણ (ભા. ના.) સિફારસ

જૂજ (ગુ. વિ.) થોડી.

બેદરકારી (ભા. ના.) (બે+ દરકાર+ઇ) દરકાર નહિં તે.

વીમો (ભા. ના.) અમુક રકમ. વરસો વરસ લઈ નુકસાન લાગેથી અમુક રકમ આપવાનો ઠરાવ.

નોટ (સા. ના.) રૂપીઆને બદલે વપરાતો ચલણી કાગળ.

ખેદ (ગુ. વિ.) દીલગીર.

હેવાલ (ભા. ના.) હકીકત; બયાન.

નોંધ્યા છે (સ. ક્રિ.) ચોપડીમાં લખ્યા છે; ટપકાવ્યા છે.

અસરકારક (ગુ. વિ.) ફળદાયક.

પાઠ ૧૫ મો.

ખુર્દી (સા. ના.) ઘરડી.

યમન (વિ. ના.) અરબસ્તાનમાં એક પ્રાંત છે.

શેખ(સા. ના.) આરબ લોકોની ભટકનારી ટોળીનો સરદાર.
ખજાનો(સા ના.)ભંડાર
અખૂટ (ગુ. વિ.) (અ+ખૂટ) ખૂટે નહિં તેવો.
ખુદા (વિ. ના.) મુસલમાન લોકો જેને ઇશ્વિર માને છે તે.
મગ્ન (ગુ. વિ. ખુશી.
ઇશ્વરને માર્ગે=પુણ્યના માર્ગે.
સખત શબ્દ=ખરાબ વચન.
દાદ (ભા. ના.) અરજ.
અદ્ભુત (ગુ. વિ.) નવાઇ પમાડે એવી.
જવાંમર્દી (ભા. ના.) બહાદુરી; પરાક્રમ.
દુવા (ભા. ના. આશીર્વાદ.
એકલપંથી (સા. ના.) સોબત વિનાનો મુસાફર.
પ્રતાપ (ભા. ના.) મહેરબાની.
દીલ (ભા. ના.) મન.
ફાંસીઆ(સા. ના.) ગળે ફાંસો દઈ મારી નાંખનાર.
સ્તબ્ધ (ગુ. વિ.) હાલે ચાલે નહિં તેવો; સ્થિર.
અપકાર (ભા. ના) કોઇને સારાના બદલામાં ભુંડું કરવું તે.

પાઠ ૧૬ મો.

જહાંપનાહ (સા. ના.) (જહાં+પનાહ) દુનીઆનું રક્ષણ કરનાર, એ ખિતાબ રાજા અમીરને બોલાવતી વેળા વપરાય છે.
વિચિત્ર (ગુ. વિ.) અજાયબ પમાડે તેવો.
ખુલાસો (ભા. ના.) ગુંચવણમાંથી બહાર નીકળવું તે; નિકાલ.
અડસટ્ટો (ભા.ના.) અટકળથી ગણેલું તે; શુમાર.
પગરણ (ભા. ના.) જનોઇ, સીમંત,વિવાહ વગેરેનું જે રૂડું ટાણું તે.
અચાનક (રી. ક્રિ. અ.) એકાએક;અકસ્માત; ઓચીંતો.
જોગવાઇ (ભા.ના.) ગોઠવણ; સવડ.
દોષ (ભા. ના) ભૂલ; ચૂક; ખોડ; ખાંપણ.
ગૃહસ્થાઇ (ભા. ના.) આબરૂદારનાં લક્ષણ.
ઠાઠમાઠ (ભા. ના.) ભપકો; ઠઠારો.
ઢગ (સા. ના.) ઢગલો.
ચિઢીઆં (ભા.ના.) સહેજ સાજમાં ગુસ્સો આણવો તે.
કોરટ (સા. ના.) ઇનસાફ કરવાનું ઠેકાણું; કચેરી.
પરતંત્ર (ગુ. વિ.) (પર +તંત્ર)તાબેદાર.
ચેનબાજી (ભા. ના.) મોજમજા
મિથ્યાભિમાન (ભા.ના.) (મિથ્યા+અભિમાન) ખોટું અભિમાન.
ખરચાળ (ગુ. વિ.) સારો ખરચ કરનાર; કંજુસ

નહિં તે આ શબ્દ ઉડાઉને લાગુ પડતો નથી.

વરા (સા. ના.) નાતો.

વળતો (ગુ. વિ.)બીજો.

અરજી (સા.ના.) જેમાં અરજ લખેલી હોયતે કાગળ.

જપત (ગુ. વિ.) માલીકની સત્તા ઊઠાડી સરકારે પોતાના કબજામાં રાખેલી.

દયામણી (ગુ. વિ.) દયા ઉપજાવે એવી.

પેટે પાટા બાંધી=ભૂખ. તરસ વગેરે દુઃખવેઠી.

પાઠ ૧૭ મો.

મમતા (ભા.ના.) પ્યાર; વહાલ; પ્રીતિ; મારૂં હોય એમ માનવું તે.

ખાતર (ભા.ના.)બરદાસ

ઉત્સાહ (ભા.ના.) આનંદ; હર્ષ.

વેઠ (ભા. ના.) વગર પૈસે મજુરી કરવી તે.

વૈતરૂં (ભા. ના.) પૈસા વગર અથવા પૈસા લઇને સખત મજુરી કરવી તે.

ગરાસણીઓ (સા. ના.) ગરાસીઆ લોકોની બૈરીઓ.

આવડત્રેવડ (ભા. ના) (આવડ+ત્રેવડ)આવડત અને ગોઠવણ.

સૂચના (ભા. ના.) સમજ પાડવી તે; નવી વાત કહેવી તે

સહવાસ (ભા. ના) સમાગમ; મેળાપ

કુટુંબ પ્રીતિ (ભા. ના.) (કુટુંબ+પ્રીતિ) કુટુંબનાં માણસોપર જેવું વહાલ હોય તેવું વહાલ

વર્તણુક (ભા. ના) ચાલચલગત; વર્તવાની રીત.

ધર્મિષ્ઠ (ગુ. વિ) પરમાર્થ કરનાર; ધર્મપર આસ્થા રાખનરા

રસભેર (રી. ક્રિ. અ.) આનંદ સાથે

ધડો (ભા. ના.) દાખલો

રમણીય (ગુ. વિ.) સુંદર

પાદર (સા. ના.) ગામના ઝાંપા બહારની જગો; જ્યાં ઢોર વગેરે ચરે છે તે.

ગોરજ (પદા. ના.) ગાયોના પગથી ઊડેલી ધૂળ.

મરણપરણ (ભા. ના.) (મરણ+પરણ) મરવું અને પરણવું તે

વેતરણ (ભા. ના.) જુગતી; ગોઠવણ; તજવીજ

નાણાવટી (સા.ના.) નાણાંનો વેપારી; જુદા જુદા સિકકાઓની આપલે, બદલા બદલા, વગેરે કરનારો, શરાફ; સાહુકાર

ચેપ (ભા. ના.) અસર

પાઠ ૧૮ મો.

બડવો (ભા. ના.) જનોઇને લગતી કિયાનો એક ચાલ, એમાં છોકરો દોડેછે, અને તેનો મામો તેને પાછો ઘેર લાવે છે,

અર્ભક; છોકરો
વિધિ. (ભા. ના) ક્રિયા
દેવ સાખે (ભા. ના.) (દેવ+સાખે) દેવની સાક્ષી સાથે.
પહેરામણી (સા. ના.) વર તથા તેનાં સગાં સબંધીનેકન્યાનો બાપ જે રકમ આપે છે તે
વિવાદ (ભા. ના.) વાદ; તકરાર
ધર્મક્રિયા (ભા. ના.) ધર્મ સંબંધીનું કામ
શસ્ત્ર (સા. ના.) હથિઆર; આયુધ.
ધર્મોપદેશ (ભા ના.) (ધર્મ+ઉપદેશ) ધર્મ સંબંધીનો ઉપદેશ
જતે દહાડે=છેવટે
મંડળ (સા. ના)સભા; વર્ગ
પ્રાચીન(ગુ. વિ.) જુના
કાલિદાસ (વિ.ના.)ભોજ રાજાની સભામાં પ્રખ્યાત કવિ હતો
વિસાળ (ગુ. વિ) મોટા
વર્ણ (ભા. ના.) જાત

પાઠ ૧૯ મો.

ક્રૂર (ગુ. વિ.) ઘાતકી; દયા વગરના
બળવંત (ગુ.વિ.) જોરવાળા; બળવાન
નીરધાર (નિ. ક્રિ. અ.) નક્કી
આંગણે (સા. ના.)આંગણામાં
અનુમાન (ભા. નાં.) આશરો; અટકળ.
સાહી (સં.ભૂ.કૃ અ.) પકડીને.
આભ (સા. ના.) આકાશ.
ત્રાસ (ભા. ના.) બીક.
કરધરે=હાથમાં રાખે.
નીરખતાં (કૃ. અ.) જોતાં.
દીગપાલ (સા. ના.) (દિક્+પાલ) દિશાઓને રક્ષણ કરનારા દેવો. એ દશ છે.
ભોમ (સા.ના.) પૃથ્વી.
ખળભળે (અ. ક્રિ.) જીવને ગભરામણ થાય.
મહી (વિ. ના.) પૃથ્વી.
માન (ભા.ના.) મોટાઈ
પ્રૌઢા (ગુ. વિ. દેખાવમાં મોટા ઉંચા.
દાનવ (સા. ના.) રાક્ષસો.
બ્રહ્માંડ (વિ. ના.)પૃથ્વીનો ગોળો; બધી દુનીઆ.
પરવરે (અ. ક.) જાય.
દ્વેષ (ભા. ના.) અદેખાઇ.
પન્નગ (સા. ના.) સાપ
અઘોર (કે. ક્રિ. અ.) ઉંચે.
નીરકેરો નાથ=જળપતિ, વરૂણ.
અસુર (સા. ના.) રાક્ષસે.
ભોગ (ભા. ના) બળિદાન આપવું તે.
અમર (સા. ના.) દેવલોક; મરે નહિં તે.
આથડે (અ. ક્રિ.) લડે; વઢવાડ કરે.
સબળો (ગુ. વિ.) ઘણોજ.
જગન (સા. ના.) યજ્ઞ; હોમ.
પ્રબોધ (ભા. ના.) સાવચેતી; શિખામણ; સૂચના.

અદાવત (ભા. ના.) વેર; દુશ્મના વટ.
સુર (સા. ના.) દેવતા
શું (શ. અ.) સાથે.
ભુવન(સા. ના.)જગત; લોક. એ ચૌદ કહે વાય છે સાત ઉપલાંને સાત નીચલાં.
ગ્રહીને.(સં.ભૂ.કૃ.અ.) પકડીને,
કોપવાન (ગુ. વિ.) (કોપ+વાન) ગુસ્સા વાળો; ક્રોધી.
રોક (ગુ. વિ.) રોકડાં.
વાજ (ભા. ના.) તોબા; પીડા; દુઃખ.
ત્રાહે ત્રાહે (ભા. ના.) તોબા તોબા.
ત્રૈલોક (વિ. ના.) ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુને પાતાળ.)
ગજ (સા. ના.) હાથી.
સાહ્ય (સ. ક્રિ.) પકડે.
વારી શકે (સ. ક્રિ.) અટકાવી શકે.
ક્રિડા (ભા.ના.) રમત; ખેલ.
સિંધુ (સા. ના.) દરીઓ.
ભેળાવે (સ. ક્રિ.) મેળવે.
ઉલટ (ભા. ના.) હોંસ; ખુશી.
ઉત્પાત (ભા.ના.) તોફાન.
દુરમતિ (ગુ. વિ.) ખરાબ બુદ્ધિવાળા.
મહાદુષ્ટ (ગુ. વિ.) ઘાતકી; પાપી.
અચલ (સા. ના.) પર્વત.
ચોખુંટ (ઠે. ક્રિ. અ.) ચારે તરફ.
વિખે (શ. અ.) વિષે; માં.
અલવે (ગુ. વિ.) ઘણું; પુષ્કળ.
પરહરીને(સં.ભૂ.કૃ.અ.) છોડી દઇને.
પંડે (સ્વ. સર્વ.) પોતે.
આચરે (સ.ક્રિ.) ચાલે.

કવિતાની સમજુતી.

કસ્યપ ઋષિને ઘેર તે બે નિર્દય બાળકો જનમ્યા; તેઓ ઘણા બળવાન હતા. તેઓનાં નામ નક્કી હિરણ્યાક્ષને હિરણ્યકસ્યપ પાડયાં; તેઓ ઘણા બળવાન હતા. (૧) એક વર્ષને આશરે તેઓ બારણે આવીને દુઃખ દેછે,(ટેક)અને આકાશમાં સુરજને તેના વિમાન સહિત પકડી લાવે છે. (ટેક) (૨) તેઓ કૂદીને આકાશને વળગે છે, અને તારાને બીક પમાડે છે. (ટેક) ચંદ્રમાને હાથમાં રાખે છે અને ઉંચે આકાશમાં ફરે છે; (ટેક) (૩) એમને જોતાં દિશાને રક્ષણ કરનારા

દેવો ધ્રૂજે છે, વળી તેઓ પર્વતનાં શિખર પાડે છે. (ટેક) તેઓનો પૃથ્વી ઉપર ભાર લાગે છે, તેથી નવ ખંડ (નવ ખંડના લોકો) દુ:ખી થાય છે. (ટેક) (૪) નાનપણમાંજ તેમનામાં એવું બળ હતું કે પૃથ્વી પણ પોતાની મોટાઇ છોડી દે; (ટેક) આખી પૃથ્વી ધ્રૂજે તેવા એ મોટા રાક્ષસો થયા; (ટેક) (૫) તે રાક્ષસો પાતાળમાં જાય છે, અને ત્યાં વેર વધારે છે; (ટેક) સાપોનું પુછડું તાણે છે, અને શેષનાગને સૂતેલા જગાડે છે; (ટેક) (૬) તેઓ પાણી ઉંચે ઉરાડે છે, અને વરૂણ (પાણીના દેવ) ની સાથે વઢવાનું માગે છે; (ટેક) વળી વરૂણની પાસે રાક્ષસો બળિદાન (બકરા વગેરેનો ભોગ) માગે છે; (ટેક)(૭) તેઓ દેવની સાથે વઢે છે, અને તેમના પર ઘણો ક્રોધ કરે છે: (ટેક) યજ્ઞમાં પોતાનો ભાગ માગે છે, અને સર્વને એમ કરવાની સૂચના આપે છે, (ટેક) (૮) તેઓ ઈંદ્ર અને બીજા દેવોની સાથે વેર રાખે છે; (ટેક) ગદા પકડીને ચૌદ લોકમાં ચારે તરફ ફેરવે છે. (ટેક) (૯) કુબેરની સાથે ક્રોધાયમાન થઇને તેમની પાસેથી રોકડાં રત્ન માગે છે; (ટેક) આખા વિશ્વને દુ:ખી કર્યું અને ત્રણે લોકને તોબા તોબા પોકારાવી; (ટેક) (૧૦) દિશાઓનું રક્ષણ કરનાર જે દેવો તેમના હાથીઓના દાંત જઇને જોરથી પકડે છે; (ટેક) અને સૂંઢ પકડીને તેમને ફેરવે છે, તો પણ કોઇ તેમને અટકાવી શકે નહિં; (ટેક) (૧૧) તેઓ સમુદ્રમાં લાતાલાતીની રમત રમે છે (ટેક) અને સાતે સમુદ્રને એકઠા કરીને તોફાન કરવામાં આનંદ માને છે (ટેક) (૧૨) તે નઠારી બુદ્ધિના પાપીઓ તપસ્વીઓની સાથે વેર રાખે છે; (ટેક) તે મોટા ઉંચા થઇને બ્રહ્માંડ (આકાશ) સુધી વધ્યા; (ટેક) (૧૩) તેઓ મોટા પર્વતોને ઉંચા કરે છે, અને તેમને ચારે તરફ ફેરવે છે. (ટેક) જેમ ઊંટ ઝાડને વળગે તેમ પોતાની

જીભ વડે આકાશને ચાટે છે; (ટક) (૧૪) તેઓ મનમાં કોઇની બીક રાખતા નથી, અને પોતે પોતાનાં ઘણાં વખાણ કરે છે; (ટક) અને તેઓ પુણ્યનો રસ્તો છોડી દઇને પાપને રસ્તે ચાલે છે; (૧૫)

પાઠ ૨૦ મો.

ગુફા (સા. ના.) પહાડમાં જે પોલાણ હોય છે તે.

દેવાલય (સા. ના.) (દેવ+આલય) દેવને રહેવાનું ઠેકાણું; દેવળ.

ચૈત્ય (સા. ના.) પર્વતની ગુફામાં બૌદ્ધ સાધુઓનું સુંદર દહેરૂં

ચિતા (સા. ના.) ચેહ.

શિલ્પકામ (સા. ના.) ઘાટ; પત્થરમાં કોતરકામ.

તરેહ (સા. ના.) ભાત રીત.

સૈકું (ભા. ના.) સો વરસનો જે કાળ તે; સદી.

પટ (સા. ના.) પડદો.

પડખે (ઠે. ક્રિ. અ.) બાજુએ

દાગબ. (સા. ના.) પૂજાનું સ્થાન.

ધાતુ ગર્ભ (સા. ના.) શરીરનો ભાગ

વિહારો (સા. ના.) બૌદ્ધ સાધુઓને રહેવાના મઠો.

ભિક્ષુક (સા. ના.) ભિક્ષા ઉપર ગુજારો કરી વિદ્યાભ્યાસ કરનાર.

ભિક્ષા (ભા. ના.) એક જાતની ભીખ.

ક્ષણ ભગુર (ગુ. વિ.) પલકમાં નાશ થાય એવું.

નિર્વાણ (ભા. ના.) શાંતિ; મુક્તિ.

વૃત્તિ (ભા. ના.) મનનું વલણ; ઇચ્છા.

કલ્પનામાં (ભા. ના.) આંખો મીંચીને મનની નજર આગળ.

દિનચર્યા (ભા.ના.) સાધુએ રોજ કેમ ચાલવું, શું કરવું તે

ભિક્ષાપાત્ર (સા. ના.) (ભિક્ષા+પાત્ર) ભિક્ષાનું વાસણ

ઉપદેશ (ભા. ના.) બોધ

પાઠ ૨૧ મો.

મોલ (સા.ના.) કરસણ; તૂલ.

નહેર (સા.ના.) મોટાં સરોવર અથવા મોટી નદીમાંથી જે પ્રવાહ બીજે રસ્તેવાળી દૂર લઈ જવામાં આવ્યો હોય તે

હિંદુશાસ્ત્ર (સા. ના.) (હિંદુ+શાસ્ત્ર) હિંદુઓનું ધર્મપુસ્તક

સગવડ (ભા.ના.) સવડ; અનુકૂળતા.

સમરાવીછે (સ. ક્રિ.) દુરસ્ત કરાવી છે.

ગણતરી (ભા.ના.) હિસાબથી નક્કી કરેલી

સંખ્યા

બળદેવજી (વિ ના.) શ્રી કૃષ્ણના મોટા ભાઈ

હસ્તિનાપુર (વિ.ના.)એ દિલ્લીથી પચીસ ત્રીસ મૈલને અંતરે હતું

મનોહર (ગુ વિ.)(મનઃ+હર) મનને હરણ કરે એવો; મોહ પમાડે તેવે'; સુંદર.

પટ (સા.ના.) પહોળાઈ

ઝુકી રહેલાં (વિ ભૂ કૃ.) નમી રહેલાં

ચોકીઓ (સા.ના.) જ્યાં સરકારી સિપાઈ રહેતા હોય તે ઠેકાણું

લચીજતાં (વ.કૃ) વચમાંથી નમી જતાં

રસાળ (ગુ.વિ.) રસ+આળ) ફળદ્રૂપ; ધાન્યપાકે તેવી જમીન

ખાલસા (ગુ.વિ.) જ્યાંની પેદાશ લેનાર સરકાર છે તે; જપ્ત

સદી (ભા.ના.) સૈકો; સોવરસનો જેવખતતે

આબાદ (ગુ.વિ.)સુખી.

પાઠ ૨૨ મો.

સંપ્રદાય (ભા.ના.)પંથ; ધર્મનો માર્ગ

કારીગર (સા. ના.) હુન્નરી ધંધો કરનાર

શરાણ (સા. ના.) ધાર આણવાનું હથિઆર

કાવ્યકળા (ભા. ના.) (કાવ્ય+કળા) કવિતા બનાવવાની યુક્તિ

દીપીનીકળ્યા (અ૦ ક્રિ.) બહાર પડી આવ્યા; પ્રકાશી આવ્યા.

સમાગમ (ભા. ના.) મેળાપ

ભાટ (સા.ના.) બ્રાહ્મણની એક જાત–એ રજપુતનું ગોરપદું કરે છે, તેના ગુણ ગાય છે ને મોટા સરપાવ, વર્ષાસન મેળવે છે.

ચારણ (સા. ના.) રાજાના આશ્રિત વર્ગમાંની એક જાતના છે એમનો ધંધો રાજાનાં વખાણ કરવાં, તેમના આગળ નાચવું ગાવું ખેલ કરવા વગેરે નોછે, ઘણાખરા ચારણો ઢોર પાળેછે.

દંતકથા (ભા.ના.) લોકોને મોઢે કહેવાતી ખરી ખોટી વાત.

લેખો (સા. ના.) લખાણો

કીમતી (ગુ. વિ.) અમૂલ્ય

કદર (ભા. ના.) બૂજ; સમજીને કીંમત કરવી તે

હિતેચ્છુ(ગુ.વિ.)(હિત+ઇચ્છુ) ભલું ઇચ્છનાર

વર્નાક્યુલર સોસાયટી (વિ. ના.) ચાલતી ગુજરાતી દેશી ભાષા સંબંધીની મંડળી.

હેતુ (ભા. ના.) મતલબ

ઠરેલ (ગુ. વિ.) ધીમેથી વિચાર કરી કામ કરનાર; ડાહ્યું; ગંભીર

બોધ (ભા. ના) શિખામણ; ઉપદેશ

પદ્ધતિ (ભા.ના.) રીત

સી. આઇ. ઇ. (સા. ના) હિંદના રાજ્યનો દોસ્ત

માયાળુ (ગુ. વિ.) કૃપાળુ; હેત રાખનાર; સ્નેહાળ

વર્ષાસન (સા. ના.) દર વર્ષે જે અમુક રકમ આવે તે

લક્ષ (ભા. ના.) ધ્યાન; એકજ નજર

જમાનો (ભા. ના.) વખત

પાઠ ૨૩ મો.

શ્રીમંત (ગુ. વિ.) શ્રી+મંત) લક્ષ્મીવાળો; પૈસાદાર

ધાર્મિક (ગુ. વિ.) ધર્મ ઉપર આસ્થા રાખનાર

નિરાધાર (ગુ.વિ.) (નિર્+આધાર) આધાર વગરનું

પંજામાં (ભા.ના.) ઝપાટામાં

સપડાઇજાઇ (સં. ભૂ. કૃ. અ.)પકડાઇ જઇને

લાચાર (ગુ. વિ.) નિરુપાય; અશક્ત

ગુમાસ્તાગીરી (ભા.ના.) ગુમાસ્તાનું જે કામતે; મહેતાગીરી

પીગળીગયું (અ. ક્રિ.) નરમ થયું

વાકેફ (ગુ. વિ.) જાણીતો

ફુરસદ (ભા.ના.) નવરાશ; વખત

ધામધુમ (ભા.ના.)આનંદમાં મચેલો દેખાવ.

વિશ્વાસઘાતી (ગુ. વિ.) ભરોંસો તોડનાર

અત્યંત (ગુ.વિ.) (અતિ+અંત) ઘણોજ

ઉચાપતકરવું =ઉપાડી જવું; ઓળવવુ

સિલક (સા. ના.) આગલા દિવસની બાકી; પરાંત.

આંકો (સા. ના.)છેડો.

વ્યસની (ગુ.વિ.) ખરાબ ટેવ વાળું દુર્ગુણી

પાપનો ઘડો ફૂટયો= છાનું રહેલું પાપ બધાના જાણવામાં આવ્યું.

દગો કોઇનો સગો નહિ= કપટ કરવાથી કોઇનું પણ કામ પાર પડતું નથી.

ઝાંડો (ભા. ના.)તપાસ; જડતી.

આળ (ભા. ના.) તહોમત.

અન્નદાતા (સા. ના.) અન્ન આપનાર; પોષણ કરનાર.

પાઠ ૨૪ મો.

ભલો (ક્રિ. વિ.) સારો.

દીલ (ભા. ના.) મન.

ભાવ્યો (અ. ક્રિ.) ગમ્યો; પસંદ પડયો.

મેહ (સા.ના.) વરસાદ

વીજ (સા. ના.)વીજળી

આબુ (વિ.ના.) ગુજરાતની ઉત્તરેપર્વતછે.

ગિરિરાજ (સા.ના.) પર્વતોનો રાજા; પર્વતોમાં વધારે શોભિતો.

તિથિ (સા.ના.)દહાડો ;

દિવસ.
ટાણે (ભા.ના.) વખતે.
ઘંટ (સા.ના.) કાંસાની વગાડવાની ઘડિઆળ; ઝાલર.
દીપે (અ. ક્રિ.) શોભે.
આંખ ઠારો=ધ્યાન દઇ.
ઝૂકી (અ. ક્રિ.) નમી; વાંકી વળી.
ઝંડ (સા. ના.) જથો; ટોળું.
મહા (ગુ. વિ.) ઘણો
સ્વાદુ (ગુ.વિ.) સ્વાદ વાળો.
મિષ્ટ (ગુ. વિ.) મીઠો.
હર્ણાં (સા. ના.)હરણો
ઝર (અ. ક્રિ.) વહેછે.
ઝર્ણાં (સા.ના.) ઝરણો.
શીળો (ગુ. વિ.) ઠંડો.
ફૂલી (અ. ક્રિ.) ખીલી
ફૂલવાડી (સા.ના.) (ફૂલ+વાડી) જે વાડીમાં ફૂલ થાય તે વાડી.
ઓપ(અ. ક્રિ.) શોભે; સારાં દેખાય.
બંગલો (સા.ના.)મેદાન કે વાડીની અંદર બાંધેલું સુંદર મકાન
વડાં (ગુ. વિ.) મોટાં
વાસ (ભા.ના.) મુકામ.
બજાર (સા.ના. ચૌટું.
રોજગારી (સા.ના.)વેપારી.
રોજગાર(ભા.ના.)વેપાર
પ્રસેવો (પદ્ય.ના.પરસેવો
પરાં (ઠે. ક્રિ. અ.)દૂરનાં, આઘેનાં; વેગળેનાં.
વેંત (વખ. ક્રિ. અ.) તરતજ.
જુક્તિ (ભા. ના.) ખુબી.
ધુણી (સા. ના.) તાપણી.
ટેવો (સ. ક્રિ.) માનો; ધારો.
ખ્યાત (ગુ. વિ.) પ્રખ્યાત; નામીચી.
કથા (ભા. ના.) વાત; હકીક્ત.

કવિતાની સમજુતી.

વેંગળેથી (આબુ પર્વતને) જોતાં તે મનને ગમ્યો, જાણે આકાશમાં વરસાદ ચઢી આવ્યો હોયની ? તેનાકુંડમાંનો અગ્ની વીજળી જેવો દેખાય છે, (મતલબ કે વિજળીના ચમકારા જેવો દેખાયછે) એવો મોટો આબુ પર્વત આજે જોયો. (૧) પુનમને દિવસે સાંજના વખતે જાણે સૂર્યને ચંદ્ર એ બે ઘંટ બન્યા હોયની ? કેટલાક કહે છે કે કેવો દેવના હાથી જેવો આબુ પર્વત શોભી રહ્યો છે. (ટેક) (૨) કદાપિ તમે ઉપર જઇ ધ્યાન દઈ જુઓ, તો ઝાડના જથાની ઘણી ઝાડીઓ ઝુલી રહીછે;

અને ત્યાં ઘણો સ્વાદિષ્ટ મીઠો મેવો જોઈએ તેવો મળે છે. (ટેક) (૩) એમાં વાઘ, વાદરા, સિંહ ને હરણો રહે છે, અને હંમેશાં ચોકખા પાણીનાં ઝરણુ વહે છે; વળી ત્યાં ઠંડો અને સુગંધીદાર પવન વાય છે. (ટેક) (૪) ત્યાં ખુશબોદાર ફૂલોની ફૂલવાડી ખીલી રહે છે, અને ત્યાં આગળ કુવા, વાવને કુંડ શોભી રહ્યાં છે અને મોટાં દેવળોમાં દેવોનો વાસ છે. (ટેક) (૫) ત્યાં બંગલા બંધાયા છે ને ચૌટાં થયાં છે, અને ત્યાં સારા (પ્રમાણિક) વેપારીઓ વેપાર કરે છે, વળી માલ લેનારને જેવો માલ લેવો હોય તેવો મળે છે. (ટેક) (૬) ત્યાં તેર ગાઉના વિસ્તારવાળા તળાવનાં અગિઆર ગામના લોક પીવાને પાણી લેવા આવે છે; જયાં જેઠ મહિનામાં પણ પરસેવો દેખાતો નથી. (મતલબ કે ત્યાં ઘણી ઠંડી હેવાથી પરસેવો થતો નથી) (ટેક) (૭) અષાડ મહિનામાં વેગળેનાં વાદળાં પાસે આવે છે. અને જતાં વારજ જોવાની ખુબી બતાવે છે; અને તે વખતે તમે વાદળાંને ધુણીના ધુમાડા જેવાં માનોછો (ટેક) (૮) જેની અંદર જૈન અને હિંદુલોકોનાં જૂનાં દેવસ્થળ છે, અને તેમાં પ્રખ્યાત અંબાજી માતા છે; આ બધી વાત જાણવા માટે કહી છે, આ સારા છંદ દલપતરામ કવિએ બનાવ્યા છે. (૯)

પાઠ ૨૫ મો.

તોલ (શ.અ.) બરાબર.

સુખડું (પદા. ના.) રાંધ્યા વગરનું જે જે ખાવાનુ તે—સેકેલા અનાજના લાડુ વગેરે.

ખોડીબારામાં (સા.ના,) ખેતરમાંથી નીકળવા માટે વાડમાં છીંડુ કરી ત્યાં બે પાંખ વાળુ લાકડું ભોંયમાં દાટેલું હોય છે તે.

વાસો રહેવાનું=મુકામ કરવાનું.

પાધરો (રી.ક્રિ. અ.) તરતજ.

પહોર (ભા. ના.) ત્રણ કલાકનો વખત.

કુપ્પાં (સા.ના.) કુલ્લાં.

કુણ (પ્રશ્ના.સર્વ) કોણ.

શાવકાર (સા.ના.) સા-

હુકાર,
ભો (ભા. ના.) બીક; ડર.
ઘેરૂ (સા. ના.) છોડથી ખૂબ ઢંકાઈ રહેલી જગા.
હારે (શં. અ.) સાથે જોડે.
બુકાની (સા. ના.) માથેથી દાઢી નીચે થઈ બાંધવાનો લુગડાનો કકડો.
હોંકારા (ભા.ના.) મોટી બૂમો,
સેરે (અ. ક્રિ.) છે.
વાંસો (સા. ના.) બરડો; પીઠ.
ધોલ (ભા.ના.) તમાચ; થપ્પડ.
પતીત (ભા. ના.) વિશ્વાસ.
પરખાવો (સ. ક્રિ.) તપાસવો.
ઝુંટાવી લીધું (સ.ક્રિ.) પડાવી લીધું.

લુખું (ગુ. વિ.) ચોપડયા વગરનું ગળે વળગે તેવું.

પાઠ ૨૬ મો.

સર્વ દમન (સા. ના.) સર્વને સતાવે એવો.
બાળ ચેષ્ટા (ભા.ના.) બાળકની રમત ગમત.
તાપસી (સા.ના.) તપો વનમાં રહી તપ કરનાર સ્ત્રી.
સતાવેછે (સ.ક્રિ.) દુઃખ દેછે.
તપોવનમાં (સા. ના.) તપ કરવાનું જંગલ.
કાળજું (સા. ના.) પેટની જમણી બાજુએ જે પિત્તાશય છે તે; જ્યાં પ્રેમ શોક આદિની અસર થાય છે.
અહં (કે. અ.) ઉંહું.
પ્રાતઃકાળ (ભા.ના.) સવારનો વખત; પ્રભાત

ચક્રવર્તી (સા.ના.) મોટો રાજા; એક ચક્રથી રાજ કરનાર.
લક્ષણ (ભા.ના.) ચિનહ્.
દંતકળી (સા. ના.) (દંત+કળી) ઊગતા દાંત.
દીસંતી (અ.ક્રિ.) દેખાતી.
વણ (શ.અ.) વગર; સિવાય.
નિમિત્ત (ભા.ના.) કારણ
કાલી કાલી (ગુ. વિ.) પ્યાર ઉપજાવે એવી
તોતલી (ગુ. વિ.) અડધાઅડધા બોલ વાળી; તોતળી.
અંકે (સા. ના.) ખોળામાં.
પૂત (સા.ના.) છોકરો.
તલપતા (વ. કૃ.) આતુરતાથી ટમટમતા.
મલિન (ગુ.વિ.) મેલું
અંગ (સા. ના.) શરીર
લેખીએ (સ. ક્રિ.) ગણીએ

કારણ વગર હસવાથી એના દાડમની કળી જેવા કોઈ કોઈ દાંત દેખાયછે, અને એની બોલી પ્યાર ઉપજાવે તેવી અને સમજાય નહિ તેવી બોબડી છે; વળી ખોળામાં બેસવાની જેની ઘણી ઇચ્છાછે એવા છોકરાને જે લે અને તેથી તેનું (લેનારનું) શરીર કદાપિ ધૂળથી મેલું થાય તો પણ એ લેવાને ધન્ય માનવું.

ગણકારતો નથી (સ.ક્રિ.) લેખવતો નથી; માનતો નથી

ઋષિકુમાર (સા. ના.) (ઋષિ+કુમાર) મુનિનો છોકરો

આશ્રમ (સા. ના.) મઠ

આકૃતિ (સા.ના.) આકાર; ચહેરો; શીકલ; ડોળ

ચેષ્ટા (ભા. ના.) રમત; ગમત

આશ્રમસ્થાન (સા.ના.) (આશ્રમ+સ્થાન) ઋષિઓને રહેવાનું ઠેકાણું

ધર્મદારા (સા.ના) ધર્મ પ્રમાણે પરણેલી સ્ત્રી; લગ્નના સંબંધથી જોડાએલી સ્ત્રી

પુછપરછ (ભા.ન.) પૂછવું તે; તપાસ કરવી તે

શકુંતુ (સા.ના.) પક્ષી

શકુંતલાવી=શકુંત એટલે પક્ષીલાવી; શકુંતલા આવી

માધેલો (ગુ.વિ.) મા-ઉપરના વહાલથી ગાંડો થએલો હોય તેવો

ઠગાયો (અ. ક્રિ.) છેતરાયો

પાઠ ૨૭ મો,

શિક્ષણ (ભા.ના.) શીખવવું તે

બોધદાયક (ગુ.વિ.) શિખામણ આપનાર

વહાણવટી (સા.ના.) વહાણ ચલાવવાનો ધંધો કરનાર

મથી રહ્યા હતા (અ. ક્રિ.) મહેનત કરી રહ્યા હતા

ઇરાદો (ભા.ના.) વિચાર

ખંડ (સા.ના.) જેની અંદર ઘણા દેશો આવેલા હોય તે

સ્પેન (વિ.ના.) યુરોપ ખંડમાં એક દેશ છે.

ટાપુ (સા.ના.) બેટ

આભ (સા.ના.) આકાશ

અધીરા (ગુ. વિ. હિંમત વિનાના

ફોસલાવી (સં.ભુ.કૃ.અ.) ગમે તેમ સમજાવી

કંટાળ્યા (અ.કિ.) કાયર થયા

અશકય (ગુ.વિ.) (અ+શકય) બની શકે નહિ એવું

ચિનહો (સા.ના.) નિશાની

સ્પષ્ટ (ગુ.વિ.) સાફ ખુલ્લાં

સાથી (સા.ના.) સંઘાતી; સોબતી
આનંદ ભર્યા શબ્દો=આનંદના પોકારો
પહોફાટયો=સુરજનાઉગતા પહેલાં માલમ પડતું અજવાળું
લીલાંછમ (ગુ.વિ.) ઘણાંજ લીલાં
કનડગત (ભા. ના.) હેરાન ગતિ
વાવટો (સા.ના.) નિશાન; ધજા
મછવો (સા.ના.) નાનું વહાણ; હોડી
ચુંબન (ભા.ના.) બચ્ચી; બોકી
વિધિ (ભા.ના.) રીત.
દ્રઢતા (ભા.ના.) ફરે નહિ તેવા વિચાર
સાર (ભા.ના.) મતલબ
સ્વાર્થ (ભા.ના.) પોતાની મતલબ; એકલપેટાપણું; લોભ

પાઠ ૧૮ મો.

ધર્મિષ્ઠ (ગુ.વિ.) દાનપરમાર્થ કરનાર
સત્યવાદી (ગુ.વિ.) (સત્ય+વાદી) સાચું બોલનારો
યજ્ઞ (સા.ના.) અગ્નિને પૂજવાનું ને તેને બલિદાન આપવાનું એક વેદોકત કર્મ છે.
કસોટી (ભા. ના.) પરીક્ષા
હુકમ (ભા.ના.) આજ્ઞા
સર્વસ્વ (ગુ.વિ.) બધું
તેજક્ષણે (વ. ક્રિ.અ.) તરતજ; તેજ વખતે
મુર્હૂત (ભા.ના.) મુકરરર કરેલો વખત; વાયદો
વેરેલ (વિ. ભૂ. કૃ.) વેરેલાં
સ્થાનક (સા. ના.) જગો
અયોગ્ય (ગુ. વિ. (અ+યોગ્ય) લાયક નહિ તે
કંટકવન (સા. ના.) (કંટક+વન) કાંટાવાળું જંગલ
પતિ (સા. ના.) સ્વામી; ધણી
પુંઠે (હે. ક્રિ. અ.) પાછળ
સુંવાળી (ગુ. વિ.) દુખ ખમી શકે નહિ એવી
બોલ (ભા. ના.) વચન
ખાતર (શ. અ.) માટે; લીધે
દાસી (સા.ના.) ચાકરડી; લોંડી; ગુલામડી
અર્ધાંકાયા (સા.ના.) સ્ત્રી
સ્તબ્ધ (ગુ. વિ.) હાલે ચાલે નહિ તેવો; સ્થિર.
મહોર (સા.ના.) સોના નાણું.
પાલવ (સા.ના.) છેડો
આજીજી (ભા. ના.) કાલાવાલા.
ચંડાળ (સા.ના.) ભંગીયો; નીચ; પાપી.
અનાથ (ગુ. વિ.) (અ+નાથ) ધણીવિનાની; આધાર વગરની.
ભાન (ભા.ના) જાગૃતિ; સાવચેતી.
કર (સા. ના.) વેરો; દાણ.
આગ્રહ (ભા.ના.) કાલાવાલા; હઠ.

જે રૂપાળી તારામતી તેને ફૂલ વેરેલી જગોપર પણ ચાલવું પણ અયુક્ત હતું, તે સુંવાળી સ્ત્રી દુ:ખદાયક વન તરફ ધણીની પછ-વાડે ચાલવા લાગી.

પાઠ ૨૯ મો.

વહેણ. (ભા.ના.) પ્રવાહ.
પનાઇ (સા.ના.)હોડી.
હલેસાં (સા ના.) મછવો ચલાવતાં પાણી કાપવાનું લાકડાનું હથિઆર.
બાહુ (સા.ના.) હાથ.
ફેફસાં (સા.ના.) શ્વાસોચ્છવાસ લેવાની ઇંદ્રિ.
પાઠશાળા (સા.ના.) જેમાં ઉંચુ જ્ઞાન આપવામાં આવતું હોય એવી શાળા; કોલેજ.
સરત (ભા.ના.) હોડ.
છાછરાં (ગુ. વિ.)થોડું કુઉંડુંને વધારે પહોળું હોય તે.
વેગ (ભા. ના.) શક્તિ; ગતિ.
હરણ ફાળ (ભા. ના.) (હરણ+ફાળ)હરણનો કૂદકો.
ધોધ (સા. ના.) પાણીનું ઉંચેથી પડવું તે.
જોખમકારક (ગુ.વિ) નુકસાનકારી.
ઘુઘવાટ (ભા.ના.) જોરમાં વહેતાં પાણીનો અવાજ થવો તે.
ઢાળ ઉતાર (ગુ. વિ) ઢાળ પડતી.
ભાસ (ભા.ના.) દેખાવ આંખને લાગવું તે.
વારિ (પદા.ના) પાણી
પરકંમાવાસી (સા.ના.) નર્મદાની આજુબાજુ પ્રદક્ષિણા કરનાર જાત્રાળુઓ.
સદાવ્રત (સા.ના.) ગરીબ મુસાફરોને ધર્માદા સીધું આપવું તે

પાઠ ૩૦ મો.

સપુત (સા. ના.) સારો છોકરો
સીધે રસ્તે= પ્રમાણિકપણે
અધર્મ (ભા.ના) અ+ધર્મ, અનીતિ; પાપ
સ્વજન (સા. ના.) (સ્વ+જન પોતાના કુટુંબનું-સગપણનું કે સ્નેહનું માણસ
દીન (સા) ના. ગરીબ
કાપે (સ. ક્રિ. મટાડે
અરચીઆ (સ. ક્રિ.) ભજયા
દામ (પદા. ના.) પૈસો
પરમારથ (ભા. ના. (પરમ+અરથ) ઘણાનું ભલું
ગર્થ (સા. ના.) પૈસો
હરિ (વિ. ના.) પરમેશ્વર
અર્થે (શ. અ.) માટે
અપયશ (ભા. ના.) (અપ+યશ)ખોટો યશ; આબરૂ નહિ તે
અવિનિ (વ. ના.) પૃથ્વી

ગોરી (સા. ના.) સ્ત્રી
ગોખ (સા.ના.) ઘરના આગલા માળની રવેશ ઉપરની બહાર નીકળતી કઠેરાવાળી જગો.
તળે (ઠે.ક્રિ.અ.) નીચે
તીર (સા.ના.) કાંઠો
પલકમાં (વખ.કિ.અ.) જરાવારમાં
ચોથસવાયો (સં.વિ.) ચોથા ભાગનું સવાગણું.
કચરે (સા.ના.) કચરામાં
શેવાળ(પદા.ના.) લીલ
કામની (સા.ના.) સ્ત્રી
કર (સા.ના.) હાથ.
છત (ભા.ના.) હોવું તે
ચંપકવન(સા.ના.) (ચંપક+વન) જે વનમાં ચંપાનાં ઘણાં ઝાડ હોય તે
ભાવ્યાં (અ. ક્રિ.) ગમ્યાં
તમમાંથી (પુ. સર્વ.) તમારામાંથી
બેય (સં.વિ.) બંને
ગણ (સ ક્રિ.) ગણત્રી કર
સાચ (ગુ વિ.) સાચી

કવિતાની સમજુતી.

જે પ્રમાણિકપણાથી ચાલે તે સારો છોકરો કહેવાય, જે પાપને દૂર કરે તે સારો છોકરો કહેવાય; જે પોતાનાં સગાં સબંધીને સુખી કરે તે સારો છોકરો કહેવાય, જે ગરીબોનાં દુઃખો દૂર કરે તે સારો છોકરો કહેવાય; વળી જેણે પરમેશ્વરને પ્રેમથી ભજ્યા તેનું નામજ સારો છોકરો છે, શામળ કવિ કહેછે કે જેણે ઘણાના લાભને માટે પૈસા વાપર્યા હોય તેજ સારો માણસ કહેવાય. (૧) જે વેપારમાંથી પૈસા પેદા કરે તેજ સારો છોકરો કહેવાય, જે પરમેશ્વર પ્રીત્યર્થે (કાંઇ પણ આશા વગર) દાન કરે તેજ સારો છોકરો કહેવાય છે; જે ચોરી ચાડી નહિં કરતો હોય તેજ સારો છોકરો કહેવાય, જે અપકીર્તિથી બીતો રહે તેજ સારો છોકરો કહેવાય; જોતાં જેનામાં ઘણા જ સારા ગુણો માલમ પડે તેજ સારા છોકરાને સ્વર્ગમાં સુખ છે, વળી શામળ કવિ કહેછે કે આ પૃથ્વીમાં તે માણસના જીવવાને પણ ધન્ય છે.(૨)

ગણિત સમસ્યા.

પ્રશ્ન—કોઇ સ્ત્રી નદીના પાણી ઉપર આવેલા ગોખમાં બેઠી હતી, એવામાં તેનો મોતીનો હાર તૂટી ગયો, અને નદીના કાંઠા ઉપર જઇને પડયો; તેમાંનાં અર્ધાં મોતી જરાવારમાં પાણીમાં જઇને પડયાં, અને બાકીનાં અર્ધમાંથી બધાં મળીને જે મોતી હતાં તેના ચોથા ભાગનું સવાગણું કરે તેટલાં મોતી કચરામાં જઇને પડયાં; અને વળી મૂળના છઠ્ઠા ભાગનાં મોતી લીલમાં ગબડી ગબડીને ગયાં; અને સ્ત્રીના હાથમાં બે મોતી રહ્યાં તો કહો કે બધાં મળીને મોતી કેટલાં ?

જવાબ—સિલક છન્નુ મોતી હતાં. તેના ચોથા ભાગનું સવાયું એટલે ત્રીસ અને છઠ્ઠો ભાગ એટલે ૧૬, અને હાથમાં બે તથા પાણીમાં ગએલાં અડતાળીસ મળીને કુલ મોતી છન્નુ.

પ્રશ્ન—પક્ષીઓનાં બેજ ટોળાં ઊડીને આકાશમાં આવ્યાં, અને બધાં પક્ષીને ચંપાનું વન પસંદ પડયું; તેમાંથી એક ટોળું બોલ્યું, તમારા ટોળામાંથી એક પક્ષી અમારામાં આવે, તો આપણે બંને ટોળાં સરખાં થઇએ, અને બધાંને મન સારાં ગમીએ; એટલામાં બીજું ટોળું બોલ્યું કે તમે એક પક્ષી અમને આપો, તો તમારાથી અમે બમણાં થઇએ, તો અમે પૂછીએ છીએ કે બંને ટોળાંમાં પક્ષી કેટલાં ? તેની ગણત્રી કર.

જવાબ—એમાં તે શંકા શી છે ? શાસ્ત્રથી (ગણિત શાસ્ત્રથી) સાચી સાબીતી મળે છે કે બધાં મળીને બાર પક્ષી હતાં તેમાં એકમાં સાતને બીજામાં પાંચ.

પાઠ ૩૧ મો.

પંચવટી(વિ. ના.) પાંચવડનું જૂથ નાશકની સામે ગોદાવરી નદીને કાંઠે છે.
ફૂલવાડી (સા.ના.) ફૂલોનો બગીચો
ઠારેછે (સ.ક્રિ.) સંતોષ પમાડે છે.
અલૌકિક (ગુ. વિ.) (અ+લૌકિક) આ લોકમાં ન હોય એવું અદ્ભુત; અજાયબ જેવું
નિર્ભય (ગુ. વિ.) (નિર્+ભય) બીક વગરનાં
ખુટ્ટી (સા.ના.) ભાત; તરેહ.
આર્યપુત્ર (સા.ના.) એ શબ્દ પોતાના સ્વામિને બોલાવવામાં વપરાતો
છક (ગુ. વિ.) આશ્ચર્યથી સ્તબ્ધ થઇ ગયેલું
મૃગચર્મ(સા.ના.) (મૃગ+ચર્મ) હરણનું ચામડું
શંકા (ભા.ના.) શક; વહેમ; સંદેહ
આસન (સા.ના.) ઊન, દર્ભ, મૃગચર્મ ઇત્યાદિ પવિત્ર વસ્તુનું બેસવાનું પાથરણું
વેષ (સા.ના.) પોશાક—લુગડાંનો દેખાવ.
કારમી (ગુ.વિ.) ભયાનક; બીક લાગે એવી
ફાળ (ભા.ના.) ધાસ્તીથી એકદમ ગભરામણ થઇ આવવી તે; ધાસ્કો
વલોવાઇજતુંહતું (અ. ક્રિ.) ઉથલ પાથલ થતું હતું.
કઠોર (ગુ.વિ.) કઠણ; કડવું; સખત લાગે તેવું
હરિઆળી (ગુ. વિ.) લીલોતરીવાળી
અલખ (વિ.ના.) પરમાત્મા; ગોસાંઇ ભીખ માગતી વખત એ શબ્દ બોલે છે.
પર્ણકુટી (સા.ના.) પર્ણ+કુટી) પાંદડાંની ઝુંપડી
અતિથિ (સા.ના.) ભિક્ષા લેવા આવેલો માણસ
પોત (ભા.ના.) જાત; પાણી; શકિત
નેત્ર (સા.ના. આંખ
વિકરાળ (ગુ.વિ.) ભયંકર

પાઠ ૩૨ મો.

કંજુસ (સા.ના.) જેને હાથેથી પૈસો છૂટે નહિ તે; જે પેટે પણ ખાય નહિં તે; કૃપણ; શઠ
વિદ્યાર્થીના આશીર્વાદ =ભીખ માગવીતે
દળદર (ભા.ના.) ગરીબ અવસ્થા.
ઝીક(ભા.ના.) ધોવાસારૂ કપડાને પત્થરપર પ

છાડવું તે
વારસો (ભા.ના.) મરનારની માલ મીલ્કત તેના વારસને મળવી તે
ચતાં (ગુ.વિ.) વાંસો નીચે અને છાતી ઉપર હોય તેવું
વધ્યાસધ્યા (ગુ.વિ.) વધારાના
દુકાળ (ભા.ના.) ઘણાં પ્રાણીઓ ભૂખે તરસે પીડા પામે એવો વખત
સંકલ્પ (ભા.ના.) ઠરાવની નિશાની તરીકે હાથમાં પાણી લઇ જમીનપર મૂકવું તે
ધાસ્તી (ભા.ના.) બીક; ડર
સલાહ (ભા.ના.) મત
બેભાન (ગુ.વિ.) ભાન વગરનું
અવસ્થા (ભા.ના.) હાલત; સ્થિતિ
સારવાર (ભા.ના.) ચાકરી
બંદોબસ્ત (ભા.ના.) ગોઠવણ
કૃપણ (સા.ના.) કંજુસ

પાઠ ૩૩ મો.

નાસ્તિકપણું (ભા.ના.) જગતનો કર્ત્તા ઇશ્વર છે એમ નહિ માનવું તે
ખાતરી (ભા.ના.) સાબીતી; નિશ્ચય
અસાધારણ (ગુ.વિ.) ઘણીજ
કોમળપણું (ભા.ના.) નાજુકપણું
કાળજી (ભા.ના.) સંભાળ
મેદ (પદા.ના.) શરીરનો એક ધાતુ, જાડા માણસમાં એ વધારે હોય છે
સરળતા (ભા.ના.) સહેલાપણું
સંરક્ષણ (ભા.ના.) સંભાળ
છાજલી (સા.ના.) નાનું છજું
જતન (ભા.ના.) રક્ષણ; સાચવણ
ડોળો (સા.ના.) આંખનો વચલો ભાગ
નિરંતર (વખ. ક્રિ.અ.) હંમેશાં
બ્રહ્માંડ (વિ.ના.) પૃથ્વીનો ગોળો
ગરજ (ભા.ના.) મતલબ
સાખ (ભા.ના.) સાક્ષી
ચાતુરી (ભા.ના.) ચતુરાઈ
કળા (ભા.ના.) યુકિત
ખુબી (ભા.ના.) વખાણવા લાયક ચતુરાઇ
શ્રદ્ધા (ભા.ના.) આસ્થા
વિસારે (ભા.ના.) ભુલાવામાં

પાઠ ૩૪ મો.

અરજ (ભા.ના.) વિનતિ, કાલાવાલા
અવિનાશી (વિ.ના.) (અ+વિનાશ) જેનો નાશ નથી તે; પર-

મેશ્વર
આશ (ભા.ના.) આશા ઇચ્છા
વાંક (ભા.ના.) ગુનો; અપરાધ
લેશ (ગુ. વિ.) જરા; લગાર
ભેળાં (ગુ.વિ.) ભેગાં; એકઠાં
નિરાશ (ગુ.વિ.) (નિર્+આશ) આશાવગરનાં; નારાજ; દીલગીર.
શુભ (ગુ. વિ.) સારા.
કચાશ (ભા.ના.) અધુરાપણું; ખામી.
મતિ (ભા.ના.) બુદ્ધિ.
સદ્ગુણ (ભા.ના.) (સત્+ગુણ) સારાગુણ.
સમાસ (ભા. ના.) સમાવું તે.
નિર્મળ (ગુ. વિ.) નિર્+મલ) મેલ વગરનું; ચોકખું
નિશદિન (વખ.ક્રિ. અ.) (નિશ+દિન) રાત દિવસ; હંમેશાં.

સુવાસ (ભા.ના,) સારી વાસ; કીર્તિ.
અંતર (ભા.ના.) મન
ઉજાસ (સા.ના.) પ્રકાશ
હાશ (કિ.અ.) સંતોષ પામતી વખતે આ શબ્દ વપરાયછે; આનંદ;
કુધારો (ભા. ના.) (કુ+ધારો) નઠારો રિવાજ.
આધાર (ભા.ના.) આશરો; મદદ
દયાનિધિ (વિ.ના) (દયા+નિધિ) દયાનોભંડાર; પરમેશ્વર.
અશરણશરણ (ગુ.વિ) નિરાધારનો આધાર.
વા'ર (ભા. ના.) મદદ
અપાર (ગુ.વિ.) (અ+પાર) છેડા વગરની; ઘણીજ.
ઘોર (ગુ. વિ.) બિહામણું; ભયંકર.
ભયભીત (ગુ.વિ.) ભયંકર.
વિરાજિત (ગુ. વિ.) સુંદર; શોભિતાં

લીલા (સા.ના) શોભા; ખુબી.
અકળ (ગુ. વિ.) સમજી ન શકાય એવી.
જર (પદા.ના.) પૈસો.
સકળ (ગુ.વિ.) બધી; સઘળી.
વિકળતા (ભા. ના.) ગભરામણ
વીખ (પદા. ના.) ઝેર
વિષય (ભા. ના.) ખરાબ કામ.
બાનું (સા.ના.) નામ; નિમિત્ત.
પત (ભા.ના.) આબરૂ; ટેક.
પતિતોદ્ધાર (વિ. ના.) (પતિત+ઉદ્ધાર) પાપીઓને તારનાર; પરમેશ્વર.
અભય (ગુ. વિ.) (અ+ભય) ભય વગરનું.
અચળ (ગુ.વિ.) (અ+ચળ) ડગે નહિ એવું; કાયમ
યાચ્યું (સ. ક્રિ.) માગ્યું
વારંવાર (વખ. ક્રિ.અ.) હંમેશાં; હરઘડી.

ક્ષમા (ભા.ના.)માફ.
તારી(સં.ભૂ.કૃ.અ.)બચાવી; ઉગારીને.
ગમતાં (વ. કૃ.) પસંદ પડતાં.
વિસ્તાર (ભા.ના.)આરમાનું મોટાપણું; વિશાળપણું.
પરેશા(વિ.ના.)મોટો ઇશ્વર; પરમેશ્વર.
વિશ્વેશા (વિ.રા.) દુનીઆનો ધણી;પરમેશ્વર
દીપસમ (ગુ. વિ.) દીવા જેવા
ઝગે (અ. ક્રિ.)પ્રકાશે.
તરૂવર (સા. ના.) (તરૂ+વર) મોટાં ઝાડ
અકલિત (ગુ. વિ)(અ+કલિત) સમજાયનહિં એવી.

કૃતિ (ભા.ના.)કામ
ગતિ (ભા.ના.)શક્તિ.
રચ્યું (સ.ક્રિ.)બનાવ્યું
હિતાર્થે (શ- અ.) (હિત+અર્થે) ભલાને માટે
નિર્ખી(સં.ભૂ.કૃ.અ.)જોઇ
મથીમથી(સં.ભૂ.કૃ,અ.) પ્રયત્ન કરીને.
જનમતિ (ભા.ના)(જન+મતિ) માણસની બુદ્ધિ.
જળનિધિ (સા.ના.)(જળ+નિધિ) પાણીનો ભંડાર; સમુદ્ર
નૃત્ય (ભા. ના.) નાચ.
તરંગ (સા.ના.) મોજાં
સૂર (ભા.ના.) અવાજ.
આલપતો (સ.ક્રિ.)ગાતો
ઝૂકી (અ.ક્રિ.)વાંકીવળી; ઝૂલી.

લહેર (ભા.ના.)સપાટા
પ્રતિ (શ. અ.) તરફ
રમણાં (ગુ.વિ.) સુંદર.
દર્શાવે (સ. ક્રિ.) દેખાડે; બતાવે.
કળા (ભા.ના.) યુક્તિ.
મણા (ભા.ના.) બાકી; ઓછું
વ્યાઘ્ર (સા.ના.)વાઘ
ગરજન(ભા.ના.) મોટો અવાજ; ગર્જના.
હીરે (સા.ના.)હીરાવડે
મડી લીધું (સ.ક્રિ.)જડીલીધું.
પોકારી (સ.ભુ. કૃ.અ.) બૂમો પાડીને.
વડી. (ગુ. વિ.) મોટી.

પ્રભુ અરજ સાંભળો, હે અવિનાશી (પ્રભુ) તમે અમારી અરજ સાંભળો (ટેક) તમે પોતે દયાળુ છો, અને અમે સઘળા બાળક (ઓછી અક્કલના) છીએ. માટે અમારી એક ઇચ્છા છે, (ટેક) કે છોકરાઓતો ઘણાએ ગુના કરે, પણ તેથી તમે જરા પણ નારાજ થશો નહિ. અમે સઘળાં ભણવાના વિષયો શીખવાને

ભેગાં થઇએ છીએ, તેમાં અમને ના ઉમેદ કરશો નહિ. (ટેક) અમે બધાં સમજીને સારા ગુણો લઇએ કે જેથી અમારામાં લગાર પણ ખામી રહે નહિ (ટેક) અમને સારા ગુણો સાથે સારી બુદ્ધિ આપો, કે અમે બધાંમાં હળી મળીને રહીએ. (ટેક) અમે હંમેશાં ચોખા દીલના (પાપ વગરના) રહીએ કે જેથી કરીને અમારી કીર્તિ ફેલાય (ટેક) અમે મોઢેથી એવું માગીએ છીએ કે અમારા મનમાં જ્ઞાન રૂપી પ્રકાશ થાય (ટેક) અમને આપની મદદ મળ્યાથી મનમાં સંતોષ છે. (ટેક) કોઈ પણ વખતે અમારામાં જરા પણ નઠારી રીત રહે નહિ, અને સુખ જતું રહે નહિ. (ટેક)

હે દયાના ભંડાર (પ્રભુ) તું મારો આશરો છે, મને તારીજ મદદ છે. હે આધાર વગરનાને આધાર આપનાર તારૂં નામ દેવું સારૂં છે, તું મને મદદ કર. (ટેક) હું જ્યાં જોઉં છું ત્યાં તારી શોભા અપાર છે, અને તારી શકિતનો સુમાર સમજી શકાય એવો નથી. (ટેક) રૂપને લીધે રંગને લીધે કે પૈસાના લોભને લીધે દુનીઆના લોકનો પ્યાર છે, (ટેક) તું બધી ગભરામણ મટાડીને ઝેર જેવા વિષયોથી અટકાવ (ટેક) હે હેતથી પાપીઓને તારનાર તારા નામની (તારા ભકતોની) આબરૂ રાખ. (ટેક) તારી ભયવગરની અને કાયમની સારી પદવી હું માગું છું. (ટેક) તું ઇનસાફી છે પણ અમને માફ કરી આ દુઃખ રૂપ સંસારમાંથી બચાવી પાર ઉતાર (મતલબ કે જન્મ મરણના ફેરામાંથી બચાવ) (ટેક) કહાન કવિ કહે છે કે તને પસંદ પડતાં કામ કરી હું આ આત્માની મોટાઇ મેળવું છું. (મતલબ કે આત્માને ઉંચી સ્થિતિમાં લાવવાનો પ્રયત્ન કરૂં છું)

હે પરમેશ્વર, વિશ્વના ધણી તારા કામની શક્તિ સમજાય નહિ એવી છે. હે દુનીઆના ધણી (પ્રભુ.) તેં આ સઘળું માણસોના ભલા માટે બનાવ્યું છે; તારૂં કામ મોટું જોઇને માણસો સમજવાને મહેનત કરી કરીને વેગળા ખસે છે, વળી તારા ગુણોનું વર્ણન કરવાને માણસની જરા પણ બુદ્ધિ ચાલતી નથી. (૧) અહો ? આ સમુદ્ર ઘણો નાચ કરતો કેવો જણાય છે ? મોજાં ઉછાળીને જાણે મધુર અવાજ ગાતો હોયની ? બાગ અને વાડીઓમાં ફળ અને ફૂલોથી ડાળીઓ ઘણી નમી રહી છે, અને જાણે તે પવનના સપાટાથી પરમેશ્વરને નમતી હોયની ! (૨) સુંદર પક્ષીઓ મધુરૂં ગાઇને આનંદ પામેછે, અને તે પરમેશ્વરની નહિ સમજાય એવી કળામાં કાંઇ બાકી નથી એવું બતાવે છે. વળી વાઘો અને સિંહો ભયંકર અવાજ કરીને ફરતા તેથી પાસેના પહાડોને લીધે ફરીને ભયંકર શબ્દો થતા (મતલબ કે પડઘા પડતા) (૩) સંધ્યાકાળને વખતે જોતાં ઘણાંજ સુંદર નાનાં જીવડાં ઊડે છે, અને તેઓ ઝાડ ઉપર સળગતા દીવા જેવાં દેખાય છે; તેઓ પ્રકાશે છે તેથી જાણે મોટાં ઝાડો શું હીરા વડે જડી લીધાં હશે ? એવાં દેખાય છે વળી માણસો મોટા અવાજથી કહે છે કે આહા પરમેશ્વરનાં કરેલાં કામો કેવાં મોટાં છે ? (૪)

પાઠ ૩૫ મો.

સ્નેહ (ભા. ના.) હેત.

એદીપણું (ભા. ના.) આળસ.

ભૂસ્તરવિદ્યા (ભા. ના.) જમીનના પડનું જ્ઞાન મેળવવાની વિદ્યા.

ચિહ્નો (સા.ના.) નિશાની

મુનીમ (સા. ના.) શરાફી દુકાને જે મુખ્ય માણસ શેઠની વતીનું કામ કરનારો હોય તે; કારભારી.

ખોળ (ભા. ના.) શોધ; તપાસ.

અગત્ય (ભા. ના.) જરૂર.

આધાર (ભા. ના) વિશ્વાસ

સ્વાશ્રય (ભા. ના) (સ્વ+આશ્રય) પોતાની મદદ

આશ (ભા. ના.) આશા ઇચ્છા.

નિરાશ (ગુ. વિ.) (નિર્ +આશ) આશા વગરનું; નાઉમેદ.

ઇસ્પિતાલ (સા. ના.) દવાખાનું

કર્મ (ભા. ના.) નસીબ.

અદકો (ગુ. વિ.) વધારે

બાપડું (ગુ.વિ.) ગરીબડું

પાઠ ૩૬ મો.

ધનાઢ્ય (ગુ. વિ.) ઘણી દોલત વાળો

વહાણવટી (સા. ના.) વહાણ ચલાવનાર; ખલાસી

નાતાલ (ભા. ના.) અંગ્રેજ લોકોની દિવાળી; તા. ૨૫ મી ડિસેમ્બર.

ભોમીઓ (સા. ના.) રસ્તો જાણનાર.

મથક (સા. ના.) જગા; સ્થાન.

સિંહલદ્વીપ (વિ. ના.) લંકા.

સમૃદ્ધિ (સા. ના.) પુષ્કળ દોલત

છક (ગુ. વિ.) દીંગ; ચકીત.

નજરાણું (સા. ના.) ભેટ

ધક્કો (ભા. ના.) નુકસાન.

માહીતી (ભા. ના.) અનુભવ.

હિત (ભા. ના.) ભલું

પાઠ ૩૭ મો.

કીટલી (સા. ના) ચાહનું પાણી ઉકાળવાનું નાળચાવાળું વાસણ

તુરંગ (સા. ના.) કેદખાનું

પ્રયોગ (ભા. ના.) અજમાએશ; અમુક સાધનવડે કાંઈ કરી બતાવવું તે.

ભાવ (ભા. ના.) હેત; પ્રેમ.

વરાળયંત્ર (સા. ના.) (વરાળ+યંત્ર) વરાળવડે ચાલનારો સંચો

અવલોકન (ભા. ના.) તપાસ.

આગબોટ (સા. ના.) વરાળથી ચાલનારૂં મોટું વહાણ.

ક્લાઇડ (વિ. ના.) એ વિલાયતની ઉત્તરે સ્કોટલાંડ દેશ છે તેમાં નદી છે.

ઇંજનેર (સા. ના.) હિસાબ, નકશાને સંચા સંબંધીનું જે ને જ્ઞાન હોય તે

દરજ્જો (સા. ના) પદવી

અપૂર્વ (ગુ. વિ.) પહેલાં નહિં એવી.

ફતેહમંદી (ભા. ના.) ફતેહ; જીત.

નિર્ભય (ગુ. વિ.) ભય વગરનું

ખંત (ભા. ના.) કાળજી; ચીવટ
નવાઇ (ભા. ના.) અચંબો; આશ્ચર્ય
હવાઇ (ભા. ના.) હવામાં ઊડે એવું
જાહોજલાલી (સા. ના.) ભપકાદાર શોભા.

પાઠ ૩૮ મો.

પંચવટી (વિ. ના.) પાંચવડનો જથો. એ નાશિક ત્રંબકની પાસેછે
રઘુવીર (વિ.ના.) રામચંદ્રજી
વિરાજતા (અ. ક્રિ.) શોભતા.
કુળનો ધર્મ=વંશ પરંપરાથી ચાલતો આવેલો ધર્મ.
લીલા (ભા. ના.) ક્રિડા; ખેલ.
નૌતમ (ગુ. વિ.) નવું
રંગ (ભા. ના.) મજા; આનંદ.
નિર્મળ (ગુ. વિ.)(નિર્+મળ) મેલ વગરનું; ચોકખું
મઠ (સા. ના.) આશ્રમ.
પર્ણકુટી (સા. ના.) પાંદડાં વિગેરેની બનાવેલી ઝુંપડી
વાડી (સા. ના.) બગીચો
વૃંદ (સા.ના.) જથો; જૂથ.
મકુંદ (સા. ના.) એક જાતનું ઝાડછે.
ખટપદ (સા. ના.) (ખટ+પદ)છપગવાળું જીવડું; ભમરો.
ગુંજે (અ. ક્રિ) ગુંગું અવાજ કરે
મધુ (ગુ. વિ.) મીઠું
મકરંદ (પદા. ના.) ફૂલનો રસ; મધ.
મંડપ (સા. ના.)માંડવો
કદળી (સા. ના.) કેળ-
લૂમી (સા. ના.) લૂમ
નારિકેળ (સા. ના.) નાળિએર
જંબીર (સા. ના.) જાંબુડી..
ફોફલી (સા. ના.) સોપારીનું ઝાડ
સીતાફળી (સા. ના.) સીતાફળનું ઝાડ:
શતપત્રી (સા. ના.) સોપાનની વેલ.
કલ્હાર (સા. ના.) એક જાતનો છોડ
મેંકે (અ. ક્રિ.) બેહેકે; સુવાસ આપે.
કુંદ (સા.ના.) એક જાતના ફૂલનો વેલો
સોહામણા (ગુ. વિ.)મધુર, શોભિતા
બક (સા.ના.) બગલું
પારાવત (સા.ના.) કબુતર
કારંડવ (સા.ના.) બતક
ચકોર (સા. ના.) એ ઘણું કરીને કુકડાને મળતું હોયછે, પણ તેથી નાનું હોય છે.
કોકિલા (સા.ના.) કોયલ
કપોત (સા.ના.) જેની

ડોકે રંગની છાંટ હોય છે તે કબુતર
ખંજન (સા. ના.) એક જાતનું પક્ષી
લલિત (ગુ. વિ.) સુંદર
વિહંગ (સા. ના.) પક્ષી
કળાકરવી=મોર પોતાનાં પીછાં ગોળાકાર ઉંચાં અને પહોળાં કરે છે તે
ખગ (સા. ના.) પક્ષી
જૂથ (સા. ના.) ટોળું
વનફળ (સા. ના.) (વન+ફળ) વનમાં પેદા થતાં ફળ
જનકસુતા (વિ. ના.) (જનક+સુતા) જનક રાજાની છોકરી; જાનકી; સીતા
નીતે (વખ. ક્રિ. અ) હંમેશાં
સૌમિત્ર (વિ. ના.) સુમિત્રાનો પુત્ર; લક્ષ્મણ
આરોગાવીને (સ. ભૂ. કૃ અ.) ખવરાવીને
વળતાં (વખ. ક્રિ. અ) પછી
ગ્રાસ કરે=જમે; ખાય

કવિતાની સમજુતી.

• પંચ વટીમાં શ્રી રામચંદ્રજી રહેતા હતા, તેમની સીતા અને લક્ષ્મણ સાથે સેવા કરતાં હતાં; અને પોતાના કુળ ધર્મ પ્રમાણે બધાં ચાલતાં હતાં, અને હંમેશાં નવીન પ્રકારની મજા અને અદ્‌ભુત કામ કરતા હતા. પંચવટીમાં શ્રી રામચંદ્રજી રહેતા હતા. (૧) પંચવટીની પાસે ગોદાવરી નદીનું પવિત્ર પાણી વહે છે, અને ઠેકાણે ઠેકાણે ધીરજ વાળા મુનિઓના આશ્રમો આવી રહેલા છે; અને રહેવાની ઝુંપડી પાસે સીતાજીએ બગીચો બનાવ્યો, તેમાં તુળસીના છોડના જથા વાવ્યા; વળી તેમાં જાઇ, જુઇ, મકંદ, આંબો, અને મોગરો હતાં, અને ભમરાઓ ગું ગું અવાજ કરતા અને ફૂલમાંનો મીઠો રસ ચૂસીલેતા. (ટેક) (૨) વળી તેમાં ગુલાબ, ચંપો. ડનરો, ચંપેલી, અને માલતી હતાં, અને આંબાપર પાકવા આવેલી કેરીઓ હાલતી હતી. વળી તેમાં જામફળી, દાડમ, નારંગી, ને કેળ હતી, અને માંડવા ઉપર દ્રાક્ષના ઝુમખા લચી રહયા હતા. (ટેક)(૩) નાળિએર, જં-

બીર, ફણુસ, સોપારીનું ઝાડ અનુસડી, શતપત્રી, કુંદ અને કલ્હાર હતાં; વળી મઘમઘતો કેવડો ચો તરફ સારી વાસ આપતો, અને તરેહ તરેહનાં ઘણાં ફૂલ ફૂલી રહયાં હતાં. (ટેક) (૮) ઝાડ-પર પક્ષીઓ મધુર શબ્દ કરતા, અને તેમાં બગલો, કબુતર, ચકવા ચકવી, હરણ, અને હંસ, બતક, ચકોર, ચાતક, કોયલ; હોલા, ખંજન વગેરે સુંદર પક્ષીઓ હતાં. (ટેક) (૫) જમીનપર મોર. કળા કરીને નાચતા હતા, અને મેનાને પોપટ જય રામ જય રામ બોલતાં હતાં; અને બીજાં સુંદર પક્ષીઓ સારા મધુર શબ્દો બોલતાં હતાં, આવાં પક્ષી અને હરણોને જોઇ સીતાજી મનમાં આનંદ પામતાં હતાં (ટેક) (૬)

રામ પંચવટીમાં રહયાછે, અને તેમના દિવસ આનંદમાં જાયછે; લક્ષ્મણને સીતાજી રામચંદ્રજીની હેતથી સેવા કરેછે. વળી ભીલડીઓનાં ટોળાં મળીને સીતાજીને જોવા માટે આવે છે; અને તેઓ તરેહ તરેહનાં વનમાં પેદા થતાં ફળ તથા મેવા પડીઆમાં ભરી ભરીને. લાવે છે. સીતાજીના બગીચામાં હરણનાં ટોળાં ચરવા આવે છે અને તે બધાં સીતાજી નું રૂપ જોઇને નવાઈ પામે છે. હંમેશાં લક્ષ્મણ ફળ લાવીને સીતાજીની પાસે મૂકે છે; અને સીતાજી રામચંદ્રજીને તે ફળો ખવડાવીને પછી પોતે ખાય છે.

પાઠ ૩૮ મો.

પુરાવો (ભા.ના.)સાબીતી.
મતભેદ(ભા.ના.)વિચાર ફેર.
પક્ષ (ભા.ના.) ટેક.
નિશ્ચય (ભા.ના.)ઠરાવ.
રસિક (ગુ.વિ.) આનંદ પડે તેવું.
આખ્યાન (ભા.ના)વાર્તા.
શણગારી છે (સ. ક્રિ.) શોભાવી છે.
તરેહ(સા.ના.)રીત.
આશ્રય (ભા.ના.) મદદ
શામળ (વિ.ના.)નરસિંહ મહેતાનો છોકરો
શીઘ્ર (ગુ.વિ.)તરત ને તરત કરેલી.

મામેરૂં (સા ના.) મોસાળું.
શ્રીમંત (ગુ.વિ.) (શ્રી+મંત) લક્ષ્મીવાળો; પૈસાદાર.
પાત્ર (ભા.ના.) વિષય.
સ્વર્ગવાસ (ભા.ના.) (સ્વર્ગ+વાસ) મરવું તે
આરોગ્યતા (ભા. ના.) તંદુરસ્તી.

પાઠ ૪૦ મો.

રહેણી (ભા.ના.) ચાલ ચલગત.
ધડો (ભા.ના.) દાખલો.
ખલીફા (સા.ના.) મહંમદ પેગંબરની પછી ગાદી ચલાવનારામાંનો એક.
શસ્ત્ર (સા.ના.) હથિઆર આયુદ્ધ.
પચાવી પડયો (સ. ક્રિ) દબાવી બેઠો.
પ્રપૌત્ર (સા.ના.) છોકરાનો છોકરો ને તેનો છોકરો.
ખલિફાત (વ.ના.) ખલીફાની ગાદી.
ધર્માધ્યક્ષ (ગુ.વિ.) ધર્મનો ઉપરી
મુરબ્બી (ગુ.વિ.) આસરો આપનાર.
નામાંકિત (ગુ. વિ.) પ્રખ્યાત; નામીચો.
દિનાર (સા.ના.) એના મનો જુનો અઢી રૂપીઆની કીંમતનો સિક્કો.
તાજુબી (ભા.ના.) નવાઈ
ખજાનચી (સા.ના.) જામદાર; તિજોરર
ખુદાવંદ (સા.ના.) મોટો માલીક; સાહેબ.
દામ (પદા. ના.) પૈસા.
સુધ (ભા.ના.) ભાન.
તાબડતોબ (રી.ક્રિ.અ.) તરતજ; જલદીથી

પાઠ ૪૧ મો.

દેશાટન (ભા.ના.) (દેશ+અટન) ઘણા દેશમાં મુસાફરી કરવી તે.
આપવડાઇ (ભા. ના.) જાતની ખોટી મોટાઇ
કષ્ટ (ભા. ના.) દુઃખ.
સહેવાં પડે (સ. ક્રિ) ખમવાં પડે.
જમાવી શકાય (અ. ક્રિ.) ફેલાવી શકાય.
ખ્યાલ (ભા.ના.) વિચાર
પુસ્તકાલય (સા.ના.) (પુસ્ત+આલય) લાયબ્રેરી
સંગ્રહસ્થાનો (સા.ના.) પ્રદર્શનો.
ઇસ્પિતાલો (સા.ના.) દવાખાનાં.
કૃતિ (સા. ના.) કોઇએ જે કરેલું તે.
ઝરણું (સા.ના.) પહાડ પર્વતમાંથી થોડું થોડું નીકળી આવતું પાણી.
નિહાળવાથી (સા. કૃ.) તપાસીને જોવાથી.
મિઠાશ (ભા.ના.) આનંદ; મઝા.

પાઠ ૪૨ મો.

ખારીલાપણું (ભા.ના.) અદેખાઈ; ઇર્ષા.

દ્વેષી (ગુ. વિ.) અદેખો; ખારીલો.
ઉદાર (ગુ. વિ.) મોટા દીલનો
પ્રેમી (ગુ. વિ.)માયા રાખનાર.
ઉજળો (ગુ.વિ.) ખરો
ક્રૂરપણું (ભા. ના.) ઘાતકીપણું
ઘોળાવું (સા. ક્રૃ.) આમ તેમ વિચાર કર્યાં કરવા તે.
ઘુંટાયા કરતો નથી (અ. ક્રિ.) ફરીફરીને આવતો નથી
લુણો (સા.ના.)મટોડી, ઈંટ, છો વગેરેમાં જે ખારનો ભાગ જામે છે તે.
કાયમ (વખ.ક્રિ. અ.) હંમેશાં
ચીમળાયા કરેછે (અ. ક્રિ.) મનમાં બળ્યા કરેછે.
પ્રફુલ્લના (ભા. ના.) આનંદથી ખીલવું તે.

કૃત્ય(ભા.ના.) કામ.
કોશળદેશ(વિ.ના.)હાલના અયોધ્યા ને આગ્રા પ્રાંતો
દુશ્મનાવટ (ભા. ના.) શત્રુતા; વેર.
ઓસડ (ભા.ના.) ઉપાય.
ખુરૂં (ગુ. વિ.) નઠારૂં
ક્ષમા (ભા. ના.) માફી આપવી તે.
વીર (સા. ના.) બહાદુર
ભૂષણ (સા. ના.) શણગાર.

પાઠ ૪૩ મો.

કરિઆણું (પદા. ના.) ગાંધીની દુકાને ઓસડ મસાલા વગેરે ચીજો મળે છે તે.
વખાર (સા. ના.) વેચવાનો માલ જ્યાં ભરી રાખ્યો હોય તે ઠેકાણું.
ધાસ્કો (ભા. ના.)ફાળ.
મોગરો (સા. ના.) દીવાની વાટની સળગતી ચીણગારી.

જોત (સા. ના.) બળતી વાટ.
રચ્યો (સ. ક્રિ.) બનાવ્યે.
સ્થિર (ગુ. વિ.)શાન્ત; ચલે નહિ તેવું
સ્વસ્થ (ગુ. વિ.) સુખચેનમાં હોય તેવું.

પાઠ ૪૪ મો.

હિત (ભા. ના.) ભલું.
બધિર (ગુ. વિ.) બહેરો.
સ્વાધીન (ગુ. વિ.) તાબે;
સમ (શ. અ.) જેવો; બરાબર.
ગુંગ (ગુ. વિ.) મુંગો.
નીત (વખ. ક્રિ. અ.) હંમેશાં
પર ઉપકારી (ગુ. વિ.) પારકાનું ભલું કરનાર, પરોપકારી.
રણે (સા. ના.)લડાઇમાં
ભારી (ગુ. વિ.) વધારે;
ચતુર (ગુ. વિ.) હોશિઆર; કાબેલ

મંનનો સુખી=સંતોષી
સ્તુતિ (ભા. ના.) વખાણ.
ખતા ખાવી=નુકસાન વેઠવું.
પીઠપાછળ=પછવાડે
અનાદર (ભા. ના.) તિરસ્કાર
દશા (સા. ના.) હાલત સ્થિતિ
સહી (નિશ્ચં. ક્રિ. અ.) જરૂર; નકકી
હિતકાર (ગુ. વિ.) ભલું તાકનાર.
શીખ (ભા. ના.) શિખામણ.
કડુ (ગુ. વિ.) કડવું.

ભાષણ (ભા. ના.) મોઢેથી કંઇ બોલવું તે.
તોય (ઉભ. અ.) તો
હિતકાર (ગુ. વિ.) ભલું કરનાર
સાચ (ગુ. વિ.) ખરો; સાચો
ભરોસે (ભા. ના.) વિશ્વાસથી
આગદાની (ભા. ના.) આવક
લખવે (સ. ક્રિ.) ગણે.
સાવધ (ગુ. વિ.) હોશિઆર; જાગૃત.

હોરીલે છે (સ. ક્રિ.) વેઠી લેછે.
ઘરમેળે=માંહો માંહે
કાજી (સા. ના.) કુરાનના ફરમાન મુજબ ઇનસાફ કરનાર અમલદાર.
સર્વથા (રી. ક્રિ. અ.) કોઇ પણ પ્રકારે; બધી રીતે.
કથા (ભા. ના.) વાત
ડોકીબહાર નકાઢવી=આગેવાન થવું નહિ.
વિચાર (ભા. ના.) અભિપ્રાય

કવિતાની સમજુતી.

ભલાને માટે કહીએ પણ કંઇ સાંભળે (ધ્યાનમાં લે) નહિ, તો તેને બહેરા જેવો સમજવો; જે ગુસ્સાને વશ થાય (મતલબકે ગુસ્સો કરે) તેને આંધળા જેવો માનવો. (૧) જે માણસ સારૂં (મીઠું) બોલી જાણતો નથી, તેને ગુંગા જેવો માનવો; જે સારૂં નરસું સમજતો નથી, તેને ઢોર જેવો સમજવો. (૨) જે હંમેશાં પારકાનું ભલું કરનાર છે, તેનેજ મોટો સમજવો; જે લડાઇમાં ઘણો નિર્ભય રહે છે, તેનેજ હીંમતવાન જાણવો. (૩) જે માણસ પૈસો જુવાનીને ઉંમર

ઉપર વિશ્વાસ રાખતો નથી; તેજ સંતોષીને ડાહ્યો અને હોશિઆર સમજવો. (૪) આપણે આપણાં વખાણ સાંભળીને ભૂલથી નુકસાન વેઠવું નહિ; કારણ કે મતલબને માટે લુચ્ચા માણસો ઘણું જૂઠું બોલે છે. (૫) આપણી કોઇ બગદોઇ કરે, તો તે સાંભળીને આપણે લડવું નહિ; કારણ કે જે નીચ માણસ હોય છે, તેજ પછવાડે ભુંડું બોલે છે. (૬) કોઇને નિર્ધન જોઇને તેનો તિરસ્કાર કરવો નહિ; કારણ કે કોઇ વખતે આપણી જરૂર તેવી હાલત થાય. (૭) ભલું ઇચ્છનાર માણ-ણુસની શિખામણનું કડવું વચન પણ ખરૂં છે; તોતે ભલું કરનાર સાથે વેર શા માટે કરવું (૮) આપણી છાની વાતો કોઇને વિશ્વાસથી કહેવી નહિ; પણ જે ખરો સ્નેહી હોય, તેને વિશ્વાસથી જરૂર કહેવી. (૯) જે લોકો ઉપજ અને ખર્ચ લખે છે, તેમનાથી લોકો જાગૃત રહે છે પણ જેઓ વહેવારમાં (લેવડ દેવડના સંબંધમાં) શરમ રાખે છે, તેઓ જાણી જોઇને નુકસાન વેઠે છે. (૧૦) હલકા માણસ પાસેથી પણ ચતુરાઇની વાત જાણી લેવી; જો લડાઇ માંહો માંહે પતે તો તમે ન્યાયાધીશ પાસે જતા નહિ. (૧૧) મરી ગએલા માણસનું કોઇ વખતે જરૂર ભુંડું બોલશો નહિ; કોઇની સાથે શત્રુતાઇ રાખશો નહિ, અને કોઇની છાની વાતો ખુલ્લી પાડતા નહિ (૧૨) જીભને ગળયું ખાવાની ઘણી ટેવ પાડવી નહિ (મતલબકે મિષ્ટાન્ન ખાંવાનો ઘણો મહાવરો રાખવો નહિ) કોઇની લડાઇ માથે લેવાને આગેવાની કરવી નહિ. એક કામ પૂરૂં થયા પછી બીજા કામની શરૂઆત કરવી; બે મ ણુસની વાતમાં ત્રીજા માણસે એકદમ પોતાનો અભિપ્રાય આપવો નહિ (૧૪)

પાઠ ૪૫ મો.

માવત (સા. ના.) હાથીને હાંકનારો.

રથ (સા. ના.) ચાર પૈડાંને બે ઘુમટની ગાડી

ખવાસ (સા. ના.) હજુરી ચાકર.

ભાંડ (સા. ના.) ખેલ કરનારાની એક જાત છે.

મલ (સા. ના.) કસરતબાજ

વાહન (સા. ના.) જેના ઉપર બેસીને દૂર જવાય તે. હાથી, ઘોડા, રથ વગેરે.

અધીરા (ગુ. વિ.) ધીરજ વિનાના.

જાગરણ (ભા. ના.) ઉજાગરો.

મોરીઓ (સા. ના.) ગંદુ પાણી જવા ખોદેલી નીક; ગટર.

સુંદરીઓ (સા. ના.) સ્ત્રીઓ.

રમણિક (ગુ. વિ.) સુંદર

સાથીઆ (સા. ના.) દેવની આગળ અથવા ઘરના આંગણે ચુનો અથવા ચોખાના લોટનાં જે રંગિત ચિત્રો કહાડવામાં આવે છે તે.

ઉત્સવ (ભા. ના.) હર્ષ; આનંદ

મહાલતી હતી (અ. ક્રિ) આનંદમાં ફરતી હતી

હર્ષને બહાર જવાનો રસ્તો આપતા=આનંદ બતાવતા.

ઉમેદ (ભા. ના.) આશા

વકરો (ભા. ના.) વેચાણ

ફળાહાર (ભા. ના.) (ફલ+આહાર) ફળ ખાવાં તે; ફરાળ

ઉપવાસ (ભા. ના.) ભુખ્યા રહેવું તે; અપવાસ

પારણા (ભા ના.) અપવાસને બીજે દહાડે જમવું તે.

સ્ફટિક (સા. ના.) સુંદર ચળકતો નિયમિત બાજુવાળો પત્થર

અષ્ટખુણ (ગુ. વિ.) આઠખુણાવાળો

કીર્તિસ્તંભ (સા. ના.) યાદગીરીને માટે ઉભો કરેલો ચણતરનો થાંભલો

નકશી (સા. ના.) કાગળ, કપડાં, યા પત્થર ઉપર કોઇપણ પદાર્થનો આકાર ચીતરી બનાવેલો તે

રાસ (ભા. ના.) ગોપીને કૃષ્ણ એમણે જે રસ ભરી ક્રિડા કરેલી તે.

ચોઘડીઆં (ભા. ના.) ચાર ચાર ઘડીએ દેવળ વગેરેમાં જે ટકોરખાનું વાગે છે તે

શંખનાદ (ભા. ના.) (શંખ+નાદ) શંખનો

અવાજ
શય્યા (સા.ના.) સૂવાનું બિછાનું
ઇષ્ટદેવ (સા.ના.) પોતે પસંદ કરેલો દેવ
સમક્ષ (શ. અ.) રૂબરૂ
મંત્રો (સા.ના) દેવની સ્તુતિ સંબંધી કવિતા

પાઠ ૪૬ મો.

જોડું (સા.ના.) નર અને માદા
પારધી (સા.ના.) શિકારી
લાગણી (ભા.ના) દયાની અસર
કાવ્ય (સા. ના.) કવિતા
રામાયણ (સા. ના.) દશરથ પુત્ર રામના ચરિત્રનું પુસ્તક.
સુગ્રીવ (વિ- ના) વાલીનો ભાઇ
હનુમાન (વિ. ના.) આંજનીનો પુત્ર અને વિષ્ણુનો પરમભક્ત
જાંબુવાન (વિ. ના.) રામને મદદ કરનાર રીંછ
વાનર (સા. ના.) વાંદર
પત્તો (ભા. ના. શોધ; ખબર.
અશોકવન (સા. ના.) (અશોક=આસોપાલવ +વન) આસોપાલવ નામના ઝાડોનું વન
અનુચર (સા. ના.) (અનુ+ચર) સેવક; દાસ
વિષ્ટિ (ભા. ના.) સલાહનું કહેણ.
સમાધાન (ભા. ના.) સલાહ
વાજતે ગાજતે (કૃ. અ.) વાજાં, બંદુક વગેરેના અવાજો થતા હોય એવા ઠાઠમાં.
બે જોડકા=બે સાથે
અશ્વમેધ યજ્ઞ (સા. ના.) એક પ્રકરનો યજ્ઞ (જેમાં અશ્વનું બલિદાન આપવામાં આવે છે.)
પતિપત્ની (સા. ના.) (પતિ+પત્ની) સ્ત્રી પુરૂષ; ધણીધણિઆણી.

પાઠ ૪૬ ભાગ ૨ જો

હસ્તિનાપુર (વિ. ના.) એ દિલ્હીથી ૬૦ –૭૦ મેલ પર ગંગા કાંઠે હતું.
સત્યવાદી (ગુ. વિ.) સાચું બોલનાર.
નિષ્ફળ (ગુ. વિ.) ફોગટ; નકામી.
સ્વયંવર (ભા. ના.) કન્યાએ પોતાની પસંદગીનો વર શોધી લઇ પરણવું તે.
વરમાળ (સા. ના.) સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને જે માળા પહેરાવે છે તે.
ઇંદ્રપ્રસ્થ (વિ. ના. એ

દિલ્હીની પાસે જમ-
ના નદીને કાંઠે હતું.
રાજસૂય યજ્ઞ (સા. ના.)
રાજાએ કરવાનો યજ્ઞ
જુગટું (ભા. ના.) જુ-
ગાર
હારીબેઠા (સ. ક્રિ.)
ખોઇ બેઠા.
ગુપ્ત (ગુ. વિ.) છાના.
મહાભારત (સા. ના.)
પાંડવ કૌરવના યુદ્ધનું
પુસ્તક
દ્રોણાચાર્ય (વિ. ના)
પાંડવ કૌરવના ગુરૂ
અને અશ્વત્થામાના
પિતા.
ભીષ્મ પિતામહ (વિ.
ના.) શંતનુ રાજાના
ગંગાથી ઉત્પન્ન થ-
એલા પુત્ર
રૂધિરે ખરડ્યા=લોહી-
થી ખરડેલા.
વર્ણાશ્રમ (સા. ના.) (
વર્ણ+આશ્રમ) ચાર
વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રી,
વૈશ્યને શૂદ્ર)અને ચાર
આશ્રમો (બ્રાહ્મચર્ય,
ગૃહસ્થાશ્રમ, વાનપ્ર-
સ્થ અને સંન્યસ્ત)
રાજધર્મ (ભા. ના.)
રાજાની ફરજ
સ્ત્રી ધર્મ (ભા. ના.)
સ્ત્રીની ધણી પ્રત્યેની
ફરજ.
ઇશ્વરનું સ્વરૂપ=પરમે-
શ્વરનું ખરૂં રૂપ.

પાઠ ૪૭ મો.

નર્યા (ગુ.વિ.) નીરોગી
અંગ કસરત (ભા. ના.)
(અંગ+કસરત)શરીરને
કસવું તે.
ભિન્ન ભિન્ન (ગુ. વિ.)
જુદા જુદા
જ્ઞાનતંતુ (સા. ના)
મગજને ખબર પહોં-
ચાડનારા તાંતણા.
ચલન વલન (ભા. ના.)
હાલચાલ
શ્રમ (ભા. ના.) મહે-
નત.
કંતાઇ જાય છે (અ.
ક્રિ.) પાતળા થઇ જા
ય છે.
જુઠા (ગુ. વિ.) તાકાત
વગરના
બોજારૂપ (ગુ. વિ.)
ભાર રૂપ.
ત્વરા (ભા. ના.) ઝડપ.
કલેજું (સા. ના.) પે-
ટમાં જમણી બાજુનું
એક અંગ; કાળજું.
બરોળ (સા. ના.) પે-
ટમાં ડાબી બાજુની
ગાંઠ.
ગુરદા (સા. ના.) પે-
ઢુમાં રહેલી પિશાબ-
ની ગાંઠો; મૂત્રપિંડો.
મંદ (ગુ. વિ.) અશ-
ક્ત; કમતાકાત.
પુષ્ટિ (ભા. ના.) બ-
ળ; જોર
દસ્ત (ભા. ના.) ઝાડો
કબજીઅત (ભા. ના.)
ઝાડો ન ઉતરે તેવી

હાલત.
નિરર્થક (ગુ. વિ.) નકામા; નિરૂપયોગી.
ધોધા (ભા. ના.) મોજાં; તરંગો.
ધસધસાટ (ગુ. વિ.) પુરે પુરી
નીભે (અ. ક્રિ.) ટકે.
તર (ગુ. વિ.) પ્રફુલ્લિત.
વીતે છે (અ. ક્રિ.) વેઠવું પડે છે.
લાલી (સા. ના.) લાલાશ.
વદન (સા. ના.) મોઢું; મોં
નિસ્તેજ (ગુ. વિ.) તેજ વગરનું; ફીકું.
હાંફે છે (અ. ક્રિ.) થાકી જાય છે.
પથારીવશ (ગુ. વિ.) (પથારી+વશ) માંદું; બિમાર.
તાલીમબાજ (ગુ. વિ.) ઘણી કસરત જાણનાર.

બનેટી (સા. ના.) બે છેડે ગઠ્ઠાવાળી કસરતમાં વપરાતી લાંબી લાકડી.
દંડ (ભા. ના.) હાથ પગ જમીન સાથે ટેકવી શરીરને ઉંચું નીચું કરવાની કસરત.
વિનોદ (ભા. ના.) આનંદ; હર્ષ.
નજર બેસે છે=કોઇ પણ કામ કરવાની યુક્તિ જડી આવે છે.
સંજોગ (ભા. ના.) વખત.

પાઠ ૪૮ મો.

પ્રભાત (ભા. ના.) સવાર
કાક (સા. ના.) કાગડા
પપૈયા (સા. ના.) ચાતક પક્ષી
ઝંખે (સ. ક્રિ.) જોવાને તલપે.

સુડો (સા. ના.) એક જાતનો પોપટ.
વડશાખા (સા. ના.) (વડ+શાખા) વડની ડાળી.
ઢેલ (સા. ના.) મોરની માદા.
વીણે (સ. ક્રિ.) ચાટે.
પલાશ (સા. ના.) ખાખરનું ઝાડ.
ટહુકે (અ. ક્રિ.) ટહુકા કરે
સ્વરઝીણે=ઝીણા સૂરથી.
શીતળ (ગુ. વિ.) ઠંડો.
મંદ (ગુ. વિ.) ધીમો.
સુવાસિત (ગુ. વિ.) સારી ગંધ વાળો.
ટાણે (ભા. ના.) વખતે.
અક્રૂર (વિ. ના.) શ્રી કૃષ્ણના કાકા અને ભક્ત.
ભોર (ભા. ના.) સવાર.
નરસંઇઆના સ્વામી=શ્રી કૃષ્ણ ભગવાન.

વીણ (શ. અ.) વગર.
સોર (ભા. ના.) અ-વાજ.
ખટ (સં. વિ.) ૭
સાધુ (ગુ. વિ.) પર-મેશ્વરનો ભકત
પરહરી (સં.ભૂ.કૃ.અ.) છોડી દઇને.
શ્રી હરિ (વિ. ના.) શ્રી કૃષ્ણ
જોગીઆ (સા. ના.) તપસ્વીઓ
જોગ (ભા. ના.) પર મેશ્વર સાથે મન જોડવું તે.
ભોગીઆ (સા. ના.) મોજમઝાભોગવનાર.
ભોગ (ભા. ના.) મોજ
વેદીઆ (સા. ના.) જેણે વેદનો અભ્યાસ કર્યો હોય તે.
વૈષ્ણવ (સા. ના.) વિષ્ણુના ભક્ત
સુકવિ (સા. ના.) સા-રો કવિ.
સદ્ગ્રંથ (સા. ના.) સારી કવિતા.
પતિવ્રતા (ગુ. વિ.) સતી
કંથ (સા. ના.) ધણી.
મર્મ (ભા. ના.) ઉંડો અર્થ; છુપું કારણ; ભેદ.
સમરતાં=યાદ કરવાથી.
અવતરે (અ. ક્રિ.) જન્મે.

કવિતાની સમજુતી પ્રભાત.

સવારનો વખત થયો એમ સમજી પક્ષીઓ જાગ્યાં, અને ત્યાં કાગડા કાકા કરે છે; ચાતક પક્ષી તો વરસાદ જોવાને તલપે છે, અને સુડા વડની ડાળીઓ પર કૌકૌ કરે છે. (ટેક) મોર ટૌકા અને સુંદર કળા કરે છે અને તે વખતે જે આંસુ પડે છે તેને ઢેલ ચાટે છે; ખાખરના ઝાડ ઉપર સુંદર પોપટ બોલે છે, અને કોયલ ઝીણા રાગથી ટહુકા કરે છે. (ટેક) વાછરડાં ભાંભાં શબ્દ બોલે છે. અને ગાયો બાંબાં શબ્દ કરે છે; ઠંડો મંદ (ધીમે ધીમે આવે તેવો) અને સારી વાસવાળો પવન લુગડાં ઊડાડીને હાલે છે. (ટેક) તે વખતે સવાર પડી ગઇ એમ સમજી અક્રૂર જાગ્યા; પણ નરસિંહ મહેતાના સ્વામી (શ્રી કૃષ્ણ ભગવાન) વગર કોઇ જાણતું નથી કે એ ગોપીઓનો બૂમાટ છે.

પ્રભાતીઉં.

જ્યારે પાછલી છ ઘડી રાત રહે, ત્યારે સાધુ પુરૂષે જાગવું; અને ઊંઘ છોડી દેઇને પરમેશ્વરને યાદ કરવા અને તું એક છે તું એક છે એ પ્રમાણે બોલવું. (ટેક) તપસ્વીઓ હોય તેમણે પરમેશ્વર સાથે મન જોડવું, અને જે સંસારી હોય તેમણે સંભોગ છોડી દેવા; જે વેદીઆ હોય તેમણે વેદ બોલી જવા અને વૈષ્ણવ હોય તેણે શ્રીકૃષ્ણનું ભજન કરવું. (ટેક) સારો કવિ હોય તેણે સારી કવિતા બનાવવી, અને જે દાતાર છે તેણે પુણ્ય કરવું; પતિવ્રતા સ્ત્રીએ પોતાના ધણીને પૂછવું અને ધણી કહે તે રીતે ચાલવું. (ટેક) આપણે આપણી ફરજો બજાવવી, અને કર્મના ઉંડા અર્થનો વિચાર કરવો; નરસિંહ મહેતાના સ્વામિ (શ્રી કૃષ્ણ ભગવાનને) પ્રેમથી યાદ કરે તો સ્ત્રી કે પુરૂષને ફરી જનમવું પડે નહિ. (ટેક)

પાઠ ૪૯ મો.

(પર+ઉપકાર) પારકાનું ભલું કરવું તે.

પરોપકાર (ભા. ના.) લોકોપકાર.

ધર્મગ્રંથો (સા. ના.) (ધર્મ+ગ્રંથો) ધર્મ સંબંધીનાં પુસ્તકો.

ફરજ (ભા. ના.) ધર્મ; કર્તવ્ય.

આત્મા (ભા. ના.) જીવ

ભાવ (ભા. ના.) ઇચ્છા.

અનહદ (ગુ. વિ.) (અન+હદ) ઘણોજ.

પુસ્તકશાળા (સા. ના.) પુસ્તક+શાળા) લાયબ્રેરી.

વિદ્યાલય (સા. ના.) (વિદ્યા+આલય) નિશાળ.

રૂચે (અ. ક્રિ) ગમે; પસંદ પડે.

લોકોપકાર(લોક+ઉપકાર) " લોકનું ભલું કરવું તે.

વૃત્તિ (ભા. ના.) વલણ; ઇચ્છા.

મરણ શય્યા (સા. ના.) (મરણ+શય્યા) મરણ પથારી.

ચંડાળ (સા. ના.)

ભંગીઓ.
ભારે (ગુ. વિ.) મુશ્કેલ
ગજાપ્રમાણે=શક્તિ પ્રમાણે.
ઘસાવું (અ. ક્રિ.) નુકશાન વેઠવું
લોક કલ્યાણનો માંડવો રચ્યે છે=લોકના ભલાનાં કામ કરે છે.
આજીજી (ભા. ના.) કાલાવાલા.
લક્ષ (ભા. ના.) ધ્યાન
પાડ (ભા. ના.) ગુણ; ઉપકાર.

પાઠ ૫૦ મો.

તાપસી (સા. ના.) તપ કરનારી
વન દેવતા (સા. ના.) (વન+દેવતા) વનના દેવ.
ભગવતી (સા. ના.) દેવી.
સમાગમ (ભા. ના.) મેળાપ.
પાવન (ગુ. વિ.) પવિત્ર; શુદ્ધ.
દંડકારણ્ય (વિ. ના.) નર્મદા અને ગોદાવરી વચ્ચેના પ્રદેશમાં આવેલાં જંગલો.

છોડી (સં.ભૂ. કૃ.અ.) તજી
પ્રવાસ (ભા. ના.) મુસાફરી.
શ્રમ (ભા. ના.) મહેનત; યત્ન.
વિઘ્ન (ભા. ના.) નડતર; અડચણ; હરકત.
કાળજાં ઠરે છે=મન આનંદ પામે છે.
સંસ્કાર (ભા. ના.) નામ પાડવું, વાળ ઉતરાવવા, જનોઇ દેવી વગેરે ધર્મની ક્રિયાઓ.

ગુરૂજી હોશિઆર અને ઠોઠ બંનેને એકજ રીતીથી શીખવે છે, અને વિદ્યા સંપાદન કરવા માટે કોઇને શક્તિ આપતા નથી કે કોઇની કદાપિ ઓછી પણ કરી શકતા નથી; તો પણ જે પ્રમાણે સ્વચ્છ મણિ સારૂં પ્રાતિબિંબ ગ્રહણ કરે છે, અને ઠીકરૂં કરતું નથી તે પ્રમાણે બંનેના ભણવામાં જરૂર મોટો તફાવત નજરે પડે છે.

નિવાસ (ભા. ના.) રહેવું તે.
તપોવન (સા. ના.) (તપસ્+વન) તપ કરવાનું વન.
વજ્રપાત (ભા. ના.) વજ્રનું પડવું
અરૂંધતી (વિ. ના.) વસિષ્ઠની સ્ત્રી
રઘુકુળ (વિ. ના.) રઘુનો વંશ
મોટેરાં (સા.ના.) વડીલ.

વજ્ર (સા. ના.) ઇંદ્રનું આયુધ.
કોમળાં (ગુ. વિ.) કોમળ; નાજુક.
ચિત્ત (ભા. ના.) મન.
જેનું હૃદય કોઇ વ-

ખતે વજ્રથી પણ કઠણ અને કોઇ વખતે ફૂલથી પણ કોમળ થઇ જાય છે તો કહો કે એવા મહાત્માના ખરા અંતઃકરણને (મનમાં શું છે તેને) કોણ જાણે ?

પાઠ ૫૨ મો.

પંચાંગ (સા. ના.) ટીપણું; જેમાંથી તિથિ, વાર, નક્ષત્ર વગેરે જણાય છે તે.
આરંભ (ભા. ના.) શરૂઆત.
પરાક્રમી (ગુ. વિ.) બહાદુર.
કબુલ (ગુ. વિ.) ખાતરીથી હા કહેલું હોય તેવું; મંજુર.
સંવત્સર (ભા. ના.) વર્ષ.
દંત કથા (ભા. ના.) લોકમાં ચાલતી ખરી ખોટી વાત.
વૈઠણ (વિ. ના.) ગોદાવરી નદીના કાંઠે શહેર છે.
વેતાળ (સા. ના.) ભૂતની એક જાત; પિશાચનો રાજા.
પ્રતાપ (ભા. ના.) મહેરબાની.
અભિષેક (ભા. ના.) નવા રાજાને ગાદી પર બેસાડતાં જે ક્રિયા કરવામાં આવે છે તે
હીજરત (ભા. ના.) છોડીને ચાલ્યા જવું.

પાઠ ૫૨ મો.

મતભેદ (ભા. ના.) એક બીજાના વિચાર મળતા આવવા નહિ. તે.
સદાકાળ (વખ. ક્રિ. અ.) હંમેશાં.
રચ્યું હતું (સ. ક્રિ.) ઢોળ ચડાવ્યો હતો.
લહેર (ભા. ના.) ખુમારી; ઊંઘની અસર થવી તે.
ઝાંઝ (ભા. ના.) રીસ; ગુસ્સો.
નાદાની (ભા. ના.) બેવકુફી.
ભાસે છે (અ. ક્રિ.) દેખાય છે.
ઢાલ (સા. ના.) કાચબાની પીઠનું બનાવેલું બચાવ કરનારૂં હથિઆર.
અભિપ્રાય (ભા. ના.) વિચાર; મત; સલાહ.
મત (ભા. ના.) વિચાર.
આગ્રહ (ભા. ના.) હઠ.
તરછોડી કાઢવો (સ. ક્રિ.) ધિક્કારી નાંખવો.
પરાણે (રી. ક્રિ. અ.) જોર જુલમે; બળાત્કારે.
અવયવો (સા. ના.) ભાગો.
દલીલ (ભા. ના.) કારણ; સબબ.

પાઠ ૫૩ મો.

પસાયતું (સા. ના.) ઈનામમાં મળેલી જમીન.
ઉર્મિ (ભા. ના.) એકાએક જે ઇચ્છા થઇ આવવી તે.
રીઝવવા (સા. કૃ.) ખુશી કરવા.
ભોજ સમોવડ ભૂપ=ભોજ રાજાના જેવો મોટો રાજા
ઉત્તેજન (ભા. ના.)આશ્રરો; મદદ; સહાય.
સાદી (ગુ. વિ.) કુદરતી; ભપકા વગરની
કથે (સ. ક્રિ.) કહે.
રંજન (ગુ. વિ.) ખુશ; આનંદી.
ચાતુરી (ભા. ના.) ચતુરાઇ
ચેન (ભા. ના.) મઝા; આનંદ.
સમસ્યા (ભા. ના.) છુપી રીતે જણાવવું" તે; સંકેત; સાન.
પરદુઃખ ભંજન (ગુ. વિ.) (પર+દુઃખ+ભંજન) પારકાના દુઃખને દૂર કરનાર
છપ્પા (સા. ના.) એક જાતની છ ચરણની કવિતા.
મમતાળુ (ગુ. વિ.) માયાળુ.
સાંખતા (સ. ક્રિ.) ખમતા; સહન કરતા.

પાઠ ૫૪ મો.

નિર્દોષ (ગુ. વિ.) ગુના વગરનું
પંખીડાં (સા. ના.)પક્ષી
ફાળ (ભા. ના.)ધ્રાસ્કો.
તરૂ (સા. ના.) ઝાડ.
હસ્ત (સા. ના.) હાથ.
કૂર (ગુ. વિ.) ધાતકી
કળ=હાડકાં અથવા પેટમાં એકાએક વાગવાથી દુઃખ થઈ ગુમ થઈ જવાય તે.
ખેલ (ભા. ના.) રમત.
ઉપવન (સા. ના) વાડી.
કુદરતી(ગુ. વિ.) સ્વાભાવિક; ઇશ્વરી.
કો (અનિ. વિ.) કોઇ
પાણો (સા. ના.) પત્થર
સામ્ય (ભા. ના.) સરખાપણું
ભાન (ભા. ના.) સમજ.

કવિતાની સમજુતી.

તે પક્ષીઓની ઉપર પથરો નાખતાં તો નાખી દીધો, પણ અરરર ! તે છૂટયો કે મારા મનમાં ધ્રાસ્કો પડયો. અરેરે ! તેના શરીરપર અથડાયો તેથી શ્વાસ રૂંધાઇ જવાથી પાંખ ઢીલી (બળહીન) થઇ અને ઝાડ ઉપરથી નીચે પડયું (૧) જેને મેં પાળ્યું તે આ મારાજ હાથથી તરફડીને મરે છે, તેથી તેના ધડકતા શરીર ઉપર પાણી છાંટયું તો પણ તે ઊડી

શકયું નહિ; અરે પણ ? એના શરીરનો જખમ આ ઘાતકી હાથે કરેલો તે કયાંથી ઊડે ! અરેરે! તેનું હૃદય છેક કોમળ છે તેથી તે કયાંથી ઊડે. (૨) પણ ઓહો ! જો દુઃખ ઓછું થયું ને એની આંખ ઉઘડી, પણ એ મરી જશે કે જીવશે તે કોણ જાણી શકે ! પણ આહાહા ! ફરી મન ગમતાં ગીત ગાવાને તેમજ આ વડીનાં મીઠાં ફળો ખાવાને જીવ્યું. (૩) અરે પક્ષીઓ, સુખેથી ગીત બનાવજો અથવા ગાજો. તમે શા માટે મારા જોવાથી બીને રમત છોડી ઊડો છો; પારો જેવી ગાય ચરતી હતી તેવોજ હું (હેરાન નહિ કરનારો) છું. હું કોઇ પણ દિવસ તમારા શરીરને નુકસાન નહિ કરૂં. (૪) મેં માળીને પણ તમારા તરફ કાંઇ ફેંકવાની મનાઇ કરી છે, મારી વાડી બધાં પક્ષીને માટે હમેશાં ખુલ્લી છે; તો પણ અરેરે ? માણસોથી બીવાની તમને સ્વભાવિક ટેવ મળી છે પણ તેમાં કલ્યાણ માનીને મારાથી છો બીતાં (૫) જો તમે ઊડો તો આહા કોઇ ઘાતકી હાથનો (નિર્દય માણસનો) જરૂર તમને ભો છે, કારણ કે તમારા ઉપર પથરો ફેંકવો એ તો માણસોની રમત છે; અરેરે ? માણસો કુદરતાના સરખાપણાનું ભાન ભૂલી જઇને તમારા ઉપર આવો નિર્દય અમલ કરે છે તેથી હું દીલગીર છું.. (૬)

પાઠ ૫૫ મો.

પ્રતિષ્ઠા (ભા. ના.) માન; આબરૂ.

મહાજન (સા. ના.) મોટા માણસ; લોકનું ટોળું.

પ્રશ્ન (ભા. ના.) સવાલ.

ડાઘુ (સા. ના.) બાળવા જનાર; સ્મશાને જનાર માણસો.

ભાંડુ (સા. ના.) ભાઇ

દૃષ્ટિ (ભા. ના.) નજર

અડાવ્યા (સ. ક્રિ.) માર્યા

સંભાષણ (ભા. ના.) વાતચીત.

વિવાદ (ભા. ના.) વાદ; તકરાર.

સત્પુરૂષ (સા. ના.) સારા માણસ.

સુતરફેણી (૫ા. ના.) એક જાતનું પકવાન.

દીર્ઘસુત્રી (સા. ના.) કામમાં ઢીલ કરનાર માણસ; લાંબા તાંત-

ણાવાળી; સુતરફેણી
વાંકવાળી (ગુ. વિ.)
ગુણમાં આડી; આ-
કારમાં વાંકી.
આચમન (ભા. ના.)
જમણી હથેળીમાં થોડું
પાણી લઇ પી જવું તે

પાઠ ૫૬ મો

મંત્ર (સા. ના.) દેવ-
ની સ્તુતિ સબંધી
કવિતા (વેદના-
મંત્ર)
વર્ણ (સા. ના.) રંગ
મૂળવતની (ગુ. વિ.)
પ્રથમના રહીશ.
ચોધરા (સા. ના.) વ
ગડામાં રહેનારની એ
ક જાત છે.
દુબળો (સા. ના.) છેક
જ અજ્ઞાની વહીત-
કરૂં કરી જાણે એવો
કંગાલ ભીલ વગેરેની
જાતીનો પુરૂષ.
ઓલાદ (સા. ના.)વંશ
થરાથરાટ (ભા. ના.)
કંપારો; કમકમાટ
ભૂત (સા. ના.) મા-
ણસનું મન મરતી
વખતે કશામાં રહી
જવાથી મરીગયા પ-
છી તેના જીવની સ્થિ
તિ જે રૂપે મનાયછે તે
પિશાચ (સા. ના.)દુઃ
ખ દેતી. એક જાત
ની ભૂતયોની.
ખેતરપાળ=ખેતરનું ર-
ક્ષણ કરનારો દેવ.
કાકા બળીઆ=શીતળા;
બળીઆ કાકા.
બળિદાન (ભા. ના.)
ભોગ આપવો તે
વિશ્વાસુ(ગુ. વિ.)ભરો-
સાદાર

પાઠ ૫૭ મો

જન મંડળ (સા.ના.)
માણસોનો સમુદાય.
એકાકાર (ગુ. વિ) એક-
જ ધર્મનું; એકઠું.
જરૂરિઆતો (ભા. ના.)
જરૂરનાં કામો.
અનુકૂળ (ગુ. વિ.)પસંદ
પડતું.
યજન (ભા. ના.)પૂજ-
ન; હોમ.
વ્યાજવટંતર (ભા.ના)
વ્યાજે નાણું ધીરવું
તે
આસ્તિકપણું (ભા. ના.)
ઇશ્વરને માનવું તે
કુશળતા (ભા. ના.)
હોશિઆરી
પરિચય (ભા. ના.) સ-
હવાસ; ઓળખાણ,
પિછાન.
લક્ષણ (સા. ના.)ચિહ્ન
શૌર્ય (ભા. ના.) હોંસ
સાથે ઉભરાતી શ-
કિત; શૂર.
મિથ્યાભિમાની (ગુ.
વિ.) ખોટું અભિમાન
કરનાર.
નહુષ (વિ. ના.) એ
નામનો રાજા એના
અભિમાનને લીધે અ-
જગર થએલો
અહિંસા (ભા. ના.) જી
વને મારવો નહિ તે
શીળ (ભા. ના.) સારો
સ્વભાવ; સારી વૃત્તિ

પાઠ ૫૮ મો

પદ્ધતિ (ભા. ના.) નિયમ; વ્યવસ્થા
શાસ્ત્રકારો (સા. ના.) શાસ્ત્રોના રચનારા
નિંદા (ભા. ના.) બદગોઇ, ભુંડું બોલવું તે.
બ્રહ્મચારી (સા. ના.) બ્રહ્મચાર્ય વ્રતપાળનારો બ્રાહ્મણ.
કસાય (અ. ક્રિ.) કેળવાય
તોછડાઈ (ભા. ના.) અવિવેક; હલકાઇ.
સદાચાર (ભા. ના.) સારી રીતે વર્તવાની જે રીત તે.
ભાવ (ભા. ના) હેત; પ્રેમ
અર્થે (શ. અ.) માટે
અતિથિ (સા. ના.) ભિક્ષા લેવા આવેલો માણસ તે.
વનવાસ (ભા. ના.) વનમાં રહેવું તે.
વલ્કલ (સા. ના.) છાલનાં લુગડાં
નિર્વાહ (ભા. ના.) પોષણ; ગુજરાન.
સર્વ ભૂતમાત્ર=બધાંજ પ્રાણી)
સહિત (શ, અ.) સાથે
શિખા (પદા. ના.) ચોટલી.
દંડ (સા. ના.) લાકડી
કુશળ (ગુ. વિ.) સુખરૂપ
કલ્યાણ (ભા. ના.) ભલું; હિત

પાઠ ૫૯

પૂર્વે (શ. અ.) પહેલાં
અસાધારણ (ગુ. વિ.) વધારે; અલૌકિક.
સ્વાર્થી (ગુ. વિ.)(સ્વ-પોતાનુ+અર્થ=મતલબ+ઇ=વાળુ) પોતાની મતલબ સાધનાર; એકલપટું; લોભી
ક્ષણભંગુર (ગુ. વિ) જેનો પળ વારમાં નાશ થાય એવું.
વૃત્તિ (ભા. ના.) વલણ
દેહકષ્ટ (ભા. ના.) શરીરને કોઈ પણ રીતે દુઃખી કરવું તે.
વાદ વિવાદ (ભા. ના.) સામસામા જે સવાલ જવાબ કરવા તે; સંભાષણ
વિષયની ઇચ્છા=રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ વગેરે સંસારના દુઃખ દાયક વિષયો મેળવવાની આકાંક્ષા
નિર્વાણ (ભા. ના.) મોક્ષ; ઉદ્ધાર
શાંતિ (ભા. ના.) મોક્ષ સદાચાર.
ગાડરીઓ પ્રવાહ=ઘેટાંની માફક એકે કર્યું એટલે બીજાએ કરવું એવી જે રીત તે
ધર્માચાર્યો (સા. ના.) (ધર્મ+આચાર્યો=ગુરૂ) ધર્મનો પદેશ કરનાર ગુરૂઓ

પંચશીળ (ભા. ના) પંચ= પાંચ+શીળ=સદાચાર) સદાચારનાપાંચ નિયમો

હિંસા (ભા. ના.) નાશ; હત્યા;

માદક (ગુ. વિ.) કેફી

પાઠ ૬૦

મરૂદેવી (વિ. ના.) નાભિની સ્ત્રી અને રૂષભ દેવજીની મા.

તિર્થંકર (સા. ના.) જૈન ધર્મમાં મનાતા જે મોટા આચાર્ય તે. એ ચોવીસ છે.

ચરિત્ર (ભા. નાં.) લખી રાખવા જોગ જે ગુણ કર્મ તે; જન્મ ચરિત્ર.

ધાર્મોપદેશક (સા. ના) (ધર્મ+ઉપદેશ=બોધ+ અક) કરનાર ધર્મનો બોધ કરનાર

આત્માના કલ્યાણનો= મોક્ષનો

પર(ગુ.વિ.)બીજું;પારકું

પાયદળ (સા. ના.) પગે ચાલનારૂં લશ્કર

મંત્રી (સા. ના.) પ્રધાન

સેનાપતિ (સા. ના.) લશ્કરનો ઉપરી

વગડાઉ (ગુ. વિ.) જંગલમાં થતી

જીરવી શકાતું (અ. ક્રિ.) પચાવી શકાતું

વૃક્ષ (સા. ના.) ઝાડ

શાખા (સા. ના.) ડાળ

ભયભીત (ગુ. વિ.) બીધેલું, ભયથી આંધળું થઇ ગએલું

કુંભસ્થળ (સા. ના.) હાથીના માથાનો ઉપલો ભાગ

પદ્ધતિ (ભા. ના.) એકાદી ક્રિયા અમુક ક્રમમાં કરવાની જે રીત તે

લિપિ (સા. ના) બોલાતા વર્ણોને લખવા માટે જે ચિહ્નો કરેલાં હોયછે તે

ધનુર્વિદ્યા (ભા. ના) બાણ મારવાની વિદ્યા

ચતુરંગ (ગુ. વિ.) ચતુ= ચાર+રંગ= વિભાગ ચાર વિભાગ વાળી

વિલાસ (ભા. ના.) મોજમઝા

હિત (ભા. ના.) કલ્યાણ; ભલું

ગ્રહણકર (સ. ક્રિ.) લે; સ્વીકાર.

આર્ય અનાર્ય દેશ (સા. ના.) સુધરેલા અને વગર સુધરેલા દેશ.

અહિંસા (ભા. ના.) (અ=નહિ+હિંસા=હત્યા, નાશ) કોઇ પણ પ્રાણીનો નાશ કરવો નહિ તે.

સાધુ (સા. ના.) ઇંદ્રિયોને વશકરી ઈશ્વરના ધ્યાનમાં રહેનાર.

સાધ્વીઓ (સા. ના.) પતિવ્રતા સ્ત્રીઓ.

શ્રાવિકા (સા. ના.) શ્રાવકની સ્ત્રી.

ધર્મ સંઘ (સા. ના.) (ધર્મ+સંઘ=મંડળ) ધર્મનું મંડળ.

હેમ ચંદ્ર (વિ. ના.) સિદ્ધરાજ અને કુમારપાળના વખતના

એક પંડિત. એ મૂળ ધંધુકાના વાણી આ હતા.

પાઠ ૬૧ મો.

શિલા લેખો (સા. ના.) પત્થર ઉપર કોતરેલાં જે લખાણ તે.
નોંધ (સા. ના.) યાદ દાસ્તને સારૂ જે લખી રાખેલું તે.
પુરાણ (સા. ના.) ઇશ્વર લીલા અને રાજાઓના ઇતિહાસના ગ્રંથ.
ભેખ (ભા. ના.) વૈરાગ્ય; સાધુ થવું તે.
માહીતી(ભા. ના.)માહીતપણું; જાણ; વાકફગારી.
ઝીણું (ગુ. વિ.) કારીગરીવાળું; નાજુક.
સલાટ (સા. ના.) પત્થર ઘડનારા.
કુંભી (સા. ના.) થાંભલાની ઉપર જે બેસણી હોય છે તે.
ચંપલ (સા. ના.) એક જાતનો જોડો, એને માત્ર તળી અને અંગુઠા આંગળાં ભેરવવાનાં નાકાં હોય છે
જડીઆ (સા. ના.) હીરા માણેક વગેરેને સુનાની ખોલમાં બેસાડનારો.
પાટલિપુત્ર (વિ. ના.) પટણું.
ચક્રવર્તી (ગુ. વિ.) જેનીદુવાઈ નાનાં મોટાં ઘણાં રાજ્યો ઉપર વર્તતી હોય તેવું.
સરહદ (સા.ના) છેવટની હદ (રાજય, મહાલ, જાગીર,ખેતરવગેરેની)
એલચી (સા. ના.)રાજાની તરફનો વકીલ.
ખાઈ (સા. ના.) કોટની પડખે ખોદેલી જે ખાડી તે.
બુરજ (સા. ના.)તોપ વગેરે મૂકવાને કિલ્લાની બહાર પડતી બાજુએ અથવા મેદાનમાં જે ઉંચું ગોળાકાર પોલું અથવા નક્કર ચણતર હોય છે તે.
પ્રતાપ (ભા. ના.)યશ; કીર્તિ; મોટાઇ.
પાંજરાપોળો (સા. ના.) અશક્ત થએલાં જનાવરોને રાખવાનું ધરગનું ઠેકાણું.
કલિંગ દેશ (વિ. ના.) કટકને મદ્રાસ વચ્ચેનો પ્રદેશ.
દુરાચારી (ગુ. વિ.) (દુર્+આચાર+ઇ) નઠારી ચાલ ચલગતવાળો.
મંત્રી (સા. ના.) પ્રધાન
અરસામાં (ભા. ના.) વખતમાં
મગધનો સૂર્ય અસ્ત થઇ ગયો
=મગધ રાજયની પડતી આવી.

પાઠ ૬૨ મો.

મેસિડોનીઆ(વિ. ના) એ ગ્રીસ દેશની ઉત્તરે પ્રાંત છે.
દિગ વિજયી (ગુ. વિ.) (દિક્=દિશા=વિજય=જીત+ઇ=વાળો) સ-

બળી દિશાએ જીત મેળવનારો.
ભૂલ થાપ (ભા. ના.) ભૂલાવીને મારવું તે આડું અવળું સમજાવવું તે; છેતરવું તે
ધમ ચકડ (ભા. ના.) ઉતાવળ
ઉપલાણ (સા.ના) ઉપરનો ભાગ—બાજુ.
પાય દળ (સા. ના.) (પય=પગે ચાલનારૂં +દળ લસ્કર) પગે ચાલનારૂં લસ્કર.
હયદળ (સા. ના.) (હય=ઘોડે બેસીને) ચાલનારૂં+દળ=લસ્કર ઘોડે બેસીને ચાલનારૂં લસ્કર; ઘોડે સ્વાર.
થોભ્યો (અ. કિ.) અટક્યો.
ગાજવીજ (ભા.ના.) (ગાજ+વીજ) ગગડાટ અને વીજળી
કાટકા (ભા. ના.) કડાકા
પટ (સા. ના.) પહોળાઇ.
છાતીપુર (ગુ. વિ.) છાતી લગી આવે તેટલું ઉંડું
સરદારી (ભા. ના.) આગેવાની
ઝોકાવ્યું (સ. ક્રિ.) ઝંપલાવ્યું; સાહસ કામ કરાવ્યું.
ઝીક (ભા. ના.) ટકાવ.
દારૂણ (ગુ. વિ.) ઘણું ભારે.
શૌર્ય (ભા. ના) બહાદુરી, પરાક્રમ.
હલ્લા (ભા. ના) હુમલા; ચડાઇઓ.
અત્રેનાં (ઠે. કિ. અ.) અહીંનાં.
સ્વાર્થ બુદ્ધિ=મતલબી અક્કલ.
આગ્રહ (ભા. ના.) હઠ

પાઠ ૬૩ મો.

ભોજ પ્રબંધ (સા. ના.) જે પુસ્તકમાં ભોજ રાજાનું સંભાષણ લખેલું છે તે.
બાણ (વિ. ના) એ એક પ્રખ્યાત કવિ હતો.
ઉપમા (ભા. ના.) એક વસ્તુને બીજી સાથે સરખાવવી તે; મુકાબલો.
પુષ્પ (સા. ના.) ફૂલ
કલ્પિત (ગુ. વિ.) બનાવટી; જોડી કાઢેલી
રઘુવંશ (સા. ના.) દિલીપ અને રઘુ રાજાના વંશ સંબંધીનું કાવ્ય.
બંદીઓ (સા. ના.) રાજા, શ્રીમંત વગેરેની પાસે રહી તેમનાં વખાણ કરનારા ભાટ ચારણ લોક.
અજ (વિ. ના.) દશરથના પિતા
વિલાપ (ભા. ના.) બોલીને રડવું—શોક કરવો તે.
રખવાળણો (સા. ના.) રખવાળોની સ્ત્રીઓ.
યશોગીત (ભા. ના.) (યશઃ+ગીત) કીર્તિનું ગાયન કરવું તે
કુમારસંભવ (સા.ના) શિવ પાર્વતીના વિવાહ અને કાર્તિક સ્વામીના જન્મ સં-

બંધી કથાનું પુસ્તક.
કાર્તિકસ્વામી (વિ. ના.) શિવના પુત્ર, એમને મોરનું વાહન છે
રતી (વિ. ના.) કામદેવની સ્ત્રી,
રસિક (ગુ. વિ) આનંદ ઊપજાવે એવું.
યક્ષ (સા. ના.) એ દેવથી ઉતરતી પંક્તિના છે અને કુબેરની માલ મીલ્કતનું રક્ષણ કરે છે.
કુબેર (વિ. ના.)દેવતાઓનો ભંડારી અને રાવણનો ભાઈ
સ્વર્ગ ગંગા(વિ. ના.) (સ્વર્ગ+ગંગા) સ્વર્ગમાંની ગંગાનદી.
રમણીય (ગુ. વિ.) જોતાં જીવ ખુશ થાય તેવું
ઋતુ સંહાર (સા. ના) જે પુસ્તકમાં છ એ ઋતુનું આબેહુબ વર્ણન આપેલું છે તે.
માલવિકાગ્નિમિત્ર=અગ્નિ મિત્ર રાજા અને માલવિકાના પ્રેમ સંબંધીનું "કાલિદાસનું બનાવેલું નાટક છે,
વિક્રમોર્વશીય=એ કાલિદાસનું બનાવેલું નાટક છે.
પુરૂરવ (વિ. ના.)ચંદ્ર વંશી બીજો રાજા અને બુદ્ધનો પુત્ર.
ઉર્વશી (વિ. ના.)ઇંદ્રની અપ્સરાઓમાંની મુખ્ય અપ્સરા.
અપ્સરા (સા.ના.)ઈંદ્રની સભામાં ગાયન નૃત્ય કરનારી રૂપાળી ગુણકા.
શાકુંતલ=એ કાલિદાસનું બનાવેલું દુષ્યંત અને શકુંતલા વિષેનું નાટક છે.
શાપ (ભા. ના.)જેને જેનાથી માઠું થયું હોય તેણે તેનુ જે માઠું ઇચ્છવું તે.
મેનકા (વિ. ના.) સ્વર્ગની મુખ્ય ત્રણ અપ્સરામાંની એક.
સર્વ દમન (વિ. ના.) શકુંતલાનો પુત્ર;ભરત
કસ્યપ (વિ. ના.) મરીચિ પ્રજાપતિના પુત્ર. એ દક્ષની તેર કન્યાને, પરણ્યા હતા.
કણ્વ (વિ. ના.)કસ્યપના વંશના ઋષિ, એણે શકુંતલાને ઉછેરી મોટી કરી હતી,
દુર્વાસા (વિ. ના.) આત્રિ પ્રજાપતિના પુત્ર, એ ઘણાજ તામસી હતા.

પાઠ ૬૪ મો.

વિહારો (સા. ના.) મઠો.
તવંગર (ગુ. વિ.) પૈસાદાર
ઓચ્છવ (ભા. ના.) મોટી ખુશાલી; તહેવારનો દહાડો.
વાવટા (સા. ના.) નિશાન; ધજા.
ફરકતા હતા (અ. ક્રિ.) હાલ્યા કરતા હતા
ધૂપ (સા. ના.)ધુમાડો
કુરૂક્ષેત્ર (વિ. ના.)પાણીપતનું મેદાન.

કેદારનાથ (વિ. ના.) એ હિંદુસ્તાનમાં વાય વ્ય પ્રાંતમાં જાત્રાનું ઠેકાણું છે.
ગઢવાળ (વિ. ના.) એ વાયવ્ય પ્રાંતમાં છે.
સ્ત્રીયા (ગુ. વિ.) સ્ત્રીઓનું.
કાન્ય કુબ્જ (વિ. ના) હાલનું કનોજ.
શીલાદિત્ય (વિ. ના.) એને સૂર્ય નારાયણ તરફથી પથરો મળેલો અને તેનાથી પોતે જીત મેળવતો તેથી એનું એવું નામ પડયું કહેવાય છે
ચિતાર (ભા. ના.)હેવાલ
અક્ષય વડ=જેનો નાશ નથી એવો વડ.
નાલંદા (વિ. ના.) ગયાજીની પાસેનો બૌદ્ધ ધર્મનો મોટો અપાસરો
આભારી (ગુ. વિ.) ઉપકાર કરનાર.
કદા (ગુ. વિ) સખત; ખારીલા
ફળ દ્રૂપતા (ભા. ના.) રસાળપણું
કર (સા. ના.) સજ્યના ખરચને સારૂ, સરકાર રૈયત પાસેથી જે વેરો લેછે તે.
દાણ (સા. ના.) માલ ઉપર સરકાર તરફથી જે પૈસા લેવામાં આવે છે તે; જગાત.
વચન પાળનારા=બોલેલું પાળનારા.

પાઠ ૬૫ મો.

ઉદય (ભા. ના.)પ્રખ્યાત થવું તે.
રૂચ્યો (અ. ક્રિ.) ગમ્યો; પસંદ પડયો.
ફાંટો (ભા. ના.) પંથ; શાખા.
ધમધોકાર (રી. ક્રિ. અ.) જોસને ઝડપબંધ.
જાહોજલાલી (ભા.ના.) આબાદી—ચઢતી.
બસ (રી.ક્રિ.અ.) પૂરો જોઇતો.
જાગેલા (વિ. ભૂ. કૃ) ચાલતા.
ઉપદેશકો (સા. ના.) બોધ કરનારા.
સબળ (ગુ. વિ.) ઘણો સારો.
સ્વીકારતા ગયા(સ. ક્રિ.) કબુલ કરતા ગયા.
સ્તોત્ર (સા. ના.) દેવતા, ગુરૂ ઇત્યાદિની સ્તુતિનો ગ્રંથ.
જ્ઞાન માર્ગ (સા. ના.) (જ્ઞાન+માર્ગ) જ્ઞાન મેળવવાનો રસ્તો.
કર્મ માર્ગ (સા. ના.) કર્મ કરવાનો રસ્તો.
મંડનમિશ્ર (વિ. ના.) મોટા જૈન પંડિત.
મહા પ્રશ્નો (ભા. ના.) મોટા સવાલો.
ચર્ચા (ભા. ના.) સામસામા મંત્ર ભણવા તે (વાદવિવાદ નહિ)
મધ્યસ્થ (ગુ. વિ.) કોઇની તરફદારી ન કરતાં સ્વતંત્ર પણે અભિપ્રાય આપનાર

વિદ્વત્તા (ભા. ના.) પંડિતાઈ.
મત (ભા. ના.) વિચાર.
માન્ય (ગુ. વિ.) કબુલ કરવા જોગ; માન આપવા જોગ.
ઉપનિષદ (સા. ના.) વેદાન્ત શાસ્ત્ર; એક ઈશ્વર જ્ઞાન.
સમાધિ પામવી=સંન્યાસી મરી જાય ત્યારે એ સમાધિ પામ્યો એમ કહેવાય છે.

પાઠ ૬૬ મો.

શોધ (ભા. ના.) તપાસ.
દૂરબીન. (સા. ના.) દૂરની વસ્તુ પાસે દેખાય તેવાકાચનું યંત્ર
ઉપગ્રહો (સા. ના.) ગ્રહની આસપાસ ફરનારા ગ્રહો, જેને આપણે ચંદ્રો કહીએ છીએ તે.
ન્યારી (ગુ. વિ.) ખુલ્લી; એકલી.
શક્તિ (ભા. ના.) શક્તિ
કક્ષા (વિ.ના.) પૃથ્વીને સૂર્યની આજુ બાજુ ફરવાનો માર્ગ.
પ્રદક્ષિણા (ભા. ના.) ચોતરફ ફરીવળવું તે
સંગ્રહ સ્થાન(સા. ના.) જે ઠેકાણે દેશ દેશના પદાર્થો રાખવામાં આવ્યા હોય તે.
ધાસ્તી (ભા. ના.) બીક.
સૂર્ય માળા વિ. ના.) સૂર્ય અને તેની પ્રદક્ષિણા કરનારા જે ગ્રહ તે મળીને થએલું મંડળ.

પાઠ ૬૭ મો.

સ્વચ્છ (ગુ. વિ.) ચોકખું; નિર્મળ.
પ્રકાશિત (ગુ. વિ.) તેજવાળા.
ક્ષિતિજ (સા. ના.) જે ઠેકાણે આકાશને પૃથ્વી મળેલી દેખાય છે તે કલ્પિત લીટી.
અસ્ત (ભા, ના.) આથમવું તે.
ધ્રુવ (સા. ના.) પૃથ્વી જે કલ્પિત ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે તેનો ઉત્તર દક્ષિણ એકેકો છેડો.
નક્ષત્ર (સા. ના.) તારાઓનાં ૨૭ મંડળ કરેલાં છે તેમાંનુ એકેકું.
કલ્પી (સં.ભૂ.કૃ.અ.) ધારી.
ઝુમખું (સા. ના.) ટોળું.
સપ્ત ઋષિ (વિ.ના.) સાત તારાઓનો જથો.
લુબ્ધક (વિ. ના.) ઘણોજ પ્રકાશિત તારો.
બૃહત્ (ગુ. વિ.)મોટો
આકાશ ગંગા (વિ. ના.) રાતે આકાશમાં પ્રકાશની ધોળી પટી દેખાય છે તે.
અસંખ્ય (ગુ. વિ.) (અ+સંખ્ય) જેની સંખ્યા થઇ શકે નહિ તે; ઘણાજ.

પાઠ ૬૮ મો.

અક્ષાંશ (સા. ના.) વિષુવવૃત્તથી કોઈ જગ્યાનું ઉત્તર કે દક્ષિણમાં જે અંતર તે

રેખાંશ (સા. ના.) મુકરર કરેલા રેખાંશ વૃત્તથી પૂર્વ કે પશ્ચિમમાં કોઇ જગ્યાનું અંતર.

પ્રત (સા. ના.) નકલ

વિષુવવૃત્ત (સા. ના.) પૃથ્વીના ગોળાપર મધ્ય ભાગે જે કલ્પિત ફરતી લીટી દોરેલી હોય છે તે.

છેક (રી. ક્રિ. અ.) તદ્દન.

અક્ષાંશવૃત્ત (સા. ના.) વિષુવવૃત્તને સમાન્તર ઉત્તર દક્ષિણ જે આડી લીટીઓ દોરેલી હોય છે તે.

રેખાંશવૃત્ત (સા. ના.) વિષુવવૃત્તને કાટખૂણે છેદીને પૂર્વ પશ્ચિમ જે ઉભી લીટીઓ દોરેલી હોય છે તે.

મુકરર (ગુ.વિ.) નક્કી કરેલું

પાઠ ૬૯

ત્રાંસો (ગુ.વિ.) તીરકસ

નિયમિત (ગુ. વિ.) નિયમ પ્રમાણે આવનારો

કિરણ (સા. ના.) સીધી લીટીમાં પડતો પ્રકાશ; તેજ

વેપારવાયુ (પદા. ના.) વિષુવવૃત્તની આજુબાજુ વાનારો પવન એ વેપારીઓને વહાણો હંકારવામાં મદદ કર્તા છે તેથી એનું નામ વેપારવાયુ પાડ્યું છે.

મોન્સુન (પદા. ના.) નૈઋત દિશા તરફથી નિયમિત આવનારો પવન.

આંધી (પદા. ના.) જે પવનથી આકાશ ધૂળે છવાઇ જાય છે તે

વંટોળીઓ (ભા. ના.) ભમરાની માફક કુંડાળાં કરતો જોરમાં છૂટેલો પવન.

અનિયમિત (ગુ. વિ.) નિયમ વગરનો.

પાઠ ૭૦

રંદો (સા. ના.) લાકડું સાફ લીસું કરવાનું સુથારનું ઓજાર.

અચંબો (ભા. ના.) નવાઇ

મરેછે (અ. ક્રિ.) ઉતરે છે; જાય છે.

સુરમ (સા. ના.) એક જાતના કાંકરા.

બરડ (ગુ. વિ.) ઝટ ભાગી જાય તેવું

આરસપહાણ (સા. ના.) લીસો ચળકતો મોહું જણાય તેવો એક જાતનો પથ્થર

પાત્ર (સા. ના.) નદી સમુદ્ર વગેરેના તળીઆની જમીન

ધોધ (સા. ના.) ધાબો

ઉંચેથી પડતું પાણી અથવા તેનો જે આકાર તે.

સારાંશ(ભા. ના.)(સાર+અંશ) મુખ્ય મતલબ

પાઠ ૭૧

ભૂતળ રચના (સા. ના.) દેશની સપાટીપરની તથા નદી નાળાં પર્વતોની જે રચના તે

અસર (ભા. ના.) ફળ; પરિણામ; કાર્ય.

નદ(સા. ના.) નદી. (પણ જે પુરૂષ રૂપ મનાતી હોય તે.

સમધાત (ગુ. વિ.) મધ્યમ સર; ગરમ નહિ તેમજ ઘણી ઠંડી નહિ એવી

માફકસર (રી. ક્રિ. અ.) જોઇએ તેટલી.

ફળરૂપ (ગુ. વિ.) સારો પાક થાય તેવી;રસાળ.

ચાલાક (ગુ. વિ.) ચંચળ; ચપળ; હોશિઆર

મોજીલા (ગુ. વિ.) મોજ મઝા મારનારા.

સાહસિક (ગુ. વિ.) હીંમત વાન; જોખમ વેઠનાર.

કદાવર (ગુ. વિ.) કદમાં મોટા.

કસદીઆ (ગુ. વિ) જોઇએ તેટલો અથવા તેથી પણ ઓછો ખરચ કરનારા.

વર્ણ (સા. ના.) રંગ

કમજોર (ગુ.વિ.)(કમ+જોર) બળ વગરના

પાઠ ૭૨

નહેરો (સા. ના.) મોટાં સરોવર અથવા મોટી નદીઓમાંથી જે પ્રવાહ બીજે રસ્તે વાળી દૂર લઈ જવામાં આવ્યો હોય તે

લોઢાની સડક=રેલવે

ગવર્નર જનરલ(સા ના') વાઇસરૉય.

ઓદ્ધો (સા. ના.) અધિકાર; પદવી; સત્તા.

પાઠ ૭૩

કારખાનાં (વિ. ના.)કારખાનાંમાં

મોકું બંદર છે.

રા. રા. (ગુ. વિ.) રાજ્યમાન રાજેશ્રી

નમસ્કાર (ભા. ના.)હાથ જોડી નમવું તે

વિશેષ (ગુ. વિ.) વધારે

અત્રે (ઠે. ક્રિ.અ.)અહીં

જહાજો (સા. ના.) મોટાં વહાણો.

ડક્કા (સા. ના.) બંદર ઉપર માલ ચઢ ઉતાર કરવાની જગો; ફુરજો

વેરાન (ગુ. વિ.) ઉજ્જડ

આયાત (ભા. ના.)પરદેશથી માલ વગેરેનું આવવું તે.

નિકાસ (ભા. ના.) બીજે દેશ માલ લઈ જવો તે.

ઉથલ પાથલ(ભા. ના.) આપવું અને લેવું) તે.

વટાવી(સં. ભૂ.કૃ. અ.) ઓળંગી

પોર્ટુગલ લોક (સા ના.) પોર્ટુગાલદેશના માણસો

દેશાવર (શ. ના.) પરદેશ

પાઠ ૭૪

અર્થે (શ. અ.) માટે

નેગાપટ્ટણ (વિ. ના.) કોરોમંડળના કાંઠા પર બંદર છે.

પાંડીચેરી (વિ. ના.) મદ્રાસ ઇલાકામાં ફ્રેંચ લોકોનું શહેર છે

કમાવેલાં (વિ. ભૂ. કૃ.) પકવેલાં

મછલીપટ્ટણ (વિ. ના) કોરોમંડળના કાંઠાપર બંદર છે

વિજાગાપટ્ટણ (વિ. ના.) કોરોમંડળના કાંઠાપર બંદર છે.

ગંજામ (વિ. ના.) મદ્રાસ ઇલાકામાં પ્રાંત છે.

સિંકોના (સા. ના.) એક જાતનું ઝાડ એની છાલમાંથી ક્વીનીન બને છે

ચિત્તગાંગ (વિ. ના.) બ્રહ્મદેશના પશ્ચિમ કાંઠાપર બંદર છે.

આકિયાબ (વિ. ના.) બ્રહ્મદેશના પશ્ચિમ કાંઠા પર બંદર છે.

ખનીજતેલ (પદા. ના) જમીનમાંથી નીકળતું તેલ, જેમકે કેરોસીન તેલ.

લીલમ (સા. ના.) લીલા રંગનો કીંમતી પત્થર

પાઠ ૭૫

વહીવટ (ભા. ના.) કારભાર

આશ્રય (ભા. ના) મદદ

ક્ષેત્રફળ=લંબાઈ પહોળાઈમાં કોઇ પણ જગાનો વિસ્તાર

સંયુક્ત (ગુ. વિ.) જોડાયલા

સત્તા (ભા. ના.) અમલ; હાકેમી; અધિકાર.

પ્રતિનિધિ (સા. ના.) બીજાના તરફથી કામ કરનાર, મુખત્યાર.

નીમણુક (ભા. ના.) નીમવું તે.

સભાસદ (ભા. ના.) સભામાં બેસનારા.

અમલ (ભા. ના.) કરી બતાવવું; બજાવવું.

હાઇકોરટ (સા. ના.) વડી અદાલત.

હસ્તક (શ. અ.) હાથમાં; તાબામાં

પાઠ ૭૬ મો.

ગમ (સા. ના.) તરફ; બાજુ

વાતાવરણ (પદા. ના.) આ પૃથ્વીને વીંટળાઈ રહેલો જેટલો વાયુ તે; હવા

ગળે નહિ ઉતરે=માન્યામાં નહિ આવે.

અવકાશ (સા. ના.) ખાલી જગા; માગ

વાયુ શોષક યંત્ર (સા. ના.) વાને ખેંચી લેનારૂં યંત્ર.

દળ (સા. ના. જાડા પણું; પડ.

ઠામ (સા. ના.) વાસણ, ધાતુ મટોડી વગેરેનું.

પ્રાણ વાયુ (પદા. ના)

(પ્રાણ+વાયુ) પ્રાણને આધાર આપનાર વાયુ, ઓક્સિજન.
કોલ ગ્યાસ (પદા. ના.) કોલસામાંથી ઉત્પન્ન થતો વાયુ.
કાર્બોનિક એસિડ ગ્યાસ (પદા. ના.) કાર્બન+ઓક્સિજન મળીને થએલો વાયુ.

પાઠ ૭૭ મો.

જગતમાં જડ વસ્તુ પણ આબેહુબ જવાબ આપે છે; કે ગરીબ હોય યા રાજા હોય તો પણ તેઓ જેવું બોલે તેવુંજ સાંભળે છે.
ખાતર (શ. અ.) માટે.
આડખે પડખે (ઠે. ક્રિ. અ.) આજુ બાજુ.
ખુંદી વળ્યો (અ. ક્રિ) ફરી વળ્યો
પંડને (સ્વ.સર્વ.) પોતાને
પડઘો (ભા. ના.) સામો અવાજ થવો તે.
ઘોર (ભા. ના.) અવાજ
પડઘમ (સા. ના.) એક જાતનું વગાડવાનું વાજીંત્ર.
પ્રતિધ્વનિ (ભા. ના.) (પ્રતિ+ધ્વનિ) પડઘો
નડતર (સા. ના) આડ; હરકત
ધડો (ભા. ના.) દાખલો
તોછડો (ગુ. વિ.) હલકો.
અદબ (ભા. ના.) વિવેક મર્યાદા; માઝા

પાઠ ૭૮ મો.

જમાનો (ભા. ના.) વખત.
ગોદી (સા. ના.) વહાણને લંગરવાની જગા; બાંધેલી ખાડી
ટાર (પદા. ના.) કોલસામાંથી નીકળતો પ્રવાહી ડામર.
દૈત્ય (સા. ના.) રાક્ષસ
ગાઢ (ગુ. વિ.) ભર; ઘણીજ
બીજોયુગ=ત્રેતાયુગ.
સુશોભિત (ગુ. વિ.) સુંદર
બરૂ (સા. ના.) નેતર જેવો ભીની જમીનમાં ઉગતો છોડ.
કાળાંતરે (વખ.ક્રિ.અ.) કાળના કાળ વહી ગયા પછી; કોકાળે.
રેલ (ભા.ના.) નદીમાં વરસાદ પડવાથી પાણી વધી જવાં તે; પૂર
ખાણીઆ (સા. ના.) ખાણમાંથી ખોદનારા
છાંદી લઇ (સં.ભૂ.કૃ.અ.) જાડું લીંપી લઇને
કોલસા વાયુ (પદા.ના.) જે વાયુના દીવા થાય છે તે વાયુ; કોલ ગ્યાસ.

પાઠ ૭૯ મો.

ફુવારો (સા. ના.) નીચેથી ઉંચે જઇ પાછું ધારમાં નીચે પડતું જે પાણી તે
દેખરેખ (ભા. ના.) તપાસ.
ટગર ટગર (રી. ક્રિ.

અ.)એક નજરથી; ટગટગ.

શેર (સા. ના.) પાણી-ની ઊડતી પાતળી ધાર.

સવેળા (વખ ક્રિ. અ.) વખત સર.

છિદ્ર (સા. ના.) ઝીણું કાણું; બેહ.

પાઠ ૮૦ મો.

ધન (ગુ. વિ.) નક્કર

એકત્ર (ગુ. વિ.) એ-કઠા, ભેગા.

થર્મોમિટર (સા. ના.) ગરમી માપવાનું યંત્ર

ચુચ (સા. ના.) છટા

પાઠ ૮૧ મો.

ચોમેર (ઠે. ક્રિ. અ.) ચારે તરફ

સ્પષ્ટ (ગુ. વિ.) ખુલ્લું

શોષું છું (સ. ક્રિ.) ચૂસું છું

પડદો (સા.ના.) આંતરો

લાગ (ભા. ના.) વખત; દાવ.

ફુંઓ (સા. ના.)જેને ચામડાની નળી હોય તેવો પાણીની ધાર ઉરાડવાનો સંચો

પાઠ ૮૨ મો.

બેશ (ગુ. વિ.) ઉત્તમ સારો;

સ્તંભ (સા. ના.) કાચની નળીમાંની પારાની ઉભી દાંડી.

વાયુ ભાર માપક યંત્ર (સા. ના.) વાનું દબાણ માપવાનું યંત્ર

કોશીશ (ભા. ના.) મહેનત.

ગૂઢ (ગુ. વિ.) કઠણ; અઘરો

પ્રવીણ (ગુ. વિ.)પૂરો માહીતગાર; હોશિ-આર.

અનુમાન (ભા ના.) અટકળ; સુમાર; આશરો.

તર્ક (ભા. ના.)ધારણા

સંભવ (ભા. ના.) બની શકવું તે, બને તેવી હાલત.

એકા એક(રી.ક્રિ. અ.) વગર ધારે;અકસ્માત

ચેતવણી (ભા. નાં.) ખબર.

પાઠ ૮૩ મો

દ્વિદળી વનસ્પતિ(સા.ના) જેના બીની બે દાળ થાય તે વનસ્પતિ

એક દળ વનસ્પતિ (સા. ના.) જેના બીની દાળથઇ ન શકે તેવીવનસ્પતિ.

અંગો (સા.ના.) ભાગો

આડકતરાં (ગુ.વિ.) વાંકાંચુંકાં.

ખરે છે (અ. ક્રિ.) વળગી રહેલી વસ્તુ-એથી તૂટીનેનીચે પડ-વું છે.

વજ્ર પત્ર (સા. ના.) ફૂલના આચ્છાદનનાં નાનાં પાંદડાં.

ફૂલમણિ (સા. ના.)

ફોતરી (સા. ના.) અ-નાજનું ઉપલું છોડું

બીજાશય (સા. ના.) બી બંધાવાની જગો

પા ૮૪ મો.

પુષ્પકોશ (સા. ના.) ફૂલનો પાંખડીવાળો ભાગ.

તંતુ (સા. ના.) તાં-તણો.

પરાગકોશ (સા.ના.) પરાગ જેમાં રહે છે તે

સમાંતર (ગુ. વિ.) સરખે અંતરે હોય તે.

પરિપક્વ (ગુ. વિ.) પૂરૂં પાકેલું.

લલચાય છે (અ. ક્રિ.) લોભાય છે.

આતુરતા (ભા. ના.) હોંસ; અતિશય ઇચ્છા.

સંયોગ (ભા. ના.) ભેગા મળવું તે; મેળાપ

પાઠ ૮૫ મો.

કમાનો (સા. ના.) કડીઆ સુથાર વગેરે કારીગરે પાડેલો જે ધનુષ આકાર તે;

મુખ્યત્વે (રી. ક્રિ. અ.) ઘણું કરીને.

સ્થિતિ (ભા. ના.) ઉત્પત્તિ.

સપુષ્પ વનસ્પતિ (સા. ના.) જેને ફૂલ આવતાં હોય તે વનસ્પતિ

પાધરૂં (રી. ક્રિ. અ.) એકદમ.

વૃદ્ધિ (ભા. ના.) વધારો.

જળાશય (સા. ના.) (જળ+આશય) પાણીનું ઠેકાણું; નદી, કુવા, તળાવ વગેરે.

દિવાલ (સા. ના.) ભીંત.

વિચિત્ર (ગુ. વિ.) જુદી તરેહની.

પિંડ (સા. ના.) ગોળો.

ગાભો (સા. ના.) ઝાડની અંદર જે પોચો ભાગ તે; ગર.

પંક્તિ (સા. ના) વર્ગ.

સમુળગાં (ગુ. વિ.) બીલકુલ.

સૂક્ષ્મદર્શક યંત્ર (સા. ના.) ઝીણી વસ્તુને મોટી દેખાડનારૂં યંત્ર.

પાઠ ૮૬ મો.

મંજરી (સા. ના.) માંજર; ફૂલને ઠેકાણે બેસે છે તે.

પરનાળો (સા. ના.) પાણીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાની નીક.

પાતરીઓ (સા. ના.) પાનાં.

મશાલ (સા. ના.) ચીંથરાં વિંટાળી બનાવેલો લાંબો કાકડો.

કાથો (પદા. ના.) નાળિએરના રેસા.

દામણાં (સા. ના) ઘોડાં, ગધેડાં વગેરે પશુને પગે બાંધવાનાં દોરડાં.

ડાચો (સા. ના.) નાળિએરના ખોખામાં જે હુકાનો મેર ઘાલવામાં આવે છે તે.

સ્વાદિષ્ટ (ગુ. વિ.) સ્વાદ આપે તેવું.

પુરણપોળી (સા. ના.) વેડમી.

કલ્પવૃક્ષ (સા. ના.) ઇચ્છેલું આપે એવું સ્વર્ગનું ઝાડ.

ઝુમો (સા. ના.

લાંબા અણીદાર કાંટા
ટીશીઓ (સા. ના.) ખીલ્યા વગરનાં પાંદડાં.

પાઠ ૮૭ મો.

ઘેર (સા.ના.) ઘેરાવો.
અસ્તર (સા. ના.) અંદરનું પડ
ઓપ (ભા.ના.)ચળકાટ
અણિશુદ્ધ (ગુ. વિ.) જેવું ને તેવું.
ટકાઉ (ગુ. વિ.) ટીબે તેવું.
ટેટા (સા. ના.) વડનાં ફળ.
ચોતરા (સા. ના.) ચોખંડો ઓટલો.
સમિધ (સા. ના.) પવિત્ર ઝાડની હોમાગ્નિમાં નાંખવાની નાની ડાળીઓ.
વડવાઇ (સા. ના.) વડની મૂળીઓ અથવા એમાંથી ફૂટેલા બીજા નાના વડ.
પ્રાચીન (ગુ. વિ.) જુના કાળનો.

પાઠ ૮૮ મો.

અણસમજુ (ગુ. વિ.) સમજણ વગરનો.
યોગ્ય (ગુ. વિ.) લાયક; જેવા આપવા ઘટે તેવા.
અધવચ (ઠે. ક્રિ. અ.) વચ્ચોવચ; મધ્યે.
સતેજ (ગુ. વિ.) જાગૃત.
જંજાળ (ભા. ના,) ધંધા રોજગારસંબંધીની ખટપટ,
સંગ્રહસ્થાન (સા.ના.) જે ઠેકાણે દેશદેશના પદાર્થો રાખવામાં આવ્યા હોય તે.
પ્રસંગ (ભા. ના.) વખત,
કુંદ (સા. ના.) એક જાતના ફૂલનો વેલો.
પારિજાતક (સા. ના.) સુંદર નાજુક રાતી દાંડીનું સફેત ફૂલ.
કોઠ (સા. ના.) એક જાતનાં ફળ.
ટમેટા (સા. ના.) એક જાતનાં બટાકા જેવાં લાલ રંગનાં ફળ.

પાઠ ૮૯ મો.

રૂપાંતર (ભા. ના.) આકારમાં ફેરફાર.
ખોળીઆં (સા. ના.) શરીર.
સંજોગ (ભા. ના.) બનાવ; પ્રસંગ.
પુષ્ટ (ગુ. વિ.) મજબુત; બળવાન.
ખાલ (પદા. ના.) ચામડી.
કોશેટા (સા. ના.) રેશમનો કીડો.
દરમિઆન(વખ.ક્રિ.અ) વચમાં; વચમાંના વખતમાં.
ભરાઉ (ગુ. વિ.) પુષ્ટ.
બેડોળ (ગુ. વિ.)(બે ડોળ) ઘાટ વગરનું, બદશીકલવાળું

ધિક્કારવું (સ. ક્રિ.) તુચ્છ ગણવું.

અનુકૂળ (ગુ. વિ.) માફક આવતા.

સંજોગ (ભા. ના.) બનાવ; પ્રસંગ.

પરિપૂર્ણ (ગુ. વિ.) સંપૂર્ણ; પૂરતી રીતે; સારી પેઠે.

પાઠ ૯૦ મો.

ખાખાં (સા. ના.) ડાધો.

કોટલું (સા. ના.) કોચલું.

કરડા (ગુ. વિ.) સખત; આકરા.

ત્વચા (પદા. ના.) ચામડી.

પૌષ્ટિક (ગુ. વિ.) શરીરને પુષ્ટ કરે એવો.

ખાડો (ગુ. વિ.) જાડો.

અપારદર્શક (ગુ. વિ.) આરપાર દેખાય નહિ એવો.

સફેદી (પદા. ના.) ઈંડાની અંદરનો ધોળો પદાર્થ.

જરદી (પદા. ના.) ઇંડાની વચમાંનો પીળો રસ; ઇંડાની દાળ.

શિરાઓ (સા. ના.) નસો; રક્તવાહિનીઓ.

શોષણ (ભા. ના.) ચૂસી લેવું તે.

અદશ્ય (ગુ. વિ.) (અ+દશ્ય) દેખાય નહિ તે; અલોપ.

પાઠ ૯૧ મો.

લંગુર (સા. ના.) વાંદરાં

ઠેકડા (ભા. ના.) કૂદકા.

તૃણ (સા. ના.) ઊગેલા અનાજના છોડ.

કદાવર (ગુ. વિ.) શરીરે લાંબા પહોળા; કદમાં મોટા.

વિશાળ (ગુ. વિ.) મોટા

સંગીન (ગુ. વિ.) મજબુત

બળીએલ (ગુ વિ.) અદેખું મીંઢું; એકાદી વાતને મનમાંને મનમાં રાખે તે.

ઉરાંગ ઉટાંગ (સા. ના.) જંગલનું માણસ; એક જાતનો વાંદર.

કબીલો (સા. ના.) બૈરી છોકરાં; કુટુંબ; પરિવાર.

એકાંત વાસ (ભા. ના.) જ્યાં કોઇ હોય નહિ તેવી જગોએ રહેવું તે.

કપિ (સા. ના.) વાંદર

હાડ પિંજર (સા. ના.) (હાડ+પિંજર) હાડકાંનું પાંજરૂં

પાઠ ૯૨ મો.

હુમલો (ભા. ના.) ધસારો; ચઢાઈ

ગુફા (સા. ના.) પહાડમાં જે પોલાણ હોય છે તે.

બહોળો (ગુ. વિ.) ઘણો; વધારે.

શિલ્પ શાસ્ત્ર (ભા. ના.) કોતર કામ.

યોજના (ભા. ના.) ગોઠવણ

શ્રેષ્ઠ (ગુ. વિ.) ઉત્તમ; ઉંચી

સ્વર્ગ (પદા. ના.) આ.

મડી.

પાઠ ૯૩ મો.

મગજ (સા. ના.) માથાની ખોપરીની અંદરનો નરમ ભાગ.

ખોપરી (સા. ના.) જે હાડકામાંથી માથાનો ઉપલો કમાનદાર ભાગ થયો છે તે

તાલકુ (સા. ના.) માથાનો વચલો ભાગ; તાળવું.

ચલનવલન (ભા. ના.) હાલ ચાલ થવી તે.

જ્ઞાનતંતુ (સા. ના.) મગજને ખબર પહોંચાડનારા તાંતણા.

કલેજું (સા. ના.) કાળજું

કરોડરજ્જુ (સા. ના.) (કરોડ+રજ્જુ) કરોડના તાંતણાઓ

કાસદ (સા. ના.) ખબર લઇ જનારને લાવનાર.

પાઠ ૯૪ મો.

ફેફસાં (સા. ના.) છાતીની અંદરની શ્વાસ લેવાની ઇંદ્રિયો.

ખંડ (સા. ના.) ભાગ

સ્થિતિસ્થાપક (ગુ.વિ.) સ્થિતિ+સ્થાપક) પોતાની આગલી સ્થિતિ રાખી રહે તેવા ગુણવાળું.

ઉચ્છ્વાસ (ભા. ના.) શ્વાસ મૂકવો તે

પાંસળીઓ (સા. ના.) છાતીના ઢાઠાંની આજુબાજુ પરની અકેકી હાડકી

ધમણ (સા. ના.) પવન ફૂંકવાનો સંચો.

પાઠ ૯૫ મો.

માચી (સા. ના.) નાનો ચાર પાયાનો લાકડાંનો જે ઘાટ તે.

જરદી=પિળાસ પડતો. મેલ.

દસ્તો (સા. ના.) ખાણીનો હાંડો.

સાજીખાર (પદા. ના.) એક જાતનો નદી કાંઠે થતો ખાર

પાપડી ખાર (પદા. ના.) પાપડમાં નાખવાનો ખારો; સંચોરો.

ગહલ (ગુ. વિ.) એક જાતનો રંગ

કાંજી (પદા. ના.) સખડી; પેજ.

સુરખી (ભા. ના.) રાતાશ

ભપક (સા. ના.) તેજી

પ્યાજી (ગુ. વિ.) એક જાતનો રંગ.

અગ્બાસ (ગુ. વિ.) જાંબુની અંદરની રતાશ જેવો રંગ

કીરમજી (ગુ. વિ.) કીરમજના જેવો રંગ (લાલ ઘેરો)

બો (ભા. ના.) વાસ

મિશ્રણ (ભા. ના.) ભેળસેળ કરવું તે.

ઉરડાંભેડાં (સા. ના.) એક જાતનાં ફળ.

બારસાર (સા. ના.) ચીપો.

એલીઝરીન (ગુ. વિ.) એક જાતનો રંગ.

પાઠ ૯૬ મો.

હુન્નર (ભા. ના.) કારીગરી; કૌસબ; કળા.

લાદ (પદા. ના.) ઘોડા, ગધેડાનુ જે અઘેલું તે

ગૂંદે છે (સ. ક્રિ.) કસણેછે; ખૂબ ઝીલેછે

મુલાયમ (ગુ. વિ.) નરમ; સુંવાળીને પોચી.

ગારો (પદા. ના.) પલાળીને કસણેલું મટોડું

ખીલડો (સા. ના) ખીલો.

ચાક (સા. ના.) કુંભારનું ચક્કર

પેડું (સા. ના.) વચમાંનો ભાગ.

ટપેરેછે (સ. ક્રિ.) ઠોકે છે.

કાચકો (સા. ના.) કાચકીનું ફળ, એ સ્વાદે કડવું છે

ઓપે છે (સ. ક્રિ.) ચળકે તેમ કરે છે.

પાઠ ૯૭ મો.

બુધું (સા. ના.) એક જાતનું યંત્ર

યંત્ર (સા. ના.) સંચો.

ટેકો (સા. ના.) ટેકણુ; અઠીંગણુ

પાઠ ૯૮ મો.

ગરગડી (સા. ના.) લોઢાની ચાકરી

રેંટ (સા. ના.) કુવામાંથી પાણી કાઢવાનું ઢોચકાં વાળું ગોળ ચકકર.

નિહાળો (સ. કિ.) તપાસીને જુઓ,

વેહ (સા, ના) છિદ્ર; કાણું

દૃષ્ટિ (ભા. ના.) નજરે

ગાળો (સા. ના.) વચમાંનું અંતર.

ધોરણે (ભા. ના.) નિયમે.

કવિતાનું પદચ્છેદ.

કવિતાનું પદચ્છેદ કરતા પહેલાં તેનાં એક કે બે ચરણ કે જ્યાં એક પૂર્ણ વિચાર પૂરો થતો હોય ત્યાં સુધીનો ભાગ લઈ ગદ્યના રૂપમાં મૂકવો, એમ કરવાથી વિભક્તિ વગેરેના પ્રત્યયો જ્યાં જ્યાં ઘટતા હશે ત્યાં ત્યાં આવી જશે, તેમજ પડતા મૂકેલા શબ્દો પણ અર્થને માટે માંહે ગોઠવવા પડશે. પછી તે પ્રમાણે પડતા મૂકેલા શબ્દો પ્રત્યયો ધ્યાનમાં લઇ બધા શબ્દો યોગ્ય સ્થાનમાં મૂકી પદચ્છેદકરવું.

ઋષિ કહે છે (હે) નરપતિ, (તું) સાંભળ, સુદામે દ્વારામતી દીઠી (તેના) કનકકોટ ચળકારા કરે છે, (અને)(તેના) કાંગરે મણિમય રત્ન જડયાં છે

ઋષિ—સામાન્યનામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું એકવચન; 'કહે છે' ક્રિયાપદનો કર્ત્તા અને ક્રિયાનાથ. કહે છે—સકર્મક ક્રિયાપદ, 'કહે' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ વર્તમાનકાળ, ક્રિયાનાથ 'ઋષિ' ત્રીજોપુરૂષ નરજાતિ, એકવચન, કર્ત્તા 'ઋષિ,' કર્મ કહેવાનું, સકર્મક કર્ત્તરિ પ્રયોગ. સાંભળ—સકર્મક ક્રિયાપદ,'સાંભળ' મૂળ, મૂળભેદ,આજ્ઞાર્થવર્ત્તમાન કાળ, ક્રિયાનાથ 'તું' અધ્યાહાર, બીજોપુરૂષ, નરજાતિ,એકવચન,કર્ત્તા 'તું' અધ્યાહાર કર્મ સાંભળવાનું, સકર્મક કર્ત્તરિ પ્રયોગ, નરપતિ—સામાન્યનામ, નરજાતિ, સંબોધન અર્થે પ્રથમાનું એકવચન. સુદામે—વિશેષનામ, નરજાતિ, કર્તા અર્થે તૃતીયાનું એકવચન. દીઠી—સકર્મક ક્રિયાપદ, 'દેખ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ ભૂતકાળ, ક્રિયાનાથ 'દ્વારામતી, ત્રીજો-પુરૂષ, નારીજાતિ, એકવચન, કર્ત્તા 'સુદામે,' કર્મ 'દ્વારામતી,' સકર્મક

કર્મણિ પ્રયોગ. કનકકોટ–સામાન્ય નામ, નરજાતિ, કર્ત્તા અર્થે પ્રથમાનું એકવચન;'કરે'ક્રિયાપદનો કર્ત્તા. ચળકારા—ભાવવાચકનામ,નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું બહુવચન. 'કરે' ક્રિયાપદનું કર્મ.કરેછે—સકર્મક ક્રિયાપદ 'કર' મૂળ,મૂળભેદ, નિશ્ચયાર્થે વર્ત્તમાનકાળ, ક્રિયાનાથ 'કનકકોટ' ત્રીજો પુરૂષ, નરજાતિ, એક વચન, કર્ત્તા 'કનકકોટ,' કર્મ ચળકારા. સકર્મક કર્ત્તરિ પ્રયોગ. કાંગરે—સામાન્યનામ, નરજાતિ સ્થળ અર્થે સપ્તમીનું એકવચન. મણિમય—ગુણવાચકવિશેષણ, વિશેષ્ય 'રત્ન' રત્ન—સામાન્યનામ, નાન્યતરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું બહુવચન. જડયાં છે—સકર્મક ક્રિયાપદ'જડ'મૂળ, મૂળભેદ, નિશ્ચયર્થે ભૂતવર્તમાનકાળ,ક્રિયા નાથ 'રત્ન' ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, બહુવચન, કર્ત્તા અધ્યાહાર, કર્મ રત્ન, સકર્મક કર્મણિપ્રયોગ.

પેલું બકરીકેરૂંબાળ, આકાળે માડીથી વિખુટું (પડયું)

(તે) ઉંચા ગિરિના શૃંગે ઉભું, એની સંગમાં કોઇ(છે) નહિ

પેલું–દર્શક વિશેષણ, વિશેષ્ય બકરીકેરૂંબાળ. બકરીકેરૂં–સામાન્ય નામ, નારીજાતિ સંબંધાર્થે ષષ્ઠીનું એકવચન. બાળ–સામાન્યનામ, નાન્ય તરજાતિ, કર્ત્તા અર્થે પ્રથમાનું એકવંચન. આ–દર્શક વિશેષણ, વિશેષ્ય 'કાળે' કાળે–ભાવવાચકનામ, નરજાતિ વખત અર્થે સપ્તમીનું એક વચ-ન. માડીથી–સામાન્યનામ,નારીજાતિ,વિયોગ અર્થે પંચમીનું એકવચન. ઉંચા–ગુણવાચક વિશેષણ, વિશેષ્ય ' ગિરિ ' ગિરિના–સામાન્યનામ, નરજાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એકવચન. શૃંગે–સામાન્યનામ, નાન્યતર-જાતિ, સ્થળ અર્થે સપ્તમીનું એકવચન. ઉભું–અકર્મક ક્રિયાપદ, 'ઉભ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે ભૂતકાળ, ક્રિયાનાથ 'બકરીકેરૂંબાળ.'

ત્રીજોપુરૂષ, નાન્યતરજાતિ, એકવચન; કર્ત્તા 'બકરીકેરૂં બાળ' અકર્મક કર્તરિ પ્રયોગ. એની–દર્શક સર્વનામ, નાન્યતરજાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એકવચન. સંગમાં–ભાવવાચકનામ, નારીજાતિ, સ્થળ અર્થે સપ્તમીનું એકવચન. કોઇ–અનિશ્ચિત સર્વનામ, સામાન્ય જાતિ, કર્ત્તા અર્થે પ્રથમાનું એક વચન. નહિ–નકાર બતાવનારૂં ક્રિયાવિશેષણઅવ્યય.

કશ્યપને ઘેર તે કુમાર રૂપમાં ક્રૂર જનમ્યા. (તે) બહુ બળવંત (હતા) (તેમનાં) નામ હિરણ્યાક્ષને હરિણ્યકશ્યપ નીરધાર પાડયાં (તે) બહુ બળવંતા (હતા)

કશ્યપને–વિશેષનામ, નરજાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એકવચન. ઘેર–સામાન્યનામ, નાન્યતરજાતિ, સ્થળ અર્થે સપ્તમીનું એકવચન. તે–દર્શક વિશેષણ, વિશેષ્ય કુમાર. કુમાર–સામાન્યનામ, નરજાતિ, કર્ત્તા અર્થે પ્રથમાનું બહુવચન. 'અવતર્યા' ક્રિયાપદનો કર્ત્તા. રૂપમાં–ભાવવાચકનામ, નાન્યતરજાતિ, સ્થળ અર્થે સપ્તમીનું એકવચન. ક્રૂર–ક્રિયા વિશેણ. અવતર્યા–અકર્મક ક્રિયાપદ, 'અવતર' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે ભૂતકાળ, ક્રિયાનાથ 'કુમાર,' ત્રીજોપુરૂષ, નરજાતિ, બહુવચન, કર્ત્તા 'કુમાર', અકર્મક કર્તરિ પ્રયોગ. બહુ–ગુણવાચક વિશેષણ, વિશેષ્ય 'બળવંત–ગુણવાચક વિશેષણ, વિશેષ્ય 'તે' અધ્યાહાર નામ–સામાન્યનામ નાન્યતરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું બહુવચન. હિરણ્યાક્ષ–વિશેષનામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એકવચન, પાડયાં ક્રિયાપદના 'નામ' કર્મને સમાનાર્થે. ને ઉભયાન્વયી અવ્યય હરિણ્યકશ્યપ–વિશેષ નામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એકવચન 'પાડયાં' ક્રિયાપદના 'નામ' કર્મને સમાનાર્થે. નીરધાર–નિશ્ચય બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય. પાડયાં.

–અકર્મક ક્રિયાપદ 'પાડ' મૂળ, મૂળભેદ નિશ્ચયાર્થ ભૂતકાળ, ક્રિયાનાથ 'નામ'ત્રીજો–પુરૂષ, નાન્યતરજાતિ, બહુવચન, કર્ત્તા અધ્યાહાર, કર્મ 'નામ' સકર્મક કર્મણિ પ્રયોગ.

દૂરથી (આબુને) જોતાં (તે) દીલમાં ભલો ભાવ્યો જેમ આકાશમાં મેહ ચઢી આવ્યો (હોયની ? (ત્યાં) કુંડનો દેવતા વીજના જેવો દીસે છે, એવો ગિરિરાજ આબુ આજ દીઠો

દૂરથી–સ્થળવાચક ક્રિયા વિશેષણ અવ્યવ. જોતાં–કૃદંત અવ્યય.

દીલમાં–ભાવવાચક નામ, નાન્યતરજાતિ, સ્થળ અર્થે સપ્તમીનું એકવચન. ભલો–ક્રિયાવિશેષણ. ભાવ્યો–અકમર્ક ક્રિયાપદ 'ભાવ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ ભૂતકાળ, ક્રિયાનાથ, 'આબુ', ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન. કર્તા આબુ, અકમર્ક કર્તરિપ્રયોગ. જેમ–રીતીવાચક ક્રિયાવિશેષણ અવ્યય. આકાશમાં–સામાન્યનામ, નાન્યતર જાતિ, સ્થળ અર્થે, સપ્તમીનું એકવચન 'મેહ–સામાન્યામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું એકવચન. ચઢી આવ્યો—સંયુક્ત અકર્મક ક્રિયાપદ, 'ચઢીઆવ મૂળ, મૂળભેદ નિશ્ચયાર્થ ભૂતકાળ ક્રિયાનાથ 'મેહ', ત્રીજો પુરૂષ, નરજાતિ, એક વચન, કર્ત્તા મેહ અકર્મક કર્ત્તરિ પ્રયોગ. કુંડનો–સામાન્ય નામ, નરજાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એકવચન. દેવતા–સામાન્ય નામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથનું એકવચન, 'દીસે છે' ક્રિયાપદનો કર્તા. વીજના–સામાન્ય નામ, નારીજાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એકવચન. જેવો=ગુણ વાચક વિશેષણ, વિશેષ્ય દેવતા

દીસે છે—અકર્મક ક્રિયાપદ 'દીસ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે વર્તમાનકાળ; ક્રિયાનાથ 'દેવતા', ત્રીજો પુરૂષ, નરજાતિ, એક વચન કર્તા દેવતા, અકર્મક કર્તરિ પ્રયોગ. એવો=ગુણવાચક વિશેષણ, વિશેષ્ય આખુ. આખુ—વિશેષ નામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એકવચન. આજ—કાળવાચકક્રિયા વિશેષણ અવ્યય. દીઠો—સકર્મકક્રિયાપદ દેખ મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે ભૂતકાળ, ક્રિયાનાથ 'આખુ' ત્રીજો પુરૂષ, નરજાતિ એકવચન, કર્તા અધ્યાહાર, કર્મ આખુ, સકર્મક કર્મણિ પ્રયોગ.

જે સીધા મારગે ચાલે તે સપુત કહેવાય, જે અધર્મને ટાળે તે સપુત કહેવાય, જે સ્વજનને સુખ આપે તે સપુત કહેવાય. જે દીનનાં દુખડાં કાપે તે સપુત કહેવાય. જે—સંબંધી સર્વનામ નરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું એકવચન, 'ચાલે' ક્રિયાપદનો કર્તા. સીધા—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય મારગે. મારગે—સામાન્ય નામ, નરજાતિ, સ્થળ અર્થે સપ્તમીનું એકવચન. ચાલે—અકર્મક ક્રિયાપદ, 'ચાલ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે વર્તમાનકાળ, ક્રિયાનાથ 'જે' ત્રીજોપુરૂષ, નર જાતિ, એકવચન, કર્તા 'જે', સકર્મક કર્તરિ પ્રયોગ. તે—સંબંધી સર્વનામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું એક વચન ' કહે ક્રિયાપદનો કર્તા. સપુત—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય તે. કહેવાય—અકર્મક ક્રિયાપદ ' કહે ' મૂળ, સહયભેદ નિશ્ચયાર્થે વર્તમાનકાળ, ક્રિયાનાથ ' તે ' ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્તા ' તે ' અકર્મક કર્તરિપ્રયોગ. અધર્મને—ભાવ વાચક નામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એકવચન. ટાળે—સકર્મક ક્રિયાપદ 'ટાળ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે વર્તમાનકાળ, ક્રિયાનાથ 'જે' ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્તા 'જે', કર્મ 'અધર્મને', સકર્મક કર્તરિ પ્રયોગ. સ્વજનને—સામાન્યનામ, નાન્યતરજાતિ, સંપ્રદાન અર્થે ચતુર્થી

નું એક વચન. સુખ—ભાવવાચક નામ, નાન્યતરજાતિ,કર્મ અર્થે દ્વિતી-
યાનું એકવચન. આપે—સકર્મક ક્રિયાપદ,'આપ' મૂળ, મૂળભેદ,નિશ્ચયાર્થે
વર્તમાનકાળ, ક્રિયાનાથ 'જે' ત્રીજોપુરૂષ, નરજાતિ, એકવચન, કર્તા
જે, કર્મ સુખ, સકર્મક કર્તરિ પ્રયોગ. દીનનાં—સામાન્ય નામ સા-
માન્ય જાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એકવચન. દુખડાં—ભાવ વાચક નામ
નાન્યતર જાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું બહુ વચન. કાપે—સકર્મક ક્રિ-
યાપદ 'કાપ' મૂળ મૂળભેદ, નિશ્ચયાર્થે વર્તમાનકાળ, ક્રિયાનાથ જે,
ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, કર્તા 'જે', કર્મ દુખડાં, સકર્મક
કર્તરિ પ્રયોગ.

(હે) અવિનાશી (તમે) અરજ સુણો (હે) અવિના
શી અમારી અરજ સુણો
આપ દયાળુ (છો) (અને) અમે સૌ બાળક (છે) માટે
અમારી એક આશ (છે.)

અવિનાશી—વિશેષ નામ, નરજાતિ, સંબોધન અર્થે પ્રથમાનુ
બહુ વચન. અરજ—ભાવ વાચક નામ, નારીજાતિ, કર્મ
અર્થે દ્વિતીયાનું એક વચન, સુણો ક્રિયાપદનું કર્મ. સુણો—સક-
ર્મક ક્રિયાપદ 'સુણ' મૂળ, મળભેદ, આજ્ઞાર્થે વર્તમાનકાળ, ક્રિયાનાથ
'તમે' અધ્યાહાર, બીજો પુરૂષ, નરજાતિ માનાર્થે બહુવચન, કર્તા અ
વિનાશી, કર્મ 'અરજ' સકર્મક કર્તરિ પ્રયોગ

અમારી—પુરૂષ દર્શક સર્વનામ, સામાન્ય જાતિ, સંબંધાર્થે ષષ્ઠી
નું બહુ વચન. આપ—પુરૂષ દર્શક સર્વનામ, નરજાતિ માનાર્થે પ્રથ
માનું બહુવચન. દયાળુ—ગુણવાચક વિશેષણ, વિશેષ્ય આપ.એક—સં-
ખ્યા વાચક વિશેષણ, વિશેષ્ય આશ. આશ—ભાવ વાચક નામ, નારી
જાતિ, કર્તા અર્થે પ્રથમાનું એક વચન

પંચવટીમાં શ્રી રઘુવીર વિરાજતા હતા, તેમની સીતા અને લક્ષમણ સંગમાં સેવા કરતાં, (વળી) સર્વે પોતાના કુળનો ધર્મ પાળતા હતા, (અને) નિત્ય નિત્ય નૌતમ રંગની લીલા કરતા હતા.

પંચવટીમાં–વિશેષ નામ, નારીજાતિ,સ્થળ અર્થે સપ્તમીનું એક વચન. શ્રી રઘુવીર–વિશેષ નામ, નરજાતિ, માનાર્થે પ્રથમાનું બહુ વચન. વિરાજતા હતા–અકર્મક ક્રિયાપદ, 'વિરાજ' મૂળ, મૂળભેદ નિશ્ચયાર્થ વર્તમાન ભૂતકાળ, ક્રિયાનાથ ' શ્રી રઘુવીર, ' ત્રીજો પુરૂષ, નરજાતિ, માનાર્થે બહુ વચન, કર્તા ' શ્રી રઘુવીર ' અકર્મક કર્તરિ પ્રયોગ. તેમની–પુરૂષ દર્શક સર્વનામ નરજાતિ માનાર્થેષષ્ઠીનું બહુવચન. સીતા–વિશેષનામ, નારીજાતિ કર્તા અર્થે પ્રથમાનું એકવચન. અને–ઉભયાન્વયી અવ્યય. લક્ષ્મણ–વિશેષ નામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું એક વચન. કરતાં ક્રિયા પદનો કર્તા. સંગમાં–ભાવવાચક નામ, નરજાતિ, સ્થળઅર્થે સપ્તમી નું એકવચન. સેવા–ભાવવાચક નામ, નારીજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એકવચન કરતાં ક્રિયાપદનું કર્મ.કરતાં–સકર્મક ક્રિયાપદ, 'કર' મૂળ મૂળભેદ, નિશ્ચયાર્થે ભૂતકાળ, ક્રિયાનાથ ' સીતાલક્ષ્મણ, ' ત્રીજો પુરૂ ષ, નાન્યતર જાતિ, બહુવચન, કર્તા 'સીતાલક્ષ્મણ, કર્મ સેવા સકર્મક કર્તરિ પ્રયોગ.

(જે) હિતનું કહ્યું (કહેલું) કંઇ ન સુણે તેને બધિરના સરખો માનવો.

(જે) ક્રોધને સ્વાધીન થાય તેને આંધળાની સમું માનવો.

હિતનું-ભાવ વાચક નામ, નાન્યતર જાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એક વચન. કહ્યું-વિશેષણ ભૂત કૃદંત. કંઇ-અનિશ્ચત સર્વનામ, સામાન્ય જાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એક વચન.

સુણે—સકર્મક ક્રિયાપદ, ' સુણ મૂળ ' મૂળભેદ, નિશ્ચયાર્થ વર્તમાનકાળ, ક્રિયાનાથ ' જે ' અધ્યાહાર. ત્રીજો પુરૂષ, નર જાતિ, એક વચન. કર્તા ' જે ' અધ્યાહાર, કર્મ ' હિતનું કહ્યું ' સકર્મક કર્તરિ પ્રયોગ બધીરના-ગુણ વાચક વિશેષણ, વિશેષ્ય તેને સરખો-ગુણવાચક વિશેષણ, વિશેષ્ય તેને માનવો-સકર્મક ક્રિયાપદ, 'માન' મૂળ, મૂળ ભેદ, આજ્ઞાર્થ વિધિ વર્તમાનકાળ ક્રિયાનાથ'તેને,' ત્રીજો પુરૂષ નરજાતિ, એક વચન, કર્ત્તા અધ્યાહાર, કર્મ 'તેને ' સકર્મક કર્મણિ પ્રયોગ. ક્રોધને—ભાવ વાચક નામ, નરજાતિ; કર્મ અર્થે દ્વિતીયાનું એક વચન.સ્વાધીન – ગુણવાચક વિશેષણ,વિશેષ્ય'જે'અધ્યાહાર. થાય-અકર્મક ક્રિયાપદ 'થા' મૂળ,મૂળભેદ નિશ્ચયાર્થ વર્તમાનકાળ, ક્રિયાનાથ 'જે' અધ્યાહાર. ત્રીજો પુરૂષ, નરજાતિ, એક વચન, કર્તા ' જે ' અધ્યાહાર. અકર્મક કર્તરિ પ્રયોગ. તેને-પુરૂષ દર્શક સર્વ નામ, નરજાતિ કર્મ અર્થે દ્વિતીયાનું એક વચન. આંધળાની-ગુણવાચક વિશેષણ, વિશષ્ય તેને,સમ-ગુણવાચક વિશેષણ,વિશેષ્ય તેને માનવો-સકર્મક ક્રિયાપદ, "માન" મૂળ, મૂળભેદ, આજ્ઞાર્થ વિધિવર્તમાનકાળ, ક્રિયાનાથ ' તેને ' ત્રીજો પુરૂષ, નરજાતિ, એક વચન, કર્તા અધ્યાહાર, કર્મ 'તેને, સકર્મક કર્મણિ પ્રયોગ.

પ્રભાત જાણીને પંખીડાં ઊઠયાં (અને) ત્યાં કાક કાકા કરે છે. પપૈયા તો પીયુ પીયુને (વરસાદને) ઝંખે છે, (અને) વડની શાખાઓ સુરા કેકા કરે છે

પ્રભાત—સામાન્ય નામ, નાન્યતર જાતિ કર્મ અર્થે દ્વિતીયાનું એક વચન, જાણીને—સંબંધક ભૂત કૃદંત અવ્યય. પંખીડાં—સામાન્ય નામ, નાન્યતરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું બહુ વચન, "ઉઠયાં" ક્રિયાપદનો કર્તા. ત્યાં—સ્થળવાચક ક્રિયા વિશેષણ અવ્યય. કાક—સામાન્ય નામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથમનું બહુવચન, 'કરે છે' ક્રિયાપદનો કર્તા. કાકા—ભાવવાચક નામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એક વચન, 'કરે છે,' ક્રિયાપદનું કર્મ. કરે છે—સકર્મક ક્રિયાપદ 'કર' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ વર્તમાનકાળ, ક્રિયા નાથ ' કાક, ' ત્રીજો પુરૂષ, નરજાતિ, બહુવચન, કર્તા ' કાક, ' કર્મ 'કાકા.' સકર્મક કર્તરિ પ્રયોગ. પપૈયા—સામાન્ય નામ, નર જાતિ, કર્તા અર્થ પ્રથમાનું બહુવચન. તો–રીત વાચક ક્રિયા વિશે ષણ અવ્યય. પીયુ પીયુને–સામાન્ય નામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતી યાનું એક વચન, ' ઝંખે ક્રિયાપદનું કર્મ. ઝંખે છે–સકર્મક ક્રિયાપદ ' ઝંખ મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ વર્તમાનકાળ, ક્રિયાનાથ ' 'પપૈયા' ત્રીજો પુરૂષ, નરજાતિ, બહુ વચન, કર્તા ' પપૈયા, કર્મ પીયુ પીયુ સકર્મક કર્તરિ પ્રયોગ. વડની–સામાન્ય નામ, નરજાતિ, સંબંધાર્થે પ-ષ્ઠીનું એક વચન. શાખાએ—સામાન્ય નામ, નારી જાતિ, સ્થળ અર્થે સપ્તમીનું એક વચન. સુડા—સામાન્ય નામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું બહુ વચન, કરે છે, ક્રિયાપદનો કર્તા. કૌકો—ભાવવાચક નામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એક વચન; ' કરે છે ' ક્રિયા પદનું કર્મ. કરે છે–સકર્મક ક્રિયાપદ ' કરે ' મૂળ, મૂળભેદ, નિશ્ચ-યાર્થ વર્તમાનકાળ, ક્રિયાનાથ ' સુડા નરજાતિ, બહુ વચન, કર્તા ' સુડા, કર્મ કૌકો, સકર્મક કર્તરિ પ્રયોગ.

જો પંખીની ઉપર પથરો ફેંકતાં તો ફેંકી દીધો, (પણ)

ને અરરર છૂટયો (તેથી) મારા હૈયા મહીંતો ફાળ પડી.

તે-દર્શક વિશેષણ. વિશેષ્ય ' પંખી. ' પંખીની—સામાન્ય નામ. નાન્યતર જાતિ, સંબંધાર્થે ષષ્ઠીનું એક વચન. ઉપર—શબ્દયોગી અવ્યય. પથરો—સામાન્ય નામ, નરજાતિ, કર્મ અર્થે દ્વિતીયાનું એક વચન. ફેંકતાં—કૃદંત અવ્યય. તો—રીતીવાચક ક્રિયા વિશેષણ અવ્યય

ફેંકી દીધો—સંયુક્તસકર્મક ક્રિયાપદ ' ફેંક ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે ભૂતકાળ, ક્રિયાનાથ ' પથરો, ' ત્રીજો પુરૂષ, નર જાતિ, એક વચન, કર્તા અધ્યાહાર, કર્મ ' પથરો ' સકર્મક કર્મણિ પ્રયોગ. તે—પુરૂષ દર્શક સર્વ નામ, નરજાતિ, કર્તા અર્થે પ્રથમાનું એક વચન. ' છૂટયો ' ક્રિયાપદનો કર્તા. અરરર—કેવળ પ્રયોગીઅ-વ્યય. છૂટયો અકર્મક ક્રિયાપદ, ' છૂટ ' મૂળ, મૂળ ભેદ; નિશ્ચયાર્થ-ભૂત કાળ, ક્રિયાનાથ ' પથરો, ' ત્રીજો પુરૂષ, નરજાતિ, એક વચન; કર્તા ' પથરો, ' અકર્મક કર્તરિ પ્રયોગ. હૈયાની—ભાવ વાચક નામ નાન્યતર જાતિ. સંબંધાર્થે ષષ્ઠીનું એક વચન. મહીં—શબ્દયોગી અ-વ્યય. તો—રીતિવાચક ક્રિયાવિશેષણઅવ્યય.

ફાળ—ભાવવાચક નામ, નારીજાતિ, કર્તાઅર્થે પ્રથમાનું એક વચન. પડી—અકર્મક ક્રિયાપદ ' પડ ' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ ભૂત કાળ, ક્રિયાનાથ ' ફાળ ' ત્રીજો પુરૂષ, નારીજાતિ, એક વચન, કર્તા ' ફાળ ' અકર્મક કર્તરિ પ્રયોગ.

પદાર્થ પાઠ.

હવા વાયુને વરાળ.

વાતાવરણ—પૃથ્વીની આજુ બાજુના વાના ઘેરાણને વાતાવરણ કહેછે. કોઈ પણ જગા હવા વિના ખાલી નથી—ખાલી બરણીથી પ્રત્યક્ષ બતાવવું. હવા પદાર્થ

હોય તેને વજન છે–હવા વાળીને હવા વગરની ખાલી શીશીથી સાબીત કરી બતાવવું. **હવાનું દબાણ નહિં લાગવાનું કારણ**–દબાણ શરીરના એકજ ભાગ ઉપર ન હોતાં અંદર અને બહારના સઘળા ભાગ ઉપર સરખું હોયછે તેથી.**હવા એ વાયુરૂપી પદાર્થ છે**–ઘન પદાર્થો પેઠે એને કદને આકાર નથી. તેમજ પ્રવાહી માફક એનો રેલો નીકળતો નથી માટે એ વાયુરૂપછે.**હવાનાઅવયવો**–ઓકિસજનને નૈટ્રોજન એ બે મુખ્ય છે. **ઉપયોગ**–દીવો દેવતા સળગાવવા તથા પ્રાણીઓને જીવતા રાખવા ઓકિસજન ઉપયોગી છે. અને નૈટ્રોજન વનસ્પતિ અને પ્રાણીઓનો અંગો પોષવા તથા એકલો ઓકિસજન સખત ન પડે માટોતેની સાથે ભેળવવામાં. **કેટલાએક વાયુ સળગાવ્યાથી બળેછે**–કોલગ્યાસ. **કેટલાક ઝેરી છે**–કાર્બોનિક એસિડ **કેટલાક નુકસાન કરે એવાછે–વરાળ**. વરાળ–એ પાણીનું વાયુ રૂપ છે. **વરાળનાં કાર્ય**–આગગાડી, આગબોટ,કારખાનાં વગેરે ચાલે છે.

સાધન–પાણીનું વાસણ,કાચની બરણી, વાયુશોષકયંત્ર, યંત્રથી પ્રયોગ કરી ઓકિસજનને નૈટ્રોજન છુટા કરવા તથા પ્રયોગથી કોલગ્યાસ, કારબોનિક એસિડને વરાળ કરી બતાવવાં.

પડઘો.

સાધન–રકાબી, પાણીને દડો.

પડઘો–ડુંગર કુવો, ગરનાળ, દહેરાં વગેરે ઠેકાણે સામો અવાજ થાય છે તે પ્રત્યક્ષ બતાવવું. **પડઘો એટલે શું?**–ઘોર અવાજનું પાછું ફરવું. **ઘોર એટલે શું?**–બોલવાથી હવા ગતિમાં આવે છે ને તેનાં મોજાં કાનને અથડાવાથી સાંભળીએ છીએ તે ઘોર કે ધ્વની. **પડઘો સંભળાવાનું કારણ**–જેમ પાણીનાં મોજાં અથડાવાથી પાછાં ફરેછે

તેમ બોલવાથી હવામાં થતાં મોજાં અથડાઇને પાછાં આપણા કાનને અથડાય છે, અને બોલેલા બોલ ફરી સંભળાય છે. એ ફરી સાંભળવાને પડઘો કહે છે.


કોલસો ને ગ્યાસ.

સાધન–કોલસો, ડામર, કોલગ્યાસ, જુદા જુદા જર્મનરંગો, ડામરની ખાંડ, ચુંગી, ગ્યાસ કાઢવાનું હથિઆર.

કોલસાની ઉત્પત્તિ–ઘણા વરસથી જમીનની અંદર મોટાં મોટાં ઝાડો હવા, પાણી, તડકો, તાપ વગર દટાઇ રહેલાં, તેના કોલસા બન્યા છે. એની ખાણો મધ્ય પ્રાંતને આસામમાં છે. કોલસાનો ઉપયોગ આગગાડી, આગબોટ, મોટાં મોટાં કારખાનાં વગેરે ઠેકાણે એને બાળવામાં લે છે. વળી કોલગ્યાસ નામનો વાયુ જેના ઝગ ઝગાટ દીવા બનેછે તે નીકળેછે, રંગો બને છે, અને એમાંથી એક જાતની ખાંડ બનાવવામાં આવે છે તે સાધારણ ખાંડથી પાંચસેં ઘણી ગળી છે,

ફુવારો.

સાધન–ફુવારોને કાચની નળી.

ફુવારો–બની આવેતો પ્રત્યક્ષ બતાવવો અને ત્યાં તેની સઘળી બનાવટ સમજાવવી, વળી પાણીનો નિયમ સમજાવવો કે પાણી જેટલે ઉંચેથી નીચે ઉતરે તેટલું પાછું ઉંચું ચઢવાને મથે છે. આ નિયમ પાડેલી આકૃતિ જેવા વાસણમાં  પાણી રેડી સમજાવવો કે લાંબી નળીમાં પાણી રેડવાથી ટુંકી નળી વાટે બધું પાણી નીકળી જાય છે, માટે પાણી જેટલે ઉંચેથી નીચે ઉતરે તેટલું પાછું ઉંચું

ચઢે છે. અને જયાંથી પાણી બહાર નીકળે છે તે ટુંકીને ખુલ્લી હોવાથી પાણી બહાર નીકળી જાય છે તે પણ સમજાવવું.

પારો અને ગરમી માપક યંત્ર.

સાધન–પારો, શીશી, નળી, રંગવાળું પાણી, દીવો, બૂચ, અને ગરમી માપક યંત્ર.

પારો–એ ધાતુ છે. એમાં કેટલાક ખાસ ગુણો છે. (૧) પાણીથી સાડાતેર ગણો ભારે છે. (૨) રંગે રૂપા જેવો સફેતને પ્રકાશિત છે. (૩) એના વરસાદના ટીપા જેવા દાણા બંધાય છે (૪) પ્રવાહી છે. (૫) પકડવા જઇએ તો હાથમાં આવતો નથી. (૬) કાટ લાગતો નથી. (૭) ભારે છે. (૮) વાસ નથી. (૯) સ્વાદ નથી. (૧૦) ગરમીથી ફૂલે છે. **પારો ગરમીથી ફૂલેછે**–કાચની શીશીમાં રંગેલું પાણી રેડી તથા બૂચમાં નળી ઉતારી સાબીત કરી બતાવવું કે હર કોઇ વસ્તુ પાણીની માફક ગરમીથી વિસ્તાર પામે છે, ને ઠંડીથી સંકોચાય છે, અને પારાનું પણ તેમજ થાય છે. **થર્મોમીટરની નળીમાં પાણી ન ભરતાં પારો ભરવાની રીત**–પારો અતિશય તપાવ્યા વિના વાયુ રૂપમાં આવી જતો નથી. વળી પાણી જેટલો વહેલો પારો ઠરી જતો નથી. આ પારો ભરેલી નળીને ગરમી માપક યંત્ર થર્મોમીટર કહે છે. આ યંત્ર બનીશકે તો પ્રત્યક્ષ બતાવવું અને કહેવું કે નળીનો એક છેડો વધારે ફુલાવેલો હોવાથી દડી જેવો છે ને તેમાં પારો ભર્યો છે **નળીમાં પારો ભરવાની રીત**–ઝીણા વેહની લાંબી નળીનું એક મોઢું ઉઘાડું હોય છે તે વાટે પારો ભરે છે, પણ નળીનો વેહ ઘણો સાંકડો હોવાથી તેમાં પારો ઝટ ઉતરી શકતો નથી. એટલા માટે એ ભાગને ગરમ કરે છે, તેથી હવા ગરમીથી પાતળી થઇ બહાર નીકળી જાય છે ને પારો અંદર ઉતરે છે. પછી જોઇએ એટલો પારો ભરાય

ત્યારે ફરીથી ગરમ કરે છે, તેથી પારો ઠેઠ મથાળા સુધી વધે છે ને બધી હવા બહાર નીકળી જાય છે, એટલે નળીને સજ્જડ બંધ કરી લે છે. **નળીમાં ભાગ રહેવાનું કારણ**—પારો ઠંડો થવાથી સંકોચાય છે ને નીચો ઉતરી પડે છે **ઠાર બિંદુ**—પારો ભરેલી નળીને બરફમાં મૂકતાં જે ઠેકાણે પારો સ્થિર રહે તે ઠારબિંદુ. **ઉકાળ બિંદુ**—ઉકળતા પાણીમાં મૂકતાં જયાં પારો ચઢીને સ્થિર રહે તે ઉકાળબિંદુ. **માપ જાણવાની રીત**—એ બે બિંદુની વચ્ચે સો સરખા ભાગ પાડેલા હોય છે તેમાં ઠાર બિંદુએ શૂન્ય, ને ઉકાળ બિંદુએ સો માંડેલા હોય છે. થર્મોમિટરનો ઉપયોગ—ગરમીનું માપ બતાવે છે.

હવાનું દબાણ અને બંબો.

સાધન—કાચનો પ્યાલો, પાણી, કાગળનો કકડો, ઝીણા વેહવાળું ઢાંકણું, શીશો, બે તરફની પોલી નળી પીચકારી, પાણીનો બંબો.

હવા—ચોમેરથી હવા આપણા ઉપર દબાણ કરે છે તે ફરી સમજાવવું. **અંદરની હવાનું દબાણ**—પાણીના પ્યાલા ઉપર કાગળ ઢાંકી તથા શીશીમાં પાણી ભરી તેના ઉપર ઝીણા વેહવાળું ઢાંકણું ઢાંકી ઉંધો પાડવાથી પાણી નીકળી જશે નહિ. **બહારની હવાનું દબાણ** શીશીમાં પાણી ભરી તેમાંથી નળી મૂકી હવા કાઢી લેવાથી બહારની હવાના દબાણને લીધે પાણી નળીમાં ચડશે. તેજ પ્રમાણે પીચકારીમાં પણ થાય છે. **બંબાની રચના**—પીચકારીના જેવીજ છે. ફેર એટલો કે તેમાં બીજા નાળચા વાટે પાણી બહાર નીકળે છે. વળી બંબાના હેઠલા ભાગમાં છેક પાણી લગી પહોંચે એવડો નળ હોય છે. એ નળની ટોચે અને માંહેલી મેર નાનો પડદો હોય છે. વળી બંબાના દાટાની અંદર પણ નાનો પડદો હોય છે. **પાણી બહાર નીકળવાનું**

કારણ—દાટો ઉંચો ખેંચાવાથી હવા શોષાઈ પહેલો નાનો પડદો ઉઘડે છે; એથી પડદાની વાટે પાણી ઉચું ચઢી વાટાપર દબાણ કરે છે. પછી દાટો ફરીને નીચો દબાયાથી પહેલો પડદો દબાણને લીધે બંધ થઇ જાય છે. આથી પાણી નીચે જઇ શકતું નથી, અને દાટામાંનો પડદો ઉઘાડી પાણી દટાની ઉપર ચઢે છે. પછી દાટો ઉંચો ખેંચાયાથી તે પરના પાણીના દબાણને લીધે દાટામાંનો પડદો બંધ થઇ જાય છે અને પાણી નાળચાને રસ્તે બહાર નીકળે છે.

હવાનું દબાણ અને વાયુ ભારમાપક યંત્ર.

સાધન—પારો કાચની નળી, (૪૦ ઈંચની) કાચનો પ્યાલો અને વાયુભારમાપકયંત્ર **હવાનું દબાણ**—ચાળીસ ઈંચ લાંબી નળીમાં પારો ભરી મોં આંગળીથી બંધ કરી પારો ભરેલા વાસણમાં ઉંધી વાળીશું તો અઠ્ઠાવીસ ઇંચની ઉંચાઇએ પારો રહેશે, ને બાકીનો નીકળી જશે. આ ઉપરથી હવાનું દબાણ કેટલું છે તે માલમ પડી આવે છે. આ નિયમ ને આધારે વાયુભારમાપક યંત્ર બનાવવામાં આવ્યું છે. **વાયુભારમાપકયંત્રની બનાવટ**—ચાળીસ ઇંચની કાચની નળી અને એક પ્યાલો તેમાં પારો ભરવામાં આવેછે. નળીમાં પારાની ઉંચાઇ જણાય તેટલા માટે તેના ઉપર આંકા પાડેલા છે. **ઉપયોગ**—(૧) દરીઆની સપાટીએ પારાની ઉંચાઇ ૩૦ ઇંચ હોય છે, અને પ્રત્યેક ૯૦૦ ફૂટની ઉંચાઇએ પારો એક ઇંચ હેઠે ઉતરે છે તે પરથી પર્વતની ઉંચાઈ માપી શકાય છે. (૨) વરસાદ ક્યારે આવશે અથવા તોફાન ક્યારે થશે તે પણ આ યંત્રપરથી જણાયછે.

એક ફળને દિફળ.

સાધન—ચટાણા, સોપારી, નાળિએર, એક ફળને દિફળવા ફુંકીમા ફૂટેલા છોડ, અગર દરેક જાતનાં ફૂલ, અને દરેક જાતનાં ઝાંખડાં.

વનસ્પતિ વર્ગ-(૧) પુષ્પવાળી–આંબો, કેળ વગેરે (૨) પુષ્પ-વગરની–કાઓ હંસરાજ, લીલ, સેવાળ, બિલાડીના ટોપ વગેરે. **પુષ્પ વાળીના ભાગ**(૧)એકદળને (૨) દ્વિદળ. એકદળને દ્વિદળનો મૂળમાં તફાવત-(૧) દ્વિદળીનું સોટી મૂળ છે ને તેમાંથી ઝીણા રેસા ફૂટેલા હોય છે. (૨) એક દળીનું પૂંજ મૂળ છે. એનું મૂળ ઢુંકારે-સાનું બનેલું છે. **થડમાં તફાવત**(૧) દ્વિદળીને ડાળાં ફૂટેલાં હોયછે ને એક દળીને નથી. (૨) દ્વિદળીનું થડ હેઠેથી જાડું ને ટોચે પાતળું હોય છે, પણ એક દળીના ઝાડનું થડ થાંભલા જેવું સીધું હોય છે (૩) દ્વિદળીના થડને છાલ છે ને એકદળીને નથી. (૪) દ્વિદળીનું થડ આડું કાપીએ તો અંદરનો ભાગ ઘટ અને સખત માલમ પડે છે, પણ એક દળીનો પોલોને ભાંગીને ભુકો થઇ જાય એવોછે. **પાંદડાંમાં** દ્વિદળનાં પંદડાંને ડીટાં હોય છે, ને તેમાં નસોની જાળ પાથરેલી હોય તેવી છે. એક દળીને ડીટું નથી, ને નસો સમાંતર હોય છે. (૨) દ્વિદળનાં પાંદડાંની નસો એક બીજાની સાથે ગુંથાઈ ગએલી હોવાથી પાંદડું સીધું ફાટતું નથી, અને એક દળીનાં પાંદડાંની નસો સમાન્તર હોવાને લીધે સીધું ફાટે છે. (૩) દ્વિદળનાં પાંદડાં પાકે છે, ત્યારે પાંદડાં પીળાં થઇને તરત ખરી પડેછે, પણ એકદળીનાં સુકાઇને ચીમરાઇ જાય છે, ને ઘણો વખત ઝાડ ઉપર લટકતાં રહે છે, તે પછી ખરી પડે છે, યા તો છોડ ઉપરજ કોહી જાય છે. ફૂલમાં (૧) દ્વિદળીને વજ્ર અને ફૂલમણિ હોય છે, પણ એક દળીને માત્ર ફૂલમણિ જ હોય છે. (૨) દ્વિદળીને ફૂલની પાંખડીઓ અને પુંકેસર ચાર કે પાંચ અને તેના તેટલા ગણા હોય છે. અને એક દળને ત્રણ અને તેની ત્રણ ગણાઇ જેટલા હોય છે. આનો ચોક્કસ નિયમ નથી ફળમાં-દ્વિદળીના ફળને બે દાળ હોય છે, પણ એક દળીના ફળને

તેવી હોતી નથી. (૨) દ્વિદળને બે દાળની વચ્ચે બીજાશય છે, પણ એક દળને એક બાજુએ અગ્રતા નીચે હોય છે.

ફૂલનું ફળ બનવા વિષે.

સાધન–પુંકેસરને સ્ત્રી કેસરવાળાં ફૂલો.

- ફૂલ
  - વજ્ર
  - ફૂલ મણિ (પાંખડી વાળો ભાગ)
  - સ્ત્રી કેસર
    - ગર્ભનળી
    - ગર્ભનળીનું મુખ
    - બીજાશય
  - પુંકેસર
    - પરાગ કોશ
    - પરાગ તંતુ
      - પીઠ
      - પેટ

સ્ત્રી કેસરમાં પરાગ પડવાની ક્રિયા–પુંકેસરનો પરાગ કોશ ફાટી સ્ત્રી કેસરના ચીકણા અગ્રભાગ ઉપર પડે છે, ને તે રજ બીજાશયમાં જઇ તેનું ફળ બંધાય છે. એકજ ફૂલમાં સ્ત્રી કેસર ઉંચાને પુંકેસર નીચા હોય તો એવાં ફૂલોમાં મધમાખીઓ પતંગીઆં વગેરે જંતુઓ અથવા પવન સ્ત્રીકેસરમાં પરાગ લઇ જાય છે, ને ફળ બધાય છે. એકજ ઝાડ ઉપર એક ફૂલમાં પુંકેસરને બીજા ફૂલમાં સ્ત્રી કેસર હોય તો પુંકેસરનો રજ પવન કે જીવજંતુ મારફતે સ્ત્રી કેસર ઉપર પડી ફળ બંધાય છે. જેમ કે કોળાં, કારેલાં વગેરે. એક ઝાડ ઉપર પુંકેસરને બીજા ઝાડ ઉપર સ્ત્રી કેસર હોય તો તેનું પણ એજ પ્રમાણે પવન કે જીવજંતુ મારફતે રજ જઇ ફળ બંધાય છે.

જેમ કે ગિલોડાં, કંટોલાં વગેરે. **ફળ બનવાની ક્રિયા**–પરાગની રજકણ બહારના ઢાંકણનાં કાણાં વાટે સ્ત્રી કેસરની નળીમાં થઈ બીજાશયમાં જાય છે. પછી બીજાશયના ફૂલના ઈંડાંના નાના છિદ્રોમાં થઈ ને ઇંડાંમાં પેસે છે, અને પછી ઇંડાંનો અને પરાગના તંતુનો સંયોગ થવાથી ફળ બંધાય છે.

અપુષ્પ વનસ્પતિ

અપુષ્પ વનસ્પતિ–જેને ફૂલ થતાં નથી તે. જેમકે હંસરાજ, સેવાય, લીલ. ફૂગ, બિલાડીના ટોપ, ગેરૂ, બેક્ટિરીઆ વગેરે. **હંસરાજની ઉત્પતિ**–એને પાંદડાં દેખાય છે તે ખરેખરાં પાંદડાં નથી, પણ થડ અને પાંદડાંની વચલી સ્થિતિ છે. એનાં પાંદડાંની બીજી બાજુએ કાળાશ પડતા દાણા હોય છે તેમાં બારીક ભુકો હોય છે, એ દાણા પરિપકવ થઇ ફાટે છે ત્યારે ભુકો જમીનપર પડે છે તેમાંથી એ ઊગે છે. **સપુષ્પા અને અપુષ્પ વનસ્પતિની વૃદ્ધિમાં તફાવત**–સપુષ્પ વનસ્પતિનાં ફળો ફાટી બી ભોંયપર પડી ઝાડ ઊગવા પામે છે, ને જે ઝાડનું એ બી હોય તેવુંજ ઝાડ તેમાંથી પેદા થાય છે, પણ હંસરાજમાં તેમ નથી. તેમાં પાધરૂં ઝાડ ઊગવા પામતું નથી, પણ પ્રથમ પ્યાલા જેવું બીંગડું થાય છે, અને પછી તેના પુંકેસર જેવા ભાગમાંથી રેસા ફૂટે છે, તે સ્ત્રી કેસરમાં થઈ બહાર આવે છે. એટલે તેની વૃદ્ધિ થવામાંડે છે. પછી બીંગડાંમાંથી કાંટા ફૂટેછે ને તેમાં હંસરાજનો છોડ હોય છે. **સેવાળ**–એને પાન હોયછે. એનાં પાંદડાંના અંદરના ભાગમાં પુંકેસરને તેની નજીકમાં સામે અથવા બીજા છોડપર સ્ત્રી કેસરનો પિંડ હોય છે. પુંકેસર ઉઘડે ત્યારે રેસા જેવું નીકળી સ્ત્રી કેસરમાં ઉતરી તેની વૃદ્ધિ કરે છે. હંસરાજ કે સેવાળના એક છોડમાંથી બીજો છોડ થા નથી.

નાળિએરી અને બાવળ.

સાધન. નાળિએરીનું ઝાડ, મંજરી, દામણાં, કાચલી, કોપરાં, કોપરેલ, મીણ, સાબુ, બાવળનાં ફૂલ, પરડા, ગુંદર અને ટીશીઓ.

નાળિએરીની પેદાશ–કોકણને દરીઆ કિનારે પુષ્કળ ઊગે છે. વળી ગુજરાતને દક્ષિણમાં કોઇ કોઈ ઠેકાણે ઊગે છે. નાળિએરીની હકીકત (૧) એનાં થડ ઉંચાં, સીધાં અને ૫૦ થી ૭૦ હાથ ઉંચાં હોય છે. (૨) ડાળીઓ હોતી નથી. (૩) ટોચે પંદર વીસ પાંદડાંનો ઝુમખો હોય છે. (૪) મંજરી ફૂટ્યા પછી એક વર્ષે નાળિએર આવે છે. (૫) એક મંજરીમાંથી ૫ થી ૫૦ નાળિએરનો ઝુમખો નીકળે છે. (૬) સારી જમીનમાં એક ઝાડે ચારસેં પાંચસેં નાળિએર ઉતરે છે. (૭) સારાં ઝાડ ૫૦ થી ૬૦ વરસ લગી ફળે છે. **નાળિએરીના દરેક ભાગનો ઉપયોગ. થડ**–થાંભલા, મોભ, ભારવટીઆ, કુંબીઓ, પરનાળો વગેરે બને છે. **પાંદડાં**–એને ગુંથીને છાપરાંનું છાજ બનાવે છે. અને એની પાતરીઓના દાંડાની સાવરણીઓ બને છે. **રેસા**–દોરડાં, દામણાં, સીકાં, જાળ, વહાણનાં દોરડાં, ભોંયપર પાથરવાનાં કાથીયાં તથા ગાદી તકીઆમાં કાથો ભરે છે. **નાળિએરની કાચલી** હુકાનો ડોયો, પ્યાલા, રકાબીઓ વગેરે બને છે. કાચલીનું તેલ ઓસડમાં ઉપયોગી છે, બોરીઆં બને છે, કાચલીના કોયલા સોની લોકોના ઉપયોગમાં આવે છે; અને ચુડીઓ બને છે. એનાથી દાંત સાફ થાય છે. **કોપરૂં**–એને શાક તથા પુરણપોળીમાં નાંખે છે. વળી એમાંથી તેલ(કોપરેલ) કાઢવામાં આવે છે, તે બાળવા તથા શરીરે ચોળવાના કામમાં આવે છે. **રસ**–નાળિએરીના રસને તાડી કહે છે, તે પીવા તથા ગોળ અને દારૂ બનાવવાના કામમાં આવે છે. નાળિએરી પૃથ્વી ઉપર એક કલ્પવૃક્ષ છે.

બાવળ.

પેદાશ—કચ્છ, સિંધ, ગુજરાતને દક્ષિણમાં છે. **વિશેષ હકીકત** એ બહુ ઉંચું થતું નથી. એને પુષ્કળ ડાળીઓ હોઈ તે પર શૂળો હોય છે. પાંદડાં લાંબાં ને સાંકડાં છે. ફૂલ પીળાં છે. એને ચપટી શીંગો થાય છે તેમાં બી હોય છે. એ શીંગોને પરડા કહે છે. **બાવળના લાકડાનો ઉપયોગ**—બાળવાના કામમાં તથા હળ અને ખેતીનાં બીજાં ઓજારો બનાવવામાં **ગુંદરનો ઉપયોગ**—ઓસડમાં, વસ્તુઓ ચોંટાડવામાં, તથા મિઠાઇ કરવામાં, **છાલનો ઉપયોગ**—ચામડું તૈયાર કરવામાં, તથા વસ્તુઓ રંગવામાં. **પરડાને કુમળી ટીશીઓ**—ઘેટાં તથા બકરાંના ખોરાક તરીકે તથા ગરીબ લોકોને અથાણું કરવામાં એનો ઉપયોગ થાય છે.

સાગ અને વડ

સાધન—સાગનું લાકડું, પાંદડાં, તેલ રોગાન, વડનું લાકડું, પાંદડાં, સમીધ, ટેટા, વડવાઇ. **પેદાશ**—જ્યાં અતિશય વરસાદ પડે છે ત્યાં ઊગે છે. ગુજરાતની પૂર્વમાં, કોકણમાં ઘાટને મથાળે, મલબાર કાંઠે ને બ્રહ્મદેશમાં. **રચના**—૧૦૦ થી ૧૨૫ ફૂટ ઉંચું, થડનો ઘેરાવો સુમારે વીસ ફૂટ,શિયાળામાં એનાં પાદડાં ખરીપડેછે,અને ઉનાળો ઉતરતાં નવાં પાંદડાં આવે છે. પાંદડાં સુમારે એક કે દોઢ હાથ લાંબાં ને એક હાથ પહોળાં થાય છે, છાલ નીચેનું લાકડું ધોળાશ પર ને માંહેના ભાગનું સોનેરી રંગનું હોય છે. સુકવ્યા પછી બદામી રંગનું થાય છે. **પાંદડાંનો ઉપયોગ**—પાલાંકે કોઠારની અંદર પડ કરેછે. છાપરાનું છાજ કરે છે. પાંદડાંમાંથી રંગ નીકળે છે. અસલ એ રંગે સુતર રંગતા. **સાગના લાકડાના ગુણ**—શઢ સીધાં, લાંબાંને ગાંઠો

વગરનાં હોય છે. લાંબાં પહોળાં પાટીઆં વહેરી શકાય છે. તેનાપર સારો ઓપ ચઢે છે. બહુ ટકાઉ છે. તેમાંથી એક જાતનું તેલ નીકળે છે. ઉધાઇ અને બીજાં જીવડાં એને ઝાઝું નુકસાન કરતાં નથી. પાણીમાં નાંખી મૂકવાથી સળતુ નથી. **એના લાકડાનો ઉપયોગ**–ઈમારતો કે ઘર બાંધવાંના કામમાં, મછવા, વહાણો અને જહાજો બનાવવામાં એનો ઉપયોગ થાય છે. **તેલનો ઉપયોગ**–ઓસડના તથા રોગાન બનાવવાના કામમાં આવે છે. ઉપરના બધા ઉપયોગોને લીધે તેને જંગલનો રાજા કહે છે.

વડ.

પેદાશ–હિંદુસ્તાનમાં ઠામ ઠામ થાય છે. **રચના**–બહુ ઉંચુ વધતું નથી. મૂળ બહુ ઉંડાં જાય છે. બહુ ફેલાય છે ને શોભીતું દેખાય છે. ડાળાં ફેલાઇને ઘટા થઇ રહે છે, તેથી તાપ લાગતો નથી. ડાળાંમાંથી દોરી જેવા ફાંટા નીકળે છે તેને વડવાઇ કહેછે. **પાંદડાં** સાગના જેટલાં લાંબા પહોળાં થતાં નથી. **ઊગવાની રીત**–એના ટેટા પક્ષીઓ ખાય છે. તેનાં બી હગારમાં નીકળે છે તે ઠેર ઠેર પડીને ઊગી નીકળે છે- વળી ડાળીઓ જમીનમાં રોપવાથી પણ ઊગે છે વડવાઇ લાંબી થઈ ભોંયમાં મૂળ ઘાલે છે, ને નવાં થડ તરીકે બને છે. **વડનો ઉપયોગ**–પોચું હોવાથી ઇમારતના કામમાં આવતું નથી. હિંદુ લોકો તેને પૂજે છે, ને દેવસ્થાનની આસપાસ રોપી ચોતરા બાંધી લે છે, તુળસીના ઝાડની માફક એ ઝાડ હવા સુધારે છે, હોમ કરવા માટે તેના લાકડાની સમીધો બનાવે છે, અને રસ્તાની આજુબાજુ રોપે છે. **કબીરવડની હકીકત**–એની વડવાઇઓનાં ૩૦૦–૪૦૦મોટાં ઝાડો થયાં તેમાંથી ૩૦૦૦–૪૦૦૦ ઝાડ થયાં છે. એના છાંયડામાં પંદર હજાર માણસો સુખે બેસી શકે.

નિશાળનો બગીચો.

સાધન—જુદી જુદી જાતના છોડ, પાંદડાં, ફળ, ફૂલ, છપળ, પતંગીઆં વગેરે. **બાળકોની જીજ્ઞાસા**—બાળકોને નાનપણમાં નવું નવું જાણવાની ઘણી આતુરતા હોય છે, અને તેજ કારણથી કોઈ પણ વસ્તુ જુએ તો તે કોણે, કેવી રીતે, શામાટે બનાવી વગેરે પ્રશ્નો પૂછે છે. બુદ્ધિશાળી **માબાપો એ** પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપી તેમની તે જાણવાની ઇચ્છા પાર પાડે છે. પણ અણસમજુને મૂર્ખ માબાપો તેમને અધવચ તોડી પાડે છે, આથી છોકરાંની જાણવાની હોંસ દબાઈ જાય છે અને તેમનું જ્ઞાન વધતું અટકે છે. પણ આમ ન કરતાં પોતાનાં છોકરાંને સાથે ફરવા તેડી જઇ જુદી જુદી જાતના પદાર્થો બતાવી તે શા કામના છે, તથા કેવી રીતે ઉત્પન્ન થયા તે સમજાવવું. **શિક્ષકની ફરજ**—છોકરાઓની અવલોકન શકિત અને બુદ્ધિ ખીલવવી અને તેને માટે સંગ્રહસ્થાનને બગીચાની ગોઠવણ રાખવી. **બગીચામાં શું રાખવું**—જુદી જુદી જાતનાં ઝાડ, છોડવા તથા વેલા. **બગીચા ઉપરથી અવલોકન**—કેટલાંક મૂળ જમીનની અંદર ઉંડાં હોય છે, અને કેટલાંકનાં મૂળ માત્ર રેસાઓથીજ થએલાં હોય છે. થડ—કેટલાંકનાં થડ જાડાંને મજબુત હોય છે, કેટલાંકનાં પાતળાં સોટી જેવાં કે જેને આધાર આપવો પડેછે. **પાંદડાં**—કેટલાંકનાં સાદાં, ને કેટલાંકનાં મિશ્ર, આખાં દોરે કાંગરીવાળાંને ચિરાએલાં હોય છે. **ફૂલ**—ફૂલનો ઘાટ, તથા કયા ફૂલમાં સઘળા ભાગો છે ને કયામાં નથી. **ફળ**—ફૂલનો કયો ભાગ વધી ફળ થાય છે, તથા કયા છોડમાં ફળ પોતાની મેળે ઉઘડે છે ને શેમાં તે પ્રમાણે થતું નથી. **બી**—બીએ શું છે ને તેમાંથી ફણગો ફૂટે ત્યારે શું

થાય છે વગેરે. ફૂલો તથા છોડવાના મળતાપણા ઉપરથી વર્ગ (૧) મોગરો, જાઈ, જુઈ, કૂંદ, ચંપેલી, ને પારિજાતક એ સુગંધીદાર ફૂલો છે. (૨) તુળશી, ડમરો, તુકમરીયાં, અને પાંદડી એ જુદી નાના વર્ગનાં છે. (૩) ભોંયચંપો, સૂંઠ ને હળદ. (૪) જાસુસ, ભીંડી, સણુને કપાસ. (૫) નારંગી, લીંબુ, પપનસ, કોઠ, ને સંતરાં. (૬) બટાટા, ટમેટા, વેંગણુ અને મરચાં વગેરે શાકભાજી એકજ વર્ગનાં છે.

રેશમનો કીડો.

એ જંતુમાંથી નીકળે છે, અને પતંગીઆની ઇયળના જેવો હોય છે. એને બીજાં કેટલાંક પ્રાણીની પેઠે રૂપાંતર થાય છે. **પ્રાણીઓને રૂપાંતર થવાનું કારણ**—(૧) પ્રાણીઓને તેમની જીંદગીમાં જુદે જુદે વખતે જુદી જુદી જાતનું કામ કરવાનું હોય છે. (૨) અમુક વખતે અમુક કામ કરવાનું હોય છે તે માટે સમયને અનુસરીને રૂપ બદલાય છે. (૩) આસપાસના સંજોગો બદલાવાથી **રેશમના કીડાની ઉત્પત્તિ**—માદા રાઇના દાણા જેવડા પીળા રંગનાં ચારસો પાંચસો ઈંડાં મૂકીને મરી જાય છે. પછી એ ઈંડાં ગરમીથી સેવાય છે ને તેમાંથી કાળાશ પડતી ઇયળ જનમે છે. **ઇયળનો ખોરાક**—એ જનમે છે કે તુરત શેતુરનાં પાંદડાંને ખાવા મંડી પડે છે, અને ખાઇ ખાઇને પુષ્ટ બને ત્યાં સુધી ખાય છે. **ઇયળનો ઉદ્યોગ**—તે પુરેપુરી મોટી થયા વિના કાંતવા માંડતી નથી. તેનામાં નીચે બે છિદ્ર હોય છે તેમાંથી ચીકણો પદાર્થ ઝરે છે, તે સખત થયા પછી તેનો બારીક તાર થાય છે. આ તારનો કોશેટો બનાવી તેમાં ઇયળ ભરાઇ જાય છે. તેમાં બેઠાં બેઠાં પણ દોરાથી પોતાનું શરીર વિ-

ટાળે છે. ને ત્રણેક અઠવાડીઆં સુધી નિરાંતે ઊંઘે છે. **રૂપાંતર**—એ ઊંધની અવસ્થામાં તેનું રૂપાંતર થાય છે. તે જાગે એટલે કોશેટામાંથી તે પતંગીઉં કે કંસારી રૂપે બહાર નીકળે છે. આ વખતે તેને પાંખોને સુંદર પીછાં હોય છે. સાધારણ પતંગીઆ કરતાં એની પાંખો નાની ને શરીર બેઠા ધાટનું તથા ભરાઉ હોય છે. **કંસારીને ઇયળનો મુકાબલો**—કંસારીને લાંબા પગ, ચાર પાંખ, માથા ઉપર ભીંગની બે લાંબી મૂછને ફૂલમાંથી મધ પીવાને સૂંઢ અથવા મોં હોય છે. પણ ઇયળને એમાંનું કાંઇ હોતું નથી. તેને તો ટુંકા પગ ને પાંદડાં કાતરી ખાવાને મજબુત જડબાં હોય છે. બંનેના શરીરનો ધાટ જુદો હોય છે આમ છતાં બંને જુદાં જંતુ નથી, પણ ઇયળનું પુરં પાકું રૂપ કંસારી છે.

ઇંડું.

આકાર—ઘણું કરીને લંબગોળ હોય છે. **ઇંડાની રચના**—ઈંડાની અંદર ચામડી હોય છે. એ ચામડીની નીચે પોલ હોય છે. તેમાં હવા રહે છે. ચામડીની માંહેલી મેર ઈંડાનો સફેદ ભાગ હોય છે. એ બહુ પૌષ્ટિક છે, અને એને ઇંડાની સફેદી કહે છે. સફેદીની વચમાં પીળો રસ હોય છે તેને ઇંડાની દાળ કે જરદી કહે છે. એની દરેક બાજુએ સમતોલ રાખનારૂં અંગ સફેદીમાં સજ્જડ ચોંટેલું હોય છે, એથી ઈંડાને ગમે તેમ ફેરવ્યા છતાં દાળ સમતોલ રહે છે, અને બચ્ચાને ધક્કો લાગતો નથી. દાળ ઉપર પાતળી ત્વચા હોય છે. દાળની ટોચે ચામડીની માંહેલી મેર નાનો ડાઘો દેખાય છે તે ગર્ભ છે. એનો ખોરાક દાળ અને સફેદી છે. જ્યારે એની પુરે-પુરી વૃદ્ધિ થાય છે, ત્યારે કોટલું ભાંગી બહાર નીકળે છે. અહીંથી

કશથી પંદર ઈંડાં મૂકી તે પર હરરોજ બેસી તેમને સેવે છે, એટલે તેમાંનો ગર્ભ મોટો થવા માંડે છે. બે દિવસ સેવ્યા પછી ગર્ભનું માથું અને ધડ દેખાવા માંડે છે. ચારદહાડા પછી ડોક નીચે રાતો ડાઘો જણાય છે, તેનું હૃદય બને છે. ગર્ભની આસપાસ તાંતણાની જાળી વિંટાએલી હોય છે એતાંતણા લોહીની નસો અને શિરાઓ છે. દાળમાંથી રસ વહી હૃદયમાં અને લોહીની નસોમાં થઇને ગર્ભના આખા શરીરમાં ફરી વળે છે. પાંચ છ દહાડામાં માથું મોટું અને પગ આવતા દેખાય છે. દાળમાં સફેદીનું શોષણ થઇ ત્યાંથી ગર્ભમાં જાય છે. દિવસ જતાં બીજી ઇંદ્રિયો અને અવયવો દેખાવા માંડે છે. એકવીસ દહાડા પછી સફેદી અને જરદી ઘટી જઈ અદશ્ય થાય છે. તે વારે બચ્ચાના અવયવો પુરેપુરા ખીલી રહી હાલી ચાલી શકે છે. પછી તે ફર ફર કરી ચાંચ વડે હવાના ઓરડાનો પડદો ચીરી તેમાં જાય છે. અને પછી તેમાંથી કોટલું ભાંગી બહાર નીકળે છે.

માણુસ જાતનું નજીકનું સગું.

વાંદરના શરીરનાં બંધારણને દેખાવ બીજા કોઇ પ્રાણી કરતાં મનુષ્ય જાતને ઘણો મળતો આવે છે, તેથી એને માણુસ જાતનું નજીકનું સગું કહ્યું છે. વાંદર વર્ગના બે ભાગ છે (૧) લાંબી પુછડી વાળાં અને (૨) ટુંકી પુછડીવાળાં અથવા જેને સમુળગી પુછડી નથી હોતી તે. પહેલા વર્ગમાં ત્રણ જાત છે (૧) કાળાંમોં ને ધોળા શરીરવાળાં (૨) જેનું આખું ડીલ કાળું હોય છે તે આમાં નીલ વાંદરાં છે. (૩) લાલ મોંનાં માંકડાં. આપણા ગુજરાતમાં કાળા મોંનાં વાંદરાં થાય છે તેઓ સપાટાબંધ ઝાડે ચઢી જાય છે, અને ૨૦ થી ૩૦ ફૂટની છલંગો ભરે છે. સ્વભાવે આપણ લોક

કાની હોય છે, બાગ બગીચામાં તથા ખેતરોમાંના વૃક્ષને ઘણું નુકસાન કરે છે. એમના ચારે પગો આપણા હાથ જેવા હોય છે, અને હાથનું કામ કરી શકે છે તેથી એમને ચાર હાથવાળાં કહ્યાં છે. બીજા વર્ગમાં બ્રહ્મદેશ, સિઆમ, મલાયા, જાવાને આફ્રીકામાં વસતાં ગોરીલા નામનાં વાંદરાં છે. એમને પુછડી હોતી નથી, અને એ લગભગ માણુસની માફક ટટાર ચાલી શકે છે. તેઓ જે બે પગ વડે ચાલે છે તે બંને પગો માણુસના પગને ઘણા મળતા હોય છે. માત્ર અંગુઠામાં ફેર છે. એ વિશાળ છાતીનો ને મોટા ભારે માથાવાળો હોય છે. તથા એને ઘુંટણ સમાન લાંબા હાથ હોય છે. એ ઘણો બળવાન હોય છે, પણ સ્વભાવે ઘણો બળિએલને ક્રૂર હોય છે. એનો રાક—મુખ્યત્વે કરીને શાક ભાજીને મેવો છે. પણ માંસ મળે તો છોડે નહિ. મલાયામાં ઉરાંગ ઉટાંગ નામની વાંદર જાત વસે છે તે આજ વર્ગમાં છે. એ પોતાને રહેવા માટે નાનું સરખું ઝુંપડું બાંધે છે, ને રાતે તેની અંદર સુએ છે. સામાન્ય રીતે આ મોટા વાંદરોને માણુસની ગંધ ગમતી નથી, તેથી ઘાડા જંગલમાં પોતાના કબીલા સહીત રહેછે, પણ કેટલા એકને પકડી માણુસની માફક ખાતાં તથા વર્તતાં શીખવવામાં આવ્યું છે. **વાંદર અને કપિને માણુસ જાતનું નજીકનું સગું કહેવાનું કારણ**—તેમનાં શરીરનાં બંધારણને દેખાવ મનુષ્ય જાતને ઘણાં મળતાં આવેછે. વળી કપિના માંસના લોચા, દાંત મગજ, અને શરીરના ભાગો માણુસ જેટલાં ખીલેલાં નથી, તથાપિ માણુસને ઘણી રીતે મળતાં હોય છે. કપિ કરતાં માણુસનું મગજ વધારે પાકુંને મજબુત થએલું હોય છે, તેથી માણુસ એના કરતાં અતિશય બુદ્ધિમાન થઈ પડયું છે. આનું સરખાપણું જોતાં અનુમાન

કરી શકાય છે કે તેઓ ઘણા યુગો પહેલાં થઇ ગએલા મૂળ કોઇ એકજ જાતનાં પ્રાણીથી ઉતરેલાં હોઇ એક બીજા સાથે સંબંધ ધરાવે છે.

માણસનો પ્રથમ સુધારો

માણસની પ્રથમ ઉત્પત્તિ—માણસ જ્યારે પહેલ વહેલાં ઉત્પન્ન થયાં ત્યારે તેમના ચહેરામાં અને પુછડી વગરના મોટા વાંદરાના ચહેરામાં થોડોજ તફાવત હતો. **તે વખતની સ્થિતિ**—તેઓને રહેવા ઘરો નહોતાં, તેમની કને હથિઆરો નહોતાં, અને તેઓ લુગડાં પહેરતાં નહતાં. તેઓનું મગજ બીજાં પ્રાણીઓ કરતાં વધારે ખીલી નીકળતું. વળી તેઓ ટટાર ચાલી શકતાં. **ત્યાર પછીની સ્થિતિ** તેઓ વાતો કરતાં શીખ્યાં, અને પથરા તથા લાકડીઓનાં હથિઆરો વાપરવાનું સૂઝયું. એ હથિઆરો ઘણાં બેડોળ ને ખરબચડાં હતાં. તેઓ જંગલી પશુઓથી પોતાનો બચાવ કરવામાં, ઝાડપરથી ફળો તોડી પાડવામાં, કાચલાં વાળાં ફળ ભાંગવામાં, અને ખાવા માટે નાનાં પ્રાણીઓને મારવામાં તેમનો ઉપયોગ કરતાં. પછી ધીમે ધીમે એકેકપર અફાળી તેમનો ડોળ અને અણી કાઢી લાકડાના હાથાની ફાટમાં ખોસતાં શીખ્યાં. અને ટાઢ ન વાય તેટલા માટે મારી નાંખેલાં પ્રાણીઓનાં ચામડાંનાં લુગડાં બનાવી તે પહેરતાં શીખ્યાં. પછી તેમણે માટીનાં હાંલ્લાં, કલેઢાં વગેરે વાસણો બનાવ્યાં. પણ તેમની મોટામાં મોટી શોધ દેવતા પાડવાની હતી. તેઓ લાકડીઓને એકેક પર ઘસવાથી અથવા ચકમક એકેક પર અફાળવાથી તણખા નીકળે છે, એવું જાણતાં શીખ્યાં. અને તે વડે દેવતા સળગાવતાં, અને તેઓ તાપીને પોતાનાં શરીરમાં ગરમાવો રાખતાં,

તથા તે વડે પોતાનો ખોરાક રાંધતાં શીખ્યાં. વળી તેઓ જનાવરો-નાં હાડકાં પર ચિત્રકામ કરતા હતા, તથા આગળ જતાં બેડોળ હથિઆરો ને ઓજારો છોડી દઇ તેમણે સુંદર ઓપેલાં હથિઆરો ને ઓજારોનો ઉપયોગ કરવા માંડયો. વળી તેઓ ગુફાઓ છોડી દઈ લાકડાનાં કે માટીનાં ઘર બાંધતાં શીખ્યાં. આ વખત સુધી તેઓ પોતાનું ગુજરાન શિકાર કરીને અને માછલાં પકડીને કરતાં. પણ ધીમે ધીમે જમીન ખેડી પાક કરવા માંડયો. એવા ખેડુતોએ હળ બનાવ્યુ, અને બળદ, કુતરા, બકરા વગેરે કેટલાંક જંગલી પશુઓને પાળી હેળવ્યાં, અને તેમની પાસે કામ લેવા માંડયું. તેમણે ધાતુઓનો ઉપયોગ કર્યો એ તેમની મોટી શોધ હતી. પહેલાં તો તેમણે પત્થરને બદલે તાંબાનાં ઓજારો અને હથિઆરો બનાવ્યાં. પછી તાંબાને સખત કરવાને કલાઇનો ભેગ કરવો પડયો એટલે કાંસું થયું. એટલે એનો ઓજારો અને હથિઆરો બનાવવામાં વધારે ઉપયોગ થવા માંડયો. છેવટ લોઢાનાં ઓજારો તથા હથિઆરો બન્યાં. તેઓએ ઘર બાંધીને રહેવા માંડયું, તેથી ભટકતા ફરવાની રીત ઓછી થઇ, અને કુટુંબમાં ભેગાં રહેવાનો રિવાજ ચાલુ થયો. પછી કુટુંબમાથી જુદી જુદી જાતોં થઈ અને જાતો માંથી રાજ્યો બન્યાં પછી રિવાજો મુકરર થયા અને કાયદા બંધાયા. વહેમને ઠેકાણે ધર્મ દાખલ થયો, અને ચિત્ર વિદ્યા, શિલ્પશાસ્ત્ર વગેરે વિદ્યાઓ ઝડપથી ખીલી નીકળી, પછી અક્ષરોની યોજના કરી વાંચવા લખવાની યુક્તિ શોધી કાઢી

મગજ અને જ્ઞાન તંતુ

મગજ—મગજના બે ભાગ છે. તેમાંનો એક મોટો ને બીજો

નાનો હોયછે, **મોટોભાગ–એ નાનાથી** આઠ ગણો છે અને ઉપલે થાસે છે. એમાં પણ એક ચીરો હોઇ જમણું અને ડાબું એવાં બે અડધીઆં થએલાં છે. દરેક પ્રાણીની બુદ્ધિનો આધાર મગજના આ ભાગના વજન, આકાર અને ઘડી ઉપર છે. જેમકે શરીરના પ્રમાણમાં સસલાનું મગજ નાનું છે, અને તેમાં ઘડી નથી. વાંદરાનું મગજ મોટું અને તેમાં ઘડીઓ વધારે છે. બધાં પ્રાણીઓમાં માણસનું મગજ સૌથી મોટું અને તેમાં ઘડીઓ વધારે છે. એ કારણથી મગજના કદના અને ઘડીની સંખ્યાના પ્રમાણમાં તેમાં વધારે ઓછી બુદ્ધિ હોય છે. બાળકોના મગજની આજુ બાજુનો દાબડો મગજને વધવાનું હોવાથી પુરેપુરો સંધાએલો હોતો નથી તેથી એને ભારે આચકો લાગીને નુકસાન ન થાય, માટે બાળકના માથાના તાલકાની ઘણી સંભાળ લઇ તે પર વાગ ઊગવા દેવા જોઇએ. **નાનો ભાગ**–એ ભાગ મોટા ભાગની પછવાડે અને હેઠલી મેર છે એ ભાગનું કામ માંસના લોચાઓની હાલ ચાલ નિયમમાં રાખવાનું છે. એથી આપણે હરવા ફરવાનું, દોડવાનું વગેરે કામ કરી શકીએ છીએ. એને ઇજા થાય છે ત્યારે પ્રાણીઓથી દોડી ચાલી કે ઊડી શકાતું નથી. મગજને નુકસાન થાય છે, તે વખતે પ્રાણીઓ હંમેશાં મરી જતાં નથી, તો પણ તેમના મગજના બંને ભાગની કામ કરવાની શક્તિ નાશ પામે છે. **જ્ઞાનતંતુ**–મગજના માંહેલા પૃષ્ઠમાંથી ચોત્રીસ જ્ઞાનતંતુઓ નીકળે છે. એમાંના કેટલાક જ્ઞાનતંતુ વડે સાંભળવાનું, સૂંઘવાનું, ચાખવાનું, જોવાનું વગેરે કામ કરી શકીએ છીએ. કેટલાક જ્ઞાનતંતુ ચહેરાના, ડોળાના, જીભના અને ગળાના માંસના લોચા પર સત્તા ચલાવે છે. વળી કેટલાક જ્ઞાનતંતુનો સંબંધ જઠર, ફેફસાં હૃદય, અને કલેજા સાથે છે. કરો-

ઙ રજ્જુ—એ રજ્જુ સુમારે એક તસુ લાંબા જાડા મજ્જાતંતુ વડે મગજ જોડે સંધાએલો છે. ઉપયોગ—શ્વાસ લેતી વખતે અને વસ્તુ ગળતી વખતે લોચાની હાલ ચાલ નિયમમાં રાખે છે. જો એને હરકત થાય તો પ્રાણી શ્વાસ લઇ શકતું નથી અને તરત મરણ પામે છે. વળી એના બધા ભાગમાંથી મોટા જ્ઞાનતંતુ નીકળી તેમની શાખા આખા શરીરમાં પથરાએલી હોય છે. આ જ્ઞાનતંતુનો ઉપયોગ તેઓનો માંસના લોચા પર અધિકાર ચાલે છે, અને તેઓની આજ્ઞા હોય તોજ માંસના લોચા વડે જુદા જુદા અવયવોની હાલ ચાલ થાય છે. વળી તેમને લીધે આપણને લાગણી થાય છે, અને તેમના વિના મગજને કાંઇ ખબર પડી શકે નહિ, અથવા શરીરનાં મુખ્ય અંગોને મગજમાંથી હુકમ મળી શકે નહિ. એ જ્ઞાનતંતુઓ કાસદ જેવા છે તેઓ કરોડ રજ્જુને લાગણી પહોંચાડી ત્યાંથી મગજને પહોંચાડે છે. મગજ પણ જ્ઞાનતંતુની મારફત જુદા જુદા લોચાને ખબર કરે છે, અને એ લોચા અવયવોને જોઇએ તે પ્રમાણે હલાવે છે. કરોડ રજ્જુને હરકોઇ સ્થળે કાપીએ અથવા ઇજા કરીએ તો તે સ્થળના હેઠળના જ્ઞાનતંતુઓ શરીરના જે ભાગમાં જાય છે, તે ભાગમાં લાગણી થતી બંધ પડે છે, અને મગજની મરજી પ્રમાણે હાલ ચાલ કરવાની શક્તિ નાશ પામે છે.

ફેફસાં અને શ્વાસોચ્છ્વાસ.

ફેફસાં—એ જમણી અને ડાબી બંને બાજુએ એકેકું હોય છે. જમણા ફેફસામાં ત્રણ અને ડાબામાં બે ખંડ છે. એ દરેકમાં પુષ્કળ ખાનાં હોઇ વાદળીની માફક લાંબાં ટુંકાં થઇ શકે છે **ઉપયોગ**—શ્વાસ નળીની બે શાખા થઇ જમણા અને ડાબા ફેફસામાં જાય છે. વળી એ શાખાની નાની નાની શાખાઓ થાય છે,

તેમના છેડા આગળ ફેફસાંમાં બારીક ખાનાં હોય છે તેમાં વા પેસે છે. એ ખાનામાં હૃદયમાંથી અસ્વચ્છ લોહી આવી એકઠું થાય છે તેને બહારથી આવનારો ઓક્સિજન નામનો પવન ચોકખું કરે છે. **શ્વાસોચ્છ્વાસ**—જેમાં હૃદય અને ફેફસાં છે તેની તળીએ બારીક ચામડી છે. આપણે દમ લઇએ છીએ ત્યારે એ ચામડીનો પડદો નીચે જાય છે, અને પાંસળીઓ તથા છાતીનું હાડકું ઉંચકાય છે. એથી છાતીની બખોલ ઉંચકાય છે. અને ફેફસાં પણ ફૂલે છે. પણ શ્વાસ કાઢીએ છીએ ત્યારે એ પડદો ઉંચો ચઢી પાંસળીઓ નીચી પડે છે. એથી છાતીની બખોલ બેસી જઇ ફેફસાં દબાય છે અને વા બહાર નીકળે છે. ધમણમાં જે ક્રિયા ચાલે છે તેને આ કાંઇક મળતી છે. એ ક્રિયા બંધ પડે તો પ્રાણીઓ મરી જાય છે

રંગાટકામ

કસુંબી રંગનો ભુકો—કસુંબીના ભુકાને ઝોળીએ બાંધી તેમાંનો પિળાશ પડતો જરદી નામનો મેલ નિચોવી કાઢવામાં આવે છે એટલે ઝોળીમાં કસુંબી રંગનો ભુકો રહે છે. **પાઘડી ફેંટા વગેરેને કસુંબી રંગ ચઢાવવાનીરીત**—સુકવેલા કસુંબી રંગના ભુકામાંથી થોડોક લઇ તેમાં શેરે દોઢ રૂપિઆભાર જેટલો સાજીખાર અથવા પાપડખાર નામનો ખારો અને મીઠું મેળવવું. પછી બધું એક રસ થતા સુધી ખાંડવું. પછી તે ખાંડેલો મસાલો ઝોળીમાં નાખી શેરે બશેર જેટલું પાણી રેડવું, એટલે નીચેના વાસણમાં બધો રંગ ટપકી આવશે. એમાં લીંબુ નિચોવવાથી રતાશ પડતું પાણી ઉપર તરી આવી રંગ નીચે બેસશે. એ રંગનું નામ ગદલ છે. પછી પેલું રતાશ પડતું પાણી બીજા વાસણમાં નિતારી લઇ તેમાં ફેંટો પલા-

જવામાં આવે છે. ત્યારપછી ગદલમાં લીંબુનો રસ તથા થોડી હળ-દર મેળવી ફેંટી તેમાં ઘણીવાર સુધી બોળી રાખવામાં આવે છે એટલે તેને કસુંબો ચઢયાથી લાલ થાય છે. પછી તેના ઉપર રંગ-ની સુરખી તથા ભપકો આણવા માટે ગદલમાં ઘઉંના લોટની કાંજી ને લીંબુનો રસ મેળવી અંદર ફેંટી કે પાઘડી થોડી વાર બોળી રાખવામાં આવેછે. **ગદ્દલમાંથી બનતા રંગો**--ઓછોવ-તો ગદલ લઇ તેમાં લીંબુનો રસ મેળવવાથી ગુલાબી, પ્યાઝી અને મોતીઓ રંગ થાય છે. વળી ગદલમાં હળદર ભેળવવાથી કેસરી, ને ગળીના પાસથી અબ્બાસી તથા કીરમજી બને છે. **અસલ દેશી પાકો રંગ ચઢાવવાની રીત**--કોરાં કપડાંને ભઠ્ઠીમાં બાફી તેલ, ખારો અને પાણીના મિશ્રણમાં આઠ આઠ દહાડા સુધી રોજ બે ત્રણ વખત બોળી સુકવવાં પડતાં. ત્યારપછી ધોઇને સુરંગી અને ફટકડીના પા-ણીમાં બોળતા, ત્યારે પાકો રંગ ચઢતો. **ગળી પકવવાની રીત**--ગળી સાથે સળેલું ખજુર, ગોળ, ચુનો અને સાજીખાર નાખી તેને પકવે છે. **લુગડાં છાપવા માટે તૈયાર કરી રાખેલાંમિશ્રણ** એક કુંડામાં લોખંડનો કાટ, ગુંદર, ને ચિચુડાના લોટનો મસાલો ને બીજામાં ગુંદર, ફટકડીને ગેરૂ એ ત્રણનાં મિશ્રણું કરી રાખેલાં હોય છે. એમાં અવારનવાર બીબાં બોળી હરડાંબેડાંના પાસ વાળાં કપ-ડાં પર છાપે છે. પછી કોલટારમાંથી બનતા એલીઝરીન નામના રંગથી રંગે છે

કુંભાર કામ

ગારો બનાવવાની રીત--કુંભાર કામમાં માટી ઘણી ઉંચી જાતની જોઇએ છે, તેથી તેઓ તળાવમાંથી અથવા નદી કે વહેળાના કાંઠા

આગળથી ખોદી લાવે છે. પછી તેમાં ઝીણી રેતી અથવા રાખ તથા લાદ ભેળવી અંદર જોઈતું પાણી રેડીને પગે ગૂંદે છે. તે ગૂંદાઈ માખણ જેવી નરમ બને એટલે તેના ગોળા વાળે છે. **કુંભારના ચાકની રચના**-એમાં ગાડાંના પૈડામાં ધરી બેસાડવાનું કાણું હોય છે તેવું એમાં નથી. એક બાજુએ થોડો ખાડો ને બીજી બાજુ તદ્દન સપાટ હોય છે. અને લાકડાનું પુઠીઉં ન હોતાં માટીનું હોયછે

માટીનાં વાસણો બનાવવાની રીત--કુંભાર ચાકને ખીલડા ઉપર ગોઠવે છે. પછી ચાકને માથે કોરી મટોડી ભભરાવી તે પર માટીનો ગોળો મૂકે છે, અને પુઠીઆમાંના ઝીણા કાણામાં લાકડી ભેરવી ચાકને સારી પેઠે ચાકે ચઢાવે છે. પછી ગારો હાથને ચોટે નહિ તેમજ ભીના હાથથી ગારો નરમ થાય એટલા માટે પાણીમાં હાથ બોળે છે, અને પછી તેને પાસા પરથી દબાવે છે, એટલે ઉભા નળા જેવો આકાર બને છે. વળી પાછા હાથ ભીના કરી એક હાથ બાજુએ ને બીજો નળા ઉપર મેલી ઓછો વત્તો ભાર દઈ તરેહ તરેહનાં વાસણો બનાવે છે. ચાક ઉપર વાસણ તૈયાર થયું એટલે તે વાસણને તળીએ તાર ફેરવી તેને છુટું પાડી લે છે. આ પ્રમાણે વાસણો ચાક પરથી ઉતર્યા પછી તેઓને સુકવવાને કેટલાક દિવસ સુધી હવામાં રાખવાં પડે છે, પછી તેને સખત કરવા માટે લાકડાની ચપટી મોગરીવતી તેને હળવે હળવે ટીપે છે, પછી ભઠ્ઠીમાં એવાં સો બસો વાસણોને હારબંધ ગોઠવી પકવવા મૂકે છે, એ ભઠ્ઠીને ધૂળ અથવા કસુંબીનાં બીનાં છોતરાં અથવા ભાતનાં છોલાં પાથરી તેને રાખવડે ઢાંકી દે છે. એમાં બે બાકોરાં હોય છે, તે રસ્તે બળતણ ભરીને પછી સળગાવે છે. ભઠ્ઠી બપોરથી સાંજ સુધી બળતી રહે

છે. ને રાતે ટાઢી પડી જાય છે, એટલે બીજે દિવસે મળસકામાં વાસણો કાઢી લે છે. ગુજરાતમાં પાટણના કુંભારો વાસણ ઘડતાં ઘડતાં એવી કારીગરી કરે છે કે તે જોઇ આપણને નવાઇ લાગે છે વળી સિંધને ઉત્તર હિંદુસ્તાનમાં પણ કુંભાર કામ ઘણું સારૂં થાય છે.

ઉચ્ચાલન

ઉચ્ચાલન—એ એક જાતનું યંત્ર છે. એમાં એક ટેકો હોય છે તે વડે તેના બે ભાગ થાય છે તેમને દાંડીઓ કહે છે. જે ભાગ પર બળ લગાડે છે તેને **બળની દાંડી** અને જે ભાગ પર વજન ટાંગે છે તેને **વજનની દાંડી** કહે છે. એમાં થોડા બળથી વધારે વજન ઉંચકી શકાય એટલા માટે **બળનીદાંડી વજનનીદાંડી** કરતાં મોટી રાખવી પડેછે. **ઉચ્ચાલનના પ્રકાર**—ઉચ્ચાલનના ત્રણ પ્રકાર છે (૧) જે ઉચ્ચાલનમાં મધ્યે ટેકો હોય તે; જેમકે ભારે વજન ગબડાવવું હોય તે વારે ખુધાનો એક છેડો તેની નીચે ઘાલી ખુધાની તળે નાનો પથરો મૂકીને ખુધાનો બીજો છેડો દબાવવામાં આવે છે. વળી કાતર, સાંડસી વગેરે એજ પ્રકારનાં ઉચ્ચાલન છે. (૨) જે ઉચ્ચાલનમાં વચ્ચે વજન હોય છે તે. જેમકે ભારે વજન ગબડાવવું હોય તો ખુધાનો એક છેડો જમીન પર ટેકવવામાં આવે છે, અને પહેલા પ્રકારના ઉચ્ચાલનમાં જ્યાં પથરો મૂકેલો ત્યાં લગી ખુધાના છેડાનું અંતર એ વજનની દાંડી કહેવાય છે. અને ટેકાથી જે ભાગ પર બળ લગાડયું હતું તે ભાગ લગીનું અંતર એટલે આખું ખુધું અથવા ઉચ્ચાલન એ બળની દાંડી હતું, રેલ્વે સ્ટેશન પર એક પૈડાની ગાડી હોય છે તે આ જાતનું ઉચ્ચાલન છે. એમાં પૈડું ટેકાછે, ગાડીની બધી લંબાઇ

બળની દાંડી છે અને વજન મધ્યમાં છે. એ ઉપરાંત સુડી, કમાડ વગેરે એ જાતનાં ઉચ્ચાલન છે. (૩) જે ઉચ્ચાલનમાં બળ વચ્ચે હોય છે તે; જેમકે આપણે હાથે વતી ચોપડી ઉંચકીએ છીએ તે વારે કોણીએ ટેકો છે, કોણીની નીચેના ભાગપર બળ છે, અને ચોપડી એ ઉંચકવાનું વજન છે. હોડી એ આ જાતનું ઉચ્ચાલન છે. પાણી ટેકો, આભલાં એ બળ અને હોડી એ વજન છે. **ઉચ્ચાલનના ફાયદા**—એથી હલકે કાટલે ભારે વજન તોળી શકાય છે, તથા થોડા જોરે ઘણું ઉપાડી શકાય છે.

ગરગડી અને પાણીનો રેંટ

ગરગડી—એ એક પ્રકારનું ઉચ્ચાલન છે, પણ તેમાં કેટલાંક ઉચ્ચાલનો એકઠાં મળેલાં છે **ફાયદા**—ગરગડીને લીધે પાણી અથવા બીજું કાંઈ ભારે વજન ખેંચી કાઢવું હોય તો ઓછા બળે ખેંચી કઢાય છે. એનું કારણ એછે કે હરકોઈ વજનને ઉંચે ખેંચવા કરતાં નીચે ખેંચવું વધારે સહેલું પડે છે, તેથી આપણે વજનને પાધરૂં ઉંચે નહિ ખેંચતાં ગરગડી પરનું દોરડું નીચે તાણીએ છીએ. જડેલી ગરગડી કરતાં છુટી ગરગડીથી ઓછા બળે વધારે કામ થઈ શકે છે, કારણ કે જડેલી ગરગડી માત્ર લગાડેલા બળની દિશા બદલવાના કામમાં આવે છે, પણ છુટી ગરગડીથી તો બળની દિશા બદલવા ઉપરાંત ઓછા બળે વધારે ભાર ઉંચકી શકાય છે.

વાક્ય પૃથક્કરણ.

વાક્ય—બે કે વધારે શબ્દથી થએલા અર્થવાળા સમૂહને 'વાક્ય' કહે છે. જેમ કે રામદાસ જાય છે, ચુનીલાલ પુસ્તક લખે છે, ફરસરામ દોડે છે ઇત્યાદિ. પણ મોહનલાલ પાસે જઇને, મથુરભાઇ કામ કરતાં, એ વાક્ય કહેવાય નહિ, કારણ કે એથી પૂરો વિચાર જણાતો નથી. શબ્દ–એક અથવા વધારે અક્ષરથી થએલા અર્થવાળા સમૂહને 'શબ્દ' કહે છે. જેમ કે 'ચીમનલાલને,' 'આવે છે,' 'ગયો' 'ખાઇને' 'તેથી,' 'અથવા' વગેરે શબ્દ કહેવાય છે. પણ ભખ, ગત, બર, લલ, સત વગેરે શબ્દો કહેવાતા નથી, કારણ કે અક્ષર સમૂહ છતાં તેનો કંઈ પણ અર્થ સમજાતો નથી. વાક્યના મુખ્ય બે વિભાગ છે. ઉદ્દેશ્ય અને વિધેય. ઉદ્દેશ્ય-વાક્યમાં જેના વિષે આપણે કંઇક કહીએ છીએ તે. એનો ધાત્વર્થ उद्+दिश्+य એટલે ઉદ્દેશ કરવા યોગ્ય. એમાં 'उद्' ઉપસર્ગ છે અને એનો અર્થ ઉંચું થાય છે' 'दिश्' છઠ્ઠા ગણનો ધાતુછે.અને એનો અર્થ બતાવવું થાય છે. 'य' પ્રત્યય વિધિવાચક છે. કોઇને શંકા થશે કે ઉદ્દેશ્યના જુદા જુદા અંગોનો જુદો જુદો અર્થ થાય છે અને બધા અંગોનો ભેગો અર્થ.ઉદ્દેશ (મનમ લાથવા) કરવા યોગ્ય કેમ થાય છે ? તો તેમણે નીચેનું સૂત્ર યાદ આણવું.

उपसर्गेण धात्वर्थो बलादन्यत्र नीयते ।

ઉપસર્ગ વડે ધાતુનો અર્થ બીજે ઠેકાણે લઈ જવાય છે. અને તેને આધારે અહીંઆં ધાતુનો જે અર્થ છે તેનો ઉપસર્ગ બીજે અર્થ કરી નાંખે છે. વિધેય-વાક્યમાં જેના વિષે જે કંઈ કહીએ છીએ

તે. ધાત્વર્થ-વિ+ધા+ય એમાં 'વિ' ઉપસર્ગ છે ને તેનો અર્થ વિશેષ થાય છે. 'ધા' ત્રીજા ગણનો ઉભયપદી ધાતુ છે ને તેનો અર્થ મૂકવું થાય છે. 'ય' પ્રત્યય વિધિ વાચક છે. આ ઉપરથી સમજાશે કે જે વિષય વિષે વિચાર કરીએ છીએ તે જેમ વિચાર કરવા યોગ્ય હોવાથી 'ઉદ્દેશ્ય' કહેવાય છે, તેમ તે વિષય વિષે જે કહ્યું હોય તે વિધાન-કહેવા યોગ્ય હોવાથી 'વિધેય' કહેવાય છે ઉપર પ્રમાણે વાક્યના ઉદ્દેશ્ય અને વિધેય એવા બે વિભાગ છે અને દરેક વાક્યમાં એ બે હોવાજ જોઇએ. આજ્ઞાર્થ વાક્યમાં 'આવો,' 'બેસો,' 'જાઓ' એવામાં ઉદ્દેશ્ય (તમે) નો અધ્યાહાર હોય, પણ વિધેયનો અધ્યાહાર કોઈ પણ સ્થળે રહે નહિ. હવે નીચેનાં વાક્યોમાં ઉદ્દેશ્ય અને વિધેય કોણ છે તે તપાસીએ 'રામદાસ જાય છે' એમાં 'રામદાસને' મનમાં લાવી તેના વિષે કંઇક કહ્યું છે, માટે 'રામદાસ' ઉદ્દેશ્ય ને 'જાય છે' એવું તેના વિષે કહ્યું છે, માટે 'જાય છે' વિધેય છે, 'ચુનીલાલ પુસ્તક લખે છે' એમાં 'ચુનીલાલ' ઉદ્દેશ્યને 'પુસ્તક લખે છે' વિધેય છે; કેમકે ચુનીલાલ ને ઉદ્દેશીને તેના વિષે કાંઇક કહીએ છીએ માટે ચુનીલાલ ઉદ્દેશ્ય અને તેના વિષે લખે છે એવું કહ્યું છે માટે તે વિધેય કહેવાય છે. સકર્મક ક્રિયાપદોમાં કર્મ સહિત ક્રિયાપદ વિધેય થાય છે. 'છોકરો અક્કલમંદ છે' એમાં 'છોકરો' ઉદ્દેશ્ય અને 'અક્કલમંદ' છે એ વિધેય છે. 'ઇશ્વર છે' એમાં 'ઇશ્વર' ઉદ્દેશ્ય અને 'છે' એ વિધેય છે કેમકે ઇશ્વરને વિષે હયાતીનું વિધાન કર્યું છે. 'હું ઘરમાં હતો' એમાં 'હું' ઉદ્દેશ્યને ઘરમા હતો વિધેય છે. કારણ કે ઉદ્દેશ્યને વિષે માત્ર 'હતો' એમ હયાતીનું વિધાન નથી, પણ 'ઘરમાં હતો' એવું વિધાન છે, તેથી ઘરમાં હતો વિધેય છે. કેટલાંક અકર્મક ક્રિયાપદો અપૂર્ણ ક્રિયા

બતાવે છે અને તેઓની સાથે બીજા કેટલાક શબ્દો આવે ત્યારેજ પૂર્ણ ક્રિયા સમજાય છે. જેમકે 'બનવું', થવું', હોવું', દેખાવવું', જણાવવું', નીવડવું', રહેવું'' ઇત્યાદિ.

વાકયો

અપૂર્ણ	પૂર્ણ
તે બન્યો	તે મૂર્ખ બન્યો.
ભારતવાસીઓએ થવું.	ભારતવાસીઓએસ્વદેશપ્રેમીથવું
મનુષ્ય હોય છે.	મનુષ્ય અક્કલમંદ હોય છે.
તે દેખાય છે.	તે ગંભીર દેખાય છે.
તે જણાય છે.	તે આંધળો જણાય છે.
તે નીવડશે.	તે સ્વદેશ પ્રેમી નીવડશે.
હું રહ્યો.	હું નોકરીએ રહયો.

ઉપરનાં પૂર્ણ વાકયોમાં ક્રિયાપદ ક્રિયાપૂર્ણ કરનાર શબ્દ સહિત વિધેય વાચક થાય છે. અને સકર્મક ક્રિયાપદોમાં ક્રિયાપદ કર્મ સહિત વિધેય થાય છે. આ ઉપરથી માલમ પડે છે કે વિધેયમાં ઘણા શબ્દો છે. અને એ વિધેયના વિભાગ કરીએ તો બે થઇ શકે છે. (૧) ક્રિયા અને (૨) પૂરક. તેમાં ક્રિયા તો ઝટ માલમ પડી આવે છે અને પૂરક ખોળતાં કેટલીક વખત ગુંચવાડો પડે છે, માટે અમે અત્રે તેનો સ્પષ્ટ ખુલાસો આપીએ છીએ. સકર્મક ક્રિયાપદોમાં કર્મ પૂરકમાં આવે છે. જેમકે બાળક રોટલી ખાય છે એમાં રોટલી કર્મ પૂરક છે તેમજ કર્મનો કોઇ શબ્દ ગુણ યા સંખ્યા

બતાવે તો તે પણ કર્મની સાથે પૂરકમાં બેસે છે. દ્વિકર્મક ક્રિયાપદોમાં બંને કર્મ પૂરકમાં આવે છે જેમકે ' વિદ્વાન રાજા બ્રાહ્મણોને દક્ષિણા આપે છે ' એમાં બ્રાહ્મણોને (ગૌણકર્મ) અને દક્ષિણા (પ્રધાનકર્મ) બંને પૂરકના ખાનામાં આવે છે. તેમજ ઉપર બતાવેલાં અકર્મક ક્રિયાપદો 'બનવું', થવું', હોવું',' દેખાવાવું', જણાવવું' નીવડવું'. રહેવું" વગેરેની સાથે ક્રિયાપૂર્ણ કરનાર શબ્દો આવે તો તે પણ પૂરકના ખાનામાં આવે છે એ પૂરક શબ્દો નામ, વિશેષણ અને ક્રિયા વિશેષણ વગેરે હોય છે. કેટલીક વખતે શિષ્યો પૂરકને વિધય વર્ધક અને વિધેય વર્ધકને પૂરક કહેછે. તો તેને માટે નીચેનું ખીસ્સા સૂત્ર યાદ કરવું. પૂરક શબ્દને વાકયમાંથી કાઢી લઇ વાકય બોલીએ તો ક્રિયા પૂરેપૂરી સમજાતી નથી. અને વિધેયવર્ધક શબ્દને કાઢી લઇ વાકય બોલવાથી ક્રિયા બરાબર સમજાય છે, કારણ કે વિધેય વર્ધક શબ્દ તો ક્રિયાને માત્ર વધારે નિશ્ચિત અથવા મુકરર કરવા માટેજ મૂકવા પડે છે અને પૂરક શબ્દ તો ક્રિયા પૂરેપૂરી સમજવા માટે મૂકવાજ પડે છે અને જો ન મૂકીએ તો ક્રિયા પૂરેપૂરી સમજાય નહિ. માટે ઉપરનું ખીસ્સા સૂત્ર યાદ કરવાથી પૂરક કોણ? અને વિધેય કોણ છે તે તુરતજ જડી આવશે. જેમ કે તે આજે મૂર્ખ જણાયો' એમાં 'મૂર્ખ' શબ્દ પૂરક છે અને 'આજે' વિધેય વર્ધક છે. એ વાકયમાંથી મૂર્ખ શબ્દ કાઢી લઇ ' તે આજે જણાયો ' એવું વાકય બોલીએ તો ક્રિયા પૂરેપૂરી સમજાતીજ નથી અને 'આજ' શબ્દ કાઢી લઈ 'તે મૂર્ખ જણાયો ' એવું વાકય બોલીએ તો ક્રિયા પૂરેપૂરી સમજાય છે. માત્ર નિશ્ચિતપણાનીજ ખોટ રહે છે. એજ પ્રમાણે દરેક વાકયોમાં સમજવું. માત્ર આજ નિયમ ઉપર આધાર રાખી અમોએ પૂરક શબ્દો

ઓળખવા માટે ઉપર જે શાસ્ત્રીય નિયમો આપ્યા છે તેને અળગા મૂકવા ઉચિત નથી. ખરેખર શાસ્ત્રીય નિયમોનેજ પ્રાધાન્ય આપવું.

હવે ઉદ્દેસ્ય (કર્ત્તા) અને વિધેયના વધારા વિષે વાત કરીએ. ઉદ્દેસ્ય (કર્તા) નો વધારો (૧) વિશેષણથી, (૨) પરિમાણાર્થે પહેલી વિભક્તિવાળાં નામથી (૩) સમનાર્થ નામથી અને (૪) છઠ્ઠી વિભક્તિ વાળા શબ્દોથી. 'જેમકે ડાહ્યો છોકરો જાય છે, ખંડેરાવ ગાયકવાડ બિરાજ્યા, ઘડામાં લોટો પાણી છે, રાજાનો કુંવર જાય છે એમાં છોકરાનો વધારો ' ડાહ્યો ' વિશેષણથી, ' ગાયકવાડનો ' વધારો 'ખંડેરાવ' સમાનાર્થે નામથી, પાણીનો વધારો લોટો પરિમાણાર્થે પહેલી વિભક્તિ વાળા નામથી અને કુંવરનો વધારો રાજાનો' છઠ્ઠી વિભક્તિ વાળા નામથી થયો છે. વળી ઉદ્દેસ્યનો (કર્તાનો) વધારો એક કરતાં વધારે વિશેષણથી, એકથી વધારે સમાનાર્થે નામથી, સંબંધ દર્શક શબ્દ સમુદાયથી, એક અથવા વધારે કૃદંત વડે બનેલા શબ્દ સમુદાય થી પણ થાય છે. જેમકે એક કરતાં વધારે વિશેષણથી ' ઘરડા, અજ્ઞાન, વહેમી અને જીદ્દી ' માણસો સુધારાની સામે હોય છે, એક કરતાં વધારે સમાનાર્થે નામથી અમે 'રમણિક અને કાન્તા સુરત શહેરનાં રહેવાસી' દુઃખને લીધે આજે આત્મઘાત કરીએછીએ, સંબંધ દર્શક શબ્દ સમુદાયથી 'એક શીખ વેપારીની હિંમતનો દાખલો, બહાર પડયો છે, એક અથવા વધારે કૃદંત વડે બનેલા શબ્દ સમુદાયથી મુંબાઇથી નીકળેલી ટ્રેન હજુ આવી નથી, દશ બરસ સુધી કાશીમાં ભણેલો માણસ સભા જીત્યો. વળી ઉપર કહેલી રીતોમાંથી ગમે એટલી રીતો વડે એકી વખતે ઉદ્દેસ્ય (કર્તા) નો વધારો કરવામાં આવે છે. જેમકે શૂરો, પરાક્રમી, વિદ્વાન, ડાહ્યો, રાજ વિદ્યામાં

કુશળ, રૈયતનું ભલું ઇચ્છનાર, અને હિંદુસ્તાનનો મોટો પ્રતાપી રાજા અકબર સોળમા સૈકામાં થયો.

વિધેયનો વધારો ક્રિયા વિશેષણ અને ક્રિયા વિશેષણના અર્થમાં વપરાતા શબ્દો વડે થાય છે; જેમ—

તે **બહાદુરીથી** લઢ્યો (રીતિ)

તેણે **સારી રીતે** કામ કર્યું (રીતિ)


રાજા **શિકારને વાસ્તે** ફરે છે (કારણ)

ઉભો ઉભો વગાડે કાન (રીતિ)

તે **હરઘડીએ** ખાવાનું માગે છે (કાળ)

મરેઠાઓ **પાણીપતની લઢાઈમાં** હાર્યા (સ્થળ)

ઘણા વરસ સુધી તે રખડતો ફર્યો (કાળ)



શ્રી

વાક્ય પૃથક્કરણ.

	વાક્ય.	ઉદ્દેશ્યપક્ષ.		વિધેયપક્ષ.		
		ઉદ્દેશ્ય.	ઉદ્દેશ્યનો વધારો	વિધેય.		વિધેયનો વધારો.
				ક્રિયાપદ	પૂરક.	
૧	ડાહ્યો છોકરો ઉન્હી રોટલી આજે ખાયછે.	છોકરો	ડાહ્યો	ખાય છે.	ઉન્હી રોટલી	આજે
૨	પેલી કુંભારજા સ્ત્રિએ મને કાલે ગાળો દીધી.	સ્ત્રીએ	(૧) પેલી (૨)કુંભારજા	દીધી	(૧)ગાળો (૨) મને	કાલે
૩	તે આજ સુધી કાશીમાં રહીને ઘણાં શાસ્ત્રો ભણ્યો.	તે		ભણ્યો	ઘણાં શાસ્ત્રો	(૧) આજ સુધી(૨)કાશીમાંરહીને
૪	ગાંડાઓ હંમેશાં બકે છે.	ગાંડાઓ		બકે છે	•	હંમેશાં
૫	મૂર્ખ છોકરાઓને ભણવું કઠણ લાગે છે.	ભણવું		લાગે છે	૧)કઠણ ૨)મૂર્ખ છોકરાઓને	
૬	સવારમાં ઊઠીને	સવારમાંઊ		છે	જરૂરની	

	મહેનત કરવી જરૂર-ની છે.	ઠીને મહેનતકરવી					
૭	ધરડા, અજ્ઞાન, વહેમી અને હઠીલા માણસો હંમેશાં સુધારાની સામે હોય છે.	માણુસો	(૧) ઘરડા (૨) અજ્ઞાન (૩)વહેમી (૪) હઠીલા	એક કરતાં વધારે વિશેષણુથી	હોય છે	સુધારાની સામે	હંમેશાં
૮	મોતીલાલ મહેતાજી સ્કૂલમાં ગયા	મહેતાજી	મોતીલાલ		ગયા		સ્કૂલમાં
૯	અમે રમણિકઅને કાન્તા ભરૂચ શહેરનાં રહેવાસી મહોત્પાતને લીધે આજે આત્મઘાત કરીએછીએ.	અમે	(૧)રમણિક અને કાન્તા(૨)ભરૂચ શહેરનાં રહેવાસી	એક કરતાં વધારેસમાનાર્થનામથી	કરીએછીએ	આત્મઘાત	(૧) મહોત્પાતને લીધે (૨)આજે
૧૦	વડોદરાના રાજાએ પોતાના રાજ્યમાં હાલ ફરજીયાત કેળવણી કરી છે	રાજાએ	વડોદરાના		કરી છે	ફરજીયાત કેળવણી	(૧) પોતાના રાજ્યમાં (૨) હાલ
૧૧	અમદાવાદમાં ઔદીચનું, શ્રાવકનું, કણબીનું, અને નાગરોનું જોર બહુ છે.	જોર	(૧)ઔદીચનું (૨) શ્રાવકનું (૩) કણુબીનું(૪) નાગરોનું	એક કરતાં વધારે ષષ્ઠી વિભક્તિવાળા શબ્દોથી	છે	બહુ	અમદાવાદમાં

૧૨	ભણેલા ગણેલા અને સુધરેલા માણસો વખણાય છે.	માણસો	(૧) ભણેલા (૨) ગણેલા (૩) સુધરેલા) એક કરતા વધારે કૃદંતથી	વખણાય છે.	૦	૦
૧૩	દશ વરસ સુધી કાશીમાં ભણેલો માણસ સભા જીત્યો.	માણસ	દશ વરસ સુધી કાશીમાં ભણેલો (કૃદંતથી બનેલા શબ્દ સમુદાયથી)	જીત્યો	સભા	૦
૧૪	મુંબાઇથી નીકળેલી ગાડી હજુ આવી નથી	ગાડી	મુંબાઇથી નીકળેલી (કૃદંતથી બનેલા શબ્દ સમુદાયથી)	આવી નથી	૦	હજુ
૧૫	શૂરો, પરાક્રમી વિદ્વાન, ડાહ્યો, રાજવિદ્યામાં કુશળ, રૈયતનું ભલું ઇચ્છનાર, અને હિંદુસ્તાનનો મોટો પ્રતાપી રાજા અકબર સોળમા સૈકામાં થયો.	અકબર	શૂરો......રાજા	થયો	૦	સોળમા સૈકામાં

ડિકટેશનનાં અઘરા શબ્દો.

દહ	અસ્વચ્છ	ધૈર્ય	સંતોષ	વસંતઋતુ
અવશ્ય	શ્વાસ	કિનારો	મિષ્ટાન્ન	સિક્કાઓ
બુદ્ધિ	મુખ્ય	નિશાની	ખૂબ	મણિરાય
સ્નાયુઓ		કાર્બોનિકએસિડ		નુકસાન
સંક્ષિપ્ત	નિયમ	શૂરવીરપણું	ખુશમિજાજ	ચંદ્રગુપ્ત
વિદ્વાન	વનસ્પતિ	શ્રદ્ધા	સૂર્યોદય	સેલ્યુકસ
પ્રયત્ન	ગુરૂભક્તિ	પ્રાતઃકાળ	મેગેસ્થિનીસ	
°કુસ્તી	વિદ્યાર્થી	સુસ્ત	રીતરિવાજ	
ક્રિકેટ	નિરંતર	શિષ્યવર્ગ	નિરાંતે	વ્યવસ્થા
સુસ્તી	હાનિકારક	શ્રીકૃષ્ણ	શ્રમ	વિશ્વાસુ
અતિશય	નૈટ્રોજન	સાંદીપનિ	અન્ન	હુન્નર
ઇંદ્રિયો	ઓક્સિજન	બ્રાહ્મણ	શક્તિ	અધિકારી
બ્રહ્મચર્ય	શુદ્ધ	ઋષિ	દ્રાવિડ	વિગતવાર
ઉત્તમ	કુદરત	દોસ્તી	ધર્મશાસ્ત્ર	ભવિષ્ય
સિવાય	પરિણામ	ગુરૂપત્ની	ગ્રંથો	મૃગચર્મ
દ્વેષ	સૂવા	મિત્રો	પરમાત્મા	ભારગચ્છી
નિશ્ચય	દુખવા	સૂર્ય	શિવ	જ્ઞાતિ
ઉમર	શ્વાસ	સુરજ	વિષ્ણુ	વિનોદરાય

દુર્ગુણો તંદુરસ્તી અસ્ત ઇષ્ટ કાંતિ
મૂર્ખાઇ કૃપાળુ દિશા પ્રાત ઋગ્વેદ
અનીતિ પરમેશ્વર વિશેષ કીર્તિ વસિષ્ઠ
આયુષ્ય અંગ્રેજો હંમેશાં સંન્યાસી ઉગ્ર
સમયસૂચકતા ભોંયરામાં એકનિષ્ઠા સ્વર્ગ
ભુજંગ મૃત્યુ અશ્વિનીકુમાર પૃથ્વી
અકસ્માત સિદ્ધ પ્રસંગ ઇ.સ. પૂર્વે ભૂશિર
અણધાર્યું પૂરતાં કર્તવ્ય સ્થિતિ બ્રહ્મદેશ
હીંમત દિવાલ અભિમાન ગૌતમબુદ્ધ બ્રાહ્મણ
પ્રખ્યાત ખુલ્લી અમૂલ્ય શ્વેતાંબર છુટ્ટા
ચિત્રામણ ચોક્ખી પહોંચતાં દિગંબર
ભુકેભુકા બૂમ સ્વસ્થ સૂઝી ગૃહસ્થ
ધુરધુર ચૈત્યો સ્થિર કૈકેયી યુદ્ધ
પૈડું હાનિ કોકેન જવાંમર્દ આયર્લાંડ
દિવસ સિતેર પ્રાર્થના સર્વશક્તિમાનસહીસલામત
ધુમાડા પુષ્કળ સ્વચ્છંદી સદાશિવપંત દક્ષિણી
સંયમ ઊઠવાનો સ્મરણ નાસ્તો જરૂરિઆત
નીતિ વિના ઊંઘે છે પ્રભુ પરીક્ષા
કુર્તી તીર્થંકર અહિંસા સિદ્ધાંત તુર્કસ્તાન
મહંમદ પેગંબર સુન્ની જરતોરત ખ્રિસ્તી
સ્તુતિ સુન્ની પોર્ટુગીઝ
ઇસુખ્રીસ્ત પ્રોટેસ્ટંટ રોમનકેથોલિક ગ્રીક ભૂત

વાહણું	નિર્મળી	અગ્રત	ભૂકી	પુઈના
સ્વર	મણિ	મુલતવી	મુશકેલ	નિબંધ
પ્રસિદ્ધ	ખૂબ સુરત	ફરિઆદ	અદ્ભુત	ધેડી
હથિઆર		નિર્ધન	સ્તબ્ધ.	વિચિત્ર
પરિણામ	શિખામણ	સટ્ટા	નિંદવા	મિથ્યાભિમાન
પરતંત્ર	પ્રિય	ઉત્સાહ	વર્તણુક	વિગત
ધર્મિષ્ઠ	સૂર્યના	પ્રીતિ	ધૂળ	વિશાળ
આશ્ચર્ય	ક્ષત્રિય	વૈશ્ય	વિધિ	રસિક
વિવાહ	ધર્મક્રિયા	પ્રાચીન	કાળિદાસ	મૂર્ખ
સ્ટેશન	વિહાર	ટાર્ગી	મૂર્તિ	ચૈત્ય
ક્રૂર	સ્ત્રી પુરૂષ	ધાતુગર્ભ	ભિક્ષુ	ક્ષણભંગુર
વૃત્તિઓ	નિર્વાણ	સેંકડો	તૂટી	પશ્ચિમ
પ્રાચીન	હસ્તિનાપુર		તુંગભદ્રા	કાઠિઆવાડ
		સ્વામીનારાયણ	સંપ્રદાય	વિલાયત
ફાર્બસ	કવિતા	હિતેચ્છુ	સત્યવાદી	દક્ષિણા
વિશ્વામિત્ર	સર્વસ્વ	અતિ	પતિ	ક્ષત્રિયાણી
આગ્રહ	નિંદી	અગ્નિ	પ્રસન્ન	અફગાની
આદિત્યેશ્વર		સ્થાન	સ્થિર	દૂર
શાંતિ		સદાવ્રત		વારિ
ભિલોતરી		મૃગલાં	નિર્ભય	બુદ્ધી
અલૌકિક	આર્યપુત્ર	મૃગચર્મ	મુક્તિ	પર્ણકુટી
હૃદય	હરિઆળી વૃક્ષ		દુષ્ટ	શિઆળ

વિકરાળ ? આશીર્વાદ ભુગડાંભજતાં અવસ્થા નાસ્તિકપણું
નિરંતર " બ્રહ્માંડ વિશ્વ વિસારે ભૂસ્તર વિદ્યા
વિદ્વાન ગુમાસ્તા હુકમ નિરાશ ઇસ્પિતાલ
ધર્માજ્ઞા કર્મ કીર્તિ અફગાનિસ્તાન
એશિઆમાઇનર ખ્રિસ્તી દરિઆઇ આફ્રિકા
ભૂશિર લિસ્બન પોર્ટુગલ મોઝાંબિક મોંબાસા
સિંહલદ્વીપ મોલ્યુકા સમૃદ્ધિ
સુમાત્રા પૂર્ણ માહીતી સપ્ટેંબર પ્રવેશ
બસેંકુ માર્કિવસ વુસ્ટર જેમ્સવોટ બુદ્ધિશાળી
ગણિતશાસ્ત્ર ઇસ્વીસનં ધૂમકેતુ ન્યુટન
જ્યોર્જસ્ટીવન્સ ઇંજનેર અપૂર્વ એંજીન
નિર્ભય વિશ્વાસ ઇંગ્લાંડ આટલાંટિક નિર્ધન
ભાષા કવિતા સંસ્કૃત રસિક શિષ્યો
દ્રૌપદીહરણ વિવાહ લક્ષ્મણાહરણ સુભદ્રાહરણ
સુધન્વાખ્યાન પ્રીતિ કવિત્વશક્તિ સ્તુતિ
સ્વર્ગવાસ શીઘ્ર શશિહીન ધાર્મિક ઓદ્ધો
દમાસ્કસ પ્રપૌત્ર મુહંમદ ખલિફાત
ઇનસાફી મુરબ્બી નામાંકિત ખૂબસુરત દિનાર
ધર્માધ્યક્ષ શ્લોક પંડિત પુસ્તકાલય
સંગ્રહસ્થાનો ઇસ્પિતાલો કિલ્લાઓ પૂલો
વેનિસ નિહાળવાથી મિઠાશ
દ્વેષી કુટ પ્રફુલ્લતા સ્વાર્થ કૃત્ય

ધિક્કાર વિશેષ
ભષ્ણુ કરિઆણું
આશ્વિન સૂદ ૨૫ ... સ્ફાટક
અષ્ટપુણ્ય કીર્તિસ્તંભ સૂર્યોદય સ્નાન
વાલ્મિક ઋષિ સ્નેહ સુગ્રીવ વિષ્ટિ
તિરસ્કાર વિભીષણ યુદ્ધ ઇંદ્રજીત કુંભકર્ણ
ગર્ભવંતી અશ્વમેધ પતિપત્ની હસ્તિનાપુર ધૃતરાષ્ટ્ર
યુધિષ્ઠિર નિષ્ફળ દ્રૌપદી સ્વયંવર મચ્છવેધ
ઇંદ્રપ્રસ્થ રાજસૂયયજ્ઞ શકુનિ ગુપ્ત દ્રોણાચાર્ય
ભીષ્મપિતામહ રૂધિર હિમાલય વર્ણાશ્રમ
સ્વરૂપ વિષયો ભિન્નભિન્ન જ્ઞાનતંતુ ગતિ
શ્રમ હૃદય ત્વરા શ્વાસોચ્છ્વાસ ક્રિયા
પુષ્ટી નિયમિત ફરિઆદ સ્વપ્નાં નિરૂદ્યમી
નિસ્તેજ શિક્ષણ ધર્મગ્રંથો શ્લોક કલ્યાણ
શિક્ષણ પુસ્તકશાળા વિદ્યાલય લોકહિત
વૃત્તિ વરેમાગું આત્રેયી ફળફૂલ દંડકારણ્ય
અગત્ય સંસ્કાર
સુભિંબ ગ્રહણ વજ્રપાત ઋષ્યશૃંગ ધિક્કાર
મૂર્તિ કઠણ ચિત્ત વિક્રમ શાલિવા
છુટ્ટા શેષનાગ ઇસુખ્રિસ્ત જૂન અણુઅક્ષર
વિવેક યઝદેજરદી જવાંમર્દ પરિણામે રસ્ટ
ત્યો પુરેપુરૂં ઓગાડ આશ્રય કીર્તિ

ઉદ્યમકર્મસંવાદ

વિદ્વાન

ભાષા શિક્ષા સ્નેહી નોંધ્યા છે

પ્રતિષ્ઠા પંડિત વિદ્યાભ્યાસ શ્લોક સ્મશાન

સંભાષણ વિવાદ દીર્ઘસૂત્રી ક્રૂર

દસ્યુ દ્રાવિડો અગસ્ત્ય ઋષિઓ બળિદાન

ભૂત પિશાચ વિશ્વાસુ અનુકૂળ

શૂદ્ર નિયમ ક્ષત્રિય પરિચય આસ્તિકપણું

શૌર્ય સ્થિરપણું વર્ણવ્યવસ્થા દરિદ્રી મિથ્યાભિમાની

નહુષ અમૂલ્ય બ્રાહ્મણ શાસ્ત્રકારો

બ્રહ્મચર્યાશ્રમ ગૃહસ્થાશ્રમ વાનપ્રસ્થાશ્રમ

સંન્યાસાશ્રમ ભવિષ્યની વિદ્યાર્થી ભિક્ષા

નિંદા અતિથિ શ્રેષ્ઠ વલ્કલ નિર્વાહ

સહિત ચિત્ત વ્યવસ્થા ગૌતમબુદ્ધ હિમાલય

કપિલવસ્તુ હૃદય મૂર્તિઓ દેહકષ્ટ નિર્વાણ

પૂર્વદિશા પશ્ચિમ ધર્માચાર્યો ઇત્યાદિ નાભિ

ઋષભદેવજી આદિ આદિનાથ

ઈશ્વર પ્રસિદ્ધ ચરિત્ર હેમચંદ્ર ધર્મોપદેશક

રાજ વિનીત સેનાપતિ યુક્તિ સૂચના

વૃક્ષ અગ્નિ ઉત્પન્ન ભૂત કુંભસ્થળ

ને લિપિ ધનુર્વિદ્યા ઋતુ વિલાસ

ધિક્કાર હિત યતિ અગ્નિ